
'આનંદઘન ચોવીસી'



# શ્રી જ્ઞાનવિમલસૂરિ

કૃત

# સ્તબક

સંપાદક

કુમારપાળ દેસાઈ

'આનંદઘન બાવીસી' પર

# શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક

સંપાદક

ડૉ. કુમારપાળ દેસાઈ

ર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ
શેઠ ાવલાલ મૂલચંદ જૈન ઉપાશ્રય
ઓ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૦૭
તરફથી સાદર ભેટ

૮૯૧.૪૭૦૭ દેસાઈ, કુમારપાળ
દેસાઈ જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક
અમદાવાદ, કૌશલ પ્રકાશન, ૧૯૮૦
૧૯૬ પૃ.

પ્રથમ આવૃત્તિ
જુલાઈ, ૧૯૮૦
કિંમત : ૧૫-૦૦

**પ્રકાશક**
કૌશલ પ્રકાશન
૧૩ બી, ચંદ્રનગર સોસાયટી, જયભિખ્ખુ માર્ગ,
અમદાવાદ-૩૮૦ ૦૦૭.

**મુદ્રક**
નરેન્દ્ર જે. સોની
દિલુ પ્રિન્ટરી
૨૬, સત્યમ્ સોસાયટી, રંગીલા ગેટની પાછળ, શાહપુર, અમદાવાદ.

# પ્રાસ્તાવિક

શ્રી કુમારપાળ દેસાઈને આપણે મોટે ભાગે 'ગુજરાત સમાચાર'ના 'ઈંટ–ઇમારત', 'જાણ્યું–અજાણ્યું' કે 'રમતજગત'ના લેખક તરીકે અને જીવન-ઘડતરમાં ઉપયોગી બાળ-વૃદ્ધોને માટેનાં પુસ્તકોનાં લેખક તરીકે તો જાણીએ જ છીએ. આ પ્રકારના સાહિત્યમાં તેમણે ઘણી નામના નાની ઉંમરે મેળવી છે, પણ તેમના સંશોધનના રસને જાણનારા ઓછા હશે. મને તો એનું જ આશ્ચર્ય છે કે મહાવિદ્યાલયના અધ્યાપન ઉપરાંત, છાપાના કટાર-લેખકને વળી સંશોધનનો રસ ક્યાંથી જાગ્યો અને એ માટેનો લેખક અને અધ્યાપકના વ્યવસાયમાંથી તેમણે સંશોધનક્ષેત્રે કાંઈક કરી છૂટવાનો સમય ક્યાંથી કાઢ્યો ? પ્રસ્તુત પુસ્તકના સંપાદન પૂર્વે તેમણે આનંદઘનના આમાં છાપેલા સ્તવનો વિષે સંશોધન કરીને અનેક ઉપલબ્ધ હસ્તપ્રતો મેળવીને પ્રશિષ્ટ વાચના આપણને આપી છે અને યોગી આનંદઘનનો પરિચય પણ આપ્યો છે. તે તો તેમનો Ph.D. માટેનો મહાનિબંધ હતો. તેમાં તેમણે કરેલ પરિશ્રમનો હું સાક્ષી છું અને મેં જોયું છે કે પ્રાચીન ગુજરાતના સંશોધનક્ષેત્રે વિરલ વ્યક્તિઓ જ જ્યારે કામ કરે છે ત્યારે શ્રી કુમારપાળ જેવા આ ક્ષેત્રમાં પણ પોતાની શક્તિ અજમાવવા તૈયાર થયા છે તે મારે મન એ ક્ષેત્રમાં રસ લેનાર માટે પ્રેરક બને એવું છે. જ્યારે તેઓ આનંદઘન વિષે મહાનિબંધ તૈયાર કરી રહ્યા હતા ત્યારે અહીં મુદ્રિત ટબા વિષે એક પ્રશિષ્ટ વાચનાની આવશ્યકતા તેમને જણાઈ હતી અને આનંદનો વિષય છે કે તેમણે એ કામ પણ પૂરું કર્યું. વળી જે અને જેટલા પરિશ્રમની આમાં આવશ્યકતા હતી તે તેમણે કર્યો છે અને આપણને આનંદઘનનાં સ્તવનોના ટબાની પ્રશિષ્ટ

વાચના આપવા પ્રયત્ન કર્યો છે એટલું જ નહિ પણ તેમાં સફળ પણ થયા છે.

મહાવિદ્યાલયોમાં પ્રાચીન ગુજરાતીના અધ્યયનની જોગવાઈ છે પણ છેલ્લા કેટલાંક વર્ષોથી જૂની ગુજરાતીમાં ઊંડા ઊતરવા મથતા અધ્યેતાઓની કમી વરતાઈ રહી છે તે ટાણે શ્રી કુમારપાળ જેવા એ ક્ષેત્રમાં પ્રવેશે તે અભિનંદનીય બની જાય છે એમ મારું માનવું છે.

કુમારિલ નામના મીમાંસકદર્શનના ટીકાકારે મીમાંસા દર્શનના અમુક અંશની ટીકાનું નામ 'ટુપ્ટીકા' એવું આપ્યું છે અને તેમાં અતિ સંક્ષેપમાં એ ટાકા રચવામાં આવી છે. એ પૂર્વે પણ આવી અતિ સંક્ષિપ્ત ટીકા રચવાનો પ્રયાસ થયો હતો જ. અનેક લેખકો—જેવા કે ભર્તૃહરિ, વસુબંધુ, દિઙ્‌નાગ, ઉમાસ્વાતિ જેવાઓએ પોતાના ગ્રંથોની અતિ સંક્ષિપ્ત ટીકાઓ લખી હતી. દર્શનગ્રંથોમાં જે ભાષ્યો લખાયા છે તે તેના પ્રાથમિકકાળમાં તો ટૂંકી ટીકાઓ જ હતી. કાવ્યોની જે ટીકાઓ લખાઈ છે તે પણ અતિ સંક્ષિપ્ત ટીકાઓ જ છે જેમાં માત્ર મૂળનો ભાવ સ્પષ્ટ કરવાનો જ વિશેષ પ્રયત્ન છે. લાંબી ચર્ચાને તેમાં અવકાશ નથી. જૈન આગમોમાં પ્રાકૃતમાં ચૂર્ણિઓ લખાઈ તે તેના નામને અનુરૂપ મોટે ભાગે છે. એની જ પરંપરામાં પ્રાચીન ગુજરાતીમાં જે સંસ્કૃત–પ્રાકૃત ગ્રંથોની ટીકાઓ લખાઈ તેને સ્તબક કે ટબો એવું વિશેષ નામ આપવામાં આવ્યું છે, કેટલીક વાર તેને વાર્તિક પણ કહ્યું છે. પણ મુખ્ય લક્ષણ એનું એ જ છે કે મૂળના શબ્દોનો સાદી ભાષામાં અર્થ કરી આપવો અને વક્તવ્યને સ્પષ્ટ કરવું. આમાં સંસ્કૃત–પ્રાકૃતની અન્ય ટીકાઓ કે વૃત્તિઓની જેમ વિસ્તૃત ચર્ચાને અવકાશ નથી જ.

આ ટબાઓની જે પ્રતો મળે છે તેમાં પણ તેના લખાણની એક વિશેષ પદ્ધતિ જોવા મળે છે. મોટા અક્ષરોમાં મૂળને છૂટી છૂટી પંક્તિઓમાં લખીને મૂળ ઉપરની ખાલી જગ્યામાં તે તે

શબ્દની ઉપર જ તેનું વિવરણ મૂળના અક્ષરોથી નાના અક્ષરોમાં લખવામાં આવે છે અને તે એકથી વધારે પંક્તિમાં પણ હોય છે તેથી તેનું સ્તબક=ગુચ્છ એવું નામ યથાર્થ છે અને એ સ્તબક શબ્દનું જ ગુજરાતી રૂપાંતર 'ટબો' એમ છે. આવા ટબા જૈન આગમોના જ છે એમ નથી, અનેક જૈન પ્રકરણગ્રન્થો, કથાગ્રન્થો આદિના પણ ઉપલબ્ધ છે અને આ ટબાઓના સંપાદનમાં અનેક સંપાદકોને અવકાશ છે. તરુણપ્રભનો ષડાવશ્યકનો ટબો વિક્રમ સંવત ૧૪૧૧ માં લખાયો છે અને તેની પ્રશિષ્ટ વાચના ડૉ. પ્રબોધ પંડિતે અનેક વર્ષોનો પરિશ્રમ કરી આપી છે અને આવા અનેક મહત્ત્વના ટબાઓ પ્રકાશિત થાય તો ગુજરાતી ભાષાનો કડીબદ્ધ ઇતિહાસ આપણને સુલભ થાય તેમ છે. અમદાવાદમાં ડૉ. ભાયાણી છે. તેમના માર્ગદર્શનનો લાભ લઈ આ ક્ષેત્રે અનેક વિદ્વાનો પોતાનો સમય આપે તો ગુજરાતી ભાષાની અપૂર્વ સેવા થાય. અહીં એ યાદ આપવું જરૂરી છે કે ગુજરાતી જ એવી ભારતની ભાષા છે જેના વિકાસનો કડીબદ્ધ ઇતિહાસ તૈયાર કરી શકાય તેવી સામગ્રી ઉપલબ્ધ છે. આથી મારી તો શ્રી કુમારપાળભાઈને વિનંતી જ છે કે જ્યારે તમે આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો જ છે તો તમારું હીર બતાવી આપો અને અન્યને પણ પ્રેરક બનો.

પ્રસ્તુતમાં ટબામાં વપરાયેલા કેટલાક શબ્દોની સૂચિ અર્થ સાથે આપવામાં આવી છે અને ઉપોદ્‌ઘાતમાં જ્ઞાનવિમલ તથા તેમણે વાપરેલી ભાષા વિષેની ચર્ચા પણ સંપાદકે કરી છે. આમ આ સંપાદનને સુવાચ્ય બનાવવા પૂરો પ્રયત્ન કર્યો છે.

તા. ૨૦-૭-'૮૦ —દલસુખ માલવણિયા

# આમુખ

મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય મુખ્યત્વે પદ્યમાં જ રચાયું છે અને ગદ્યમાં તો માત્ર ગણીગાંઠી કૃતિઓ જ મળે છે એવી એક માન્યતા પ્રવર્તે છે, પરંતુ મારા મહાનિબંધના અભ્યાસ દરમ્યાન એવી સેંકડો હસ્તપ્રતો ગદ્યમાં લખાયેલી જોવા મળી કે જે હજી પ્રકાશમાં આવી નથી. અંગ્રેજી ભાષા અને એની લઢણના સહેજ પણ સ્પર્શ વિનાનું મધ્યકાલીન ગદ્ય એની આગવી છટા અને વિલક્ષણતાઓ ધરાવે છે. આ ગદ્યસાહિત્યનો વિપુલ જથ્થો સંશોધનની રાહ જોતો ગ્રંથભંડારોમાં પડેલો છે. તેમાંથી નાનકડા આચમનરૂપે જ્ઞાનવિમલસૂરિ રચિત સ્તબકનું આ સંપાદન પ્રગટ થાય છે.

અહીં સ્તબક એના મૂળસ્વરૂપમાં યથાતથ મૂકેલ છે. સ્તબકકારની સમયની દૃષ્ટિએ સૌથી વધુ નજીક એવી વિ. સં. ૧૭૬૯ની હસ્તપ્રત લા. દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિરમાંથી પ્રાપ્ત થઈ છે. તેને અધિકૃત પાઠ તરીકે સ્વીકારીને આ સંપાદન કરેલું છે. પ્રારંભમાં સ્તબકકારનો પરિચય, સ્તબકની વિશેષતા, પ્રતિનો પરિચય તેમ જ એની ભાષાભૂમિકા વિશે છણાવટ કરી છે, જ્યારે અંતે આ સ્તબકમાં પ્રયોજાયેલ શબ્દોના અર્થ તેમ જ જુદા જુદા ધર્મની પરિભાષાઓની સમજાવટ પણ સાથેસાથ આપી છે. જે શાસ્ત્રો અને શાસ્ત્રકારોનો સ્તબકમાં ઉલ્લેખ છે એમનો પણ સંક્ષિપ્ત પરિચય આપ્યો છે.

આ પુસ્તકના પ્રકાશનમાં શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળાની ઉદાર આર્થિક સહાયનું કૃતજ્ઞતાથી સ્મરણ કરું છું.

આશા છે કે આ ક્ષેત્રના વિસ્તૃત અભ્યાસના આયોજનના અંગરૂપ આ નાનકડો પ્રયાસ જિજ્ઞાસુઓને ઉપયોગી થશે.

૧ મે, ૧૯૮૦. —કુમારપાળ દેસાઈ

☐ અર્પણ

☐ પ્રજ્ઞાચક્ષુ પં. સુખલાલજીની
પુણ્યસ્મૃતિને

# ● અનુક્રમઅનુક્રમઅનુક્રમઅનુક્રમઅનુક્રમઅનુક્રમ


| | |
|---|---|
| ૧–૧૬ | ઉપોદ્ઘાત |
| ૧૭–૧૨૯ | સ્તબક |
| ૧૩૦–૧૮૩ | સ્તબકના શબ્દાર્થ |
| ૧૮૪–૧૮૬ | વિશેષ નામ |


☆

# ઉપોદ્‌ઘાત

મસ્ત યોગી આનંદઘનની "આનંદઘન બાવીસી" અધ્યાત્મ-સાધનાનાં ઉત્તરોત્તર સોપાનો બતાવતી એક વિશિષ્ટ અને વિરલ કૃતિ છે. એમાં ગંભીર તત્ત્વજ્ઞાન અને આત્મસિદ્ધિની સ્થાપનાના પુરુષાર્થનો ક્રમબદ્ધ આલેખ મળે છે. આથી જ તત્ત્વચિંતકો અને એમાંય જૈન-દર્શનના વિચારકો માટે "આનંદઘન બાવીસી" એ ચિંતનની મહામૂલી સામગ્રી બની રહી છે. ભિન્ન ભિન્ન સમયમાં ભિન્ન ભિન્ન ચિંતકોએ આના પર ગહન વિચારણા કરેલી છે અને ઊંડા આધ્યાત્મિક અર્થને સ્ફુટ કરતાં સ્તબકો કે વિવેચનોની રચના કરી છે.

"આનંદઘન બાવીસી"ના રચનાકાળ પછી ચારેક દાયકામાં જ તપાગચ્છના આચાર્ય શ્રી જ્ઞાનવિમલસૂરિએ વિ. સં. ૧૭૬૯માં એના પર સ્તબકની રચના કરી. શ્રી જ્ઞાનસાર જેવાએ વિ. સં. ૧૮૬૬માં વધુ વિસ્તારથી એના ગહન અર્થો સ્ફુટ કર્યા. એ પછી છેક આધુનિક સમયમાં શ્રી પ્રભુદાસ બહેચરદાસ પારેખ, શ્રી મોતીચંદ કાપડિયા અને શ્રીમદ્‌ રાજચંદ્ર જેવા અધ્યાત્મવિચારકોએ આનું વિસ્તૃત વિવરણ કર્યું.

આ સ્તબક એટલે શું? ગુજરાતીમાં ટીકાઓ લખવા માટે ટબો (સ્તબક), બાલાવબોધ, વાર્તિક, અક્ષરાર્થ અને ભાષાટીકા જેવા પ્રકારો મળે છે. આ સ્તબક અર્થાત્‌ ટબામાં અન્વયની પદ્ધતિએ શ્લોકાર્થ આપવામાં આવે છે. મૂળ પંક્તિ અને તે પંક્તિ ઉપર નાનાં અક્ષરોમાં ગુચ્છની માફક એનો શબ્દાર્થ લખવામાં આવે છે. આથી આવી રીતે લખાયેલા શબ્દાર્થને માટે સ્તબક શબ્દ પ્રચલિત બન્યો છે. જુદી જુદી હસ્તપ્રતોમાં ટબાને માટે 'ટબો', 'ટબૂ', 'ટબંક' અને 'ટબાર્થ' જેવા શબ્દો મળે છે.

ટબો અને બાલાવબોધમાં એક તફાવત છે. ટબામાં મૂળ શબ્દની ઉપર વ્યાખ્યા આપવામાં આવે છે. જ્યારે બાલાવબોધમાં ગુજરાતી ભાષામાં સંક્ષિપ્ત વ્યાખ્યા આપવામાં આવી હોય છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે લગભગ બધા જ આગમોના ટબા લખાયા છે. કેટલાંક જાણીતા સ્તબકમાં તરુણપ્રભનો ષડાવશ્યક ટબો, પદ્મસુંદર કૃત જંબૂસ્વામિસ્વાધ્યાય ટબો, પાર્શ્વચંદ્ર કૃત ઉત્તરાધ્યયનનો ટબો, કનકસુંદર કૃત દશવૈકાલિકનો ટબો તથા કલ્પસૂત્રનો ટબો મળે છે.

## "આનંદઘન બાવીસી" પર રચાયેલાં સ્તબકો

"આનંદઘન બાવીસી" પર શ્રી જ્ઞાનવિમલસૂરિ અને શ્રી જ્ઞાનસારના સ્તબક મળે છે. જ્યારે ઉપાધ્યાય યશોવિજયજીએ એના પર સ્તબકની રચના કરી હોવાનો ઉલ્લેખ મળે છે પરંતુ એની પ્રતિ ક્યાંય પ્રાપ્ત થતી નથી.

"આનંદઘન બાવીસી" પર સૌપ્રથમ સ્તબકની રચના શ્રી જ્ઞાનવિમલસૂરિએ વિ. સં. ૧૭૬૯ના કારતક મહિનાની વદ સાતમે રાજપત્તન (રાજનગર)માં કરેલી. આ સ્તબક આજ સુધી એના મૂળ રૂપમાં પ્રસિદ્ધ થયો નથી. આ અગાઉ શ્રી મોતીચંદ ગિરધરલાલ કાપડિયાએ એમના પુસ્તક "શ્રી આનંદઘન ચોવીસી" માં આ ટબો આપ્યો છે, પરંતુ એમણે તે ઘણો સંક્ષેપમાં આપ્યો છે અને એથી ક્યાંક મૂળ અર્થને હાનિ થઈ છે. વળી શ્રી જ્ઞાનવિમલસૂરિના ટબાની ભાષા એમણે બદલી નાખી છે. તેઓ કહે છે કે એમણે "તેની ભાષાને જરૂરી વર્તમાન રૂપક આપી" પ્રગટ કરી છે. આને કારણે એમણે આપેલો ટબાનો પાઠ એ સમયના ભાષાસ્વરૂપની દૃષ્ટિએ વિશ્વસનીય ગણાય નહીં.

"આનંદઘન બાવીસી" પર વિ. સં. ૧૮૬૬માં શ્રી જ્ઞાનસારે વિસ્તૃત સ્તબક રચ્યો હતો. આ સ્તબકમાં તેઓ શ્રી જ્ઞાનવિમલસૂરિ

કરતાં વધુ તલસ્પર્શી છણાવટ કરે છે. શ્રી જ્ઞાનવિમલસૂરિના સ્તબક કરતાં શ્રી જ્ઞાનસારનો સ્તબક લગભગ ત્રણ ગણો મોટો છે. આ સ્તબકમાં શ્રી જ્ઞાનસાર વારંવાર આનંદઘનજીના ગહન અધ્યાત્મ-જ્ઞાન પ્રત્યે આદર અને અહોભાવ પ્રગટ કરે છે. તેઓ કહે છે :

"આશય આનંદઘન તણો અતિ ગંભીર ઉદાર,
બાલક બાંહ પસારિ જિમ કહે ઉદધિવિસ્તાર." ૧

શ્રી જ્ઞાનસારનો સ્તબક ગુજરાતીમાં જુદા જુદા સંશોધકોએ પ્રગટ કર્યો છે. શ્રી. મગનલાલ હઠીસિંગ શાહે પ્રસિદ્ધ કરેલી "આનંદઘનકૃત ચોવીશી : બાલાવબોધ સહિત" માં જ્ઞાનસારરચિત સ્તબક આપવામાં આવ્યો છે. ઈ. સ. ૧૯૦૨માં પ્રસિદ્ધ થયેલો ૩૦૮ પૃષ્ઠ ધરાવતો આ ગ્રંથ અમદાવાદના રાજનગર પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયેલો છે. આ પછી સંશોધક શ્રી ભીમસિંહ માણેકે "ચતુર્વિંશતિ જિનસ્તવન" માં શ્રી જ્ઞાનસારનો સ્તબક આપ્યો છે. ઈ. સ. ૧૯૦૨ માં પ્રસિદ્ધ થયેલા આ પુસ્તકમાં સ્તબકને જૂની ગુજરાતી ભાષાને બદલે "આધુનિક ગુજરાતી ભાષામાં સુધરાવી" છાપ્યો છે. એ જ રીતે શ્રી ભીમસિંહ માણેકે એમના "પ્રકરણ રત્નાકર ભાગ-૧" માં પણ આ સ્તબક આપ્યો છે. એ પછી ઈ. સ. ૧૯૫૦માં મનસુખભાઈ ઝવેરભાઈ શાહ અને મણિલાલ રતનચંદ શાહે પ્રસિદ્ધ કરેલા "આનંદઘનકૃત ચોવીશી" નામના ગ્રંથમાં જ્ઞાનસારનો સ્તબક આપ્યો છે. જો કે સ્તબકની ભાષા એના મૂળ રૂપમાં છાપી નથી.

ઉપાધ્યાય શ્રી યશોવિજયજીએ આનંદઘનજી વિષે "અષ્ટપદી" ની રચના કરી છે. એમણે "આનંદઘન બાવીસી" પર ટબાની રચના કરી હતી તેવો ઉલ્લેખ પાટણના ભંડારમાંથી પ્રાપ્ત થયેલા એક પત્રમાં મળે છે. આમાં ઉપાધ્યાય શ્રી યશોવિજયજીના ગ્રંથોની યાદી આપવામાં આવી છે. યાદીના પ્રારંભે આ પ્રમાણે નોંધ મળે છે :

"૧૭૬૭ વર્ષે કાતી શુદી ૨ દિને પત્તનમધ્યે પૂર્ણિમા પક્ષે ભ. શ્રી. મહિમાપ્રભસૂરિસત્ક ડાબડા ૬ની ટીપ.

ઉપાધ્યાય શ્રી યશોવિજયકૃતા ગ્રંથાઃ ।"

આ પત્રમાં ૪૦ કૃતિઓનાં નામ આપ્યા પછી એકતાલીસમી અને બેતાલીસમી કૃતિની નોંધ આ પ્રમાણે છે—

"देवधर्मपरीक्षा પત્ર ૧૧

"आनंदघनबावीसी टबाली' પત્ર ૩૪."

આ પત્રને ઝીણવટથી જોતાં એમ જણાય છે કે આમાં ૪૦ કૃતિઓની નોંધ એક વ્યક્તિને હાથે લખાઈ છે. જ્યારે ૪૧મી અને ૪૨મી કૃતિની નોંધના અક્ષરો અગાઉની કૃતિઓના નોંધ કરનારના અક્ષરો જેવાં નથી. ઉપાધ્યાય શ્રી યશોવિજયજીનો ટબો મળે તો આનંદઘનજી વિશે ઘણી વિગતો મળી આવે, પરંતુ આની હસ્તપ્રત ઘણા ભંડારોમાં તપાસ કરવા છતાં પ્રાપ્ત થઈ નથી.

## કર્તા પરિચય

"આનંદઘન બાવીસી" પર સ્તબક રચનાર જ્ઞાનવિમલસૂરિ સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી ભાષા પર પ્રભુત્વ ધરાવતા હતા. વિક્રમના ૧૮મા સૈકામાં થયેલા શ્રી જ્ઞાનવિમલસૂરિએ આ ત્રણે ભાષામાં વિપુલ સાહિત્યરચના કરી છે. સંસ્કૃત ભાષામાં એમણે "प्रश्नव्याकरणसूत्रवृत्तिः", "श्रीपालचरित्र" અને "संसारदावानलस्तुतिवृत्ति" જેવા ગ્રંથોની રચના કરી છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિની સંસ્કૃત ભાષાની નિપુણતાનો ખ્યાલ એમના જીવનપ્રસંગમાંથી પ્રાપ્ત થાય છે. એકવાર તપાગચ્છના આચાર્ય શ્રી વિજયપ્રભસૂરિ શ્રી શત્રુંજય મહાતીર્થમાં પધાર્યા હતા ત્યારે તેઓ તીર્થનાયક આદીશ્વર ભગવાન સમક્ષ ચૈત્યવંદન કરવા ગયા, પરંતુ એ સમયે શ્રી નયવિમલગણિ ત્યાં આવ્યા અને તાત્કાલિક

નવાં કાવ્ય રચીને સ્તુતિ કરવા લાગ્યા. એમની કવિત્વશક્તિ જોઈને આનંદિત થયેલા આચાર્યશ્રીએ શ્રી નયવિમલગણિને "આવો જ્ઞાનવિમલસૂરિ" કહીને સૂરિપદની યોગ્યતા દર્શાવી આદરપૂર્વક બોલાવ્યા. શ્રી નયવિમલગણિએ નમ્રતાથી भवत्प्रसादेन એમ કહ્યું. આ પછી આચાર્યશ્રીએ નયવિમલગણિને ચૈત્યવંદન કરવાનું કહ્યું. સામાન્ય રીતે જે સૌથી વધુ પૂજ્ય હોય તે ચૈત્યવંદન કરે તેવી પ્રણાલિકા હોવાથી અન્ય સાધુજનો ખેદ પામ્યા, પરંતુ એમને સમજાવતાં આચાર્યશ્રીએ કહ્યું કે, "ભલે મારા પદને કારણે હું પૂજ્ય ગણાઉં, પરંતુ મારામાં નયવિમલગણિ જેવું જ્ઞાન અને કવિત્વ-શક્તિ સતાંશે પણ નથી. તેઓ જ્ઞાનવૃદ્ધ છે તેથી એમને આદર આપું છું." શ્રી નયવિમલગણિએ તાત્કાલિક નવાં કાવ્યો રચીને ૪૫ કાવ્યો વડે ચૈત્યવંદન કર્યું. આ પછી નયવિમલગણિને આચાર્યપદ મળ્યું અને તેઓ જ્ઞાનવિમલસૂરિ તરીકે ઓળખાયા.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ પ્રાકૃત ભાષામાં પણ એટલી જ નિપુણતા મેળવી હતી. એમને માટે એમ કહેવાતું કે—

संस्कृतकवितायां कलिकालसर्वज्ञबिरुदधारिश्रीहेमचंद्रसूरिः
प्राकृतकवितायां तु श्रीमत्तपागच्छाचार्यविमलशाखीयश्रीज्ञानविमलसूरिः ।

શ્રી જ્ઞાનવિમલસૂરિનું પ્રાકૃત ભાષા પરનું પ્રભુત્વ એમના "नरभवदृष्टान्तोपनयमाला" માં જોવા મળે છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિએ ગુજરાતી ગદ્ય અને પદ્ય એમ બંને સ્વરૂપો અજમાવ્યાં છે. ગુજરાતી પદ્યરૂપમાં એમણે "સાધુવંદના", "નરભવદશદૃષ્ટાંતસ્વાધ્યાય", "જંબુરાસ", "બારવ્રત ગ્રહણ (ટીપ) રાસ", "તીર્થમાલા", "ચંદકેવલી રાસ", "રણસિંહ રાજર્ષિરાસ", "અશોકચંદ્ર તથા રોહિણીરાસ", "કલ્પવ્યાખ્યાન", "દિવાળી દેવવંદન", "ગણધરસ્તવરૂપ દેવવંદન", "મૌન એકાદશીનાં દેવવંદન", "કલ્યાણમંદિરસ્તોત્ર ગીતો" તેમ જ "દશવિધિ યતિધર્મ

સ્વાધ્યાય'' જેવા પદ્યગ્રંથોની રચના કરી છે. આ ઉપરાંત "પ્રાચીન સ્તવનરત્નસંગ્રહ''માં શ્રી જ્ઞાનવિમલસૂરિએ રચેલાં સ્તવનોનો સંગ્રહ મળે છે. આ સિવાય જ્ઞાનવિમલસૂરિએ સ્તવનો, સ્તુતિઓ, સજ્ઝાયો અને પદો રચેલાં છે. જ્યારે ગુજરાતી ગદ્યમાં એમણે ત્રણ ગ્રંથોની રચના કરી છે. જેમાં "દૃષ્ટિવિચારસઝાયનો બાલાવબોધ", "આનંદઘનચોવીસીસ્તબક" અને "સીમંધરજિનસ્તવન" (યશોવિજય કૃત) પર રચેલો બાલાવબોધ મળે છે.

શ્રી જ્ઞાનવિમલસૂરિરચિત પ્રાપ્ય ગ્રંથોની યાદી પ્રાચીનસ્તવનરત્નસંગ્રહ ભા-૧ "* માં આ પ્રમાણે આપી છે.

## શ્રી નયવિમલગણિની અવસ્થામાં (સૂરિપદ લીધા પહેલાં) રચેલા ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | શ્લોકસંખ્યા | | રચનાસંવત્ |
|---|---|---|---|---|
| ૧. | नरभवदृष्टान्तोपनयमाला | ૫૫૭ | | – |
| ૨. | સાધુવંદનારાસ | ૪૯૫ | | ૧૭૨૮ |
| ૩. | જંબૂસ્વામિરાસ | – | | ૧૭૩૭ |
| ૪. | નવતત્ત્વબાલાવબોધ | ૫૦૦ | | ૧૭૩૯ |
| ૫. | રણસિંહરાજર્ષિરાસ | – | (લગભગ) | ૧૭૪૦ |
| ૬. | શ્રમણસૂત્ર બાલાવબોધ | ૧૦૦૦ | | ૧૭૪૩ |
| ૭. | प्रश्नद्वात्रिंशिकास्तोत्र स्वोपज्ञबालावबोधयुक्त | ૩૦૦ | | – |
| ૮. | श्रीपालचरित्र गद्यबद्ध (संस्कृत) | ૨૦૦૦ | | ૧૭૪૫ |
| ૯. | સાડાત્રણસો ગાથાના સ્તવનનો બાલાવબોધ. | | | |
| ૧૦. | સ્તવનો, સજ્ઝાયો, પદો, સ્તુતિ વગેરે. | | | |
| ૧૧ | દશ દૃષ્ટાંતની સજ્ઝાય. | | | |

---

* પ્રાચીનસ્તવનરત્નસંગ્રહ ભાગ-૧, સંગ્રહકર્તા તથા સંશોધક : પં. મુક્તિવિમલગણિ, પ્રકાશક : શ્રી જમનાભાઈ ભગુભાઈ, અમદાવાદ વિ. સં. ૧૯૭૩, પ્રથમ આવૃત્તિ, પૃ. ૧૧.

## શ્રી જ્ઞાનવિમલસૂરિની અવસ્થામાં રચેલા ગ્રંથો

| ક્રમ | ગ્રંથનું નામ | શ્લોકસંખ્યા | રચનાસંવત્ |
|---|---|---|---|
| ૧૨. | प्रश्नव्याकरणसूत्रवृत्ति | ૭૫૦૦ | |
| ૧૩. | संसारदावानलस्तुतिवृत्ति | ૧૨૫ | |
| ૧૪. | બારવ્રતગ્રહણરાસ | | ૧૭૫૦ |
| ૧૫. | રોહિણી–અશોકચંદ્રરાસ | | ૧૭૫૦ |
| ૧૬. | દીવાળીકલ્પબાલાવબોધ | ૧૨૦૦ | ૧૭૬૩ |
| ૧૭. | આનંદઘન ચઉવીશી બાલાવબોધ | ૨૩૦૦ | ૧૭૬૯ |
| ૧૮. | ત્રણભાષ્યબાલાવબોધ | | |
| ૧૯. | અધ્યાત્મકલ્પદ્રુમબાલાવબોધ | ૮૦૦૦ | ૧૭૭૦ |
| ૨૦. | ચંદ્રકેવલીરાસ | ૭૬૦૦ | ૧૭૭૦ |
| ૨૧. | પાક્ષિકસૂત્રબાલાવબોધ | ૫૫૦૦ | ૧૭૭૩ |
| ૨૨. | યોગદષ્ટિની સજ્ઝાય બાલાવબોધ. | | |
| ૨૩. | પર્યુષણપર્વમાહાત્મ્યની સજ્ઝાય. | | |
| ૨૪. | સ્તવનો, સજ્ઝાયો, સ્તુતિ, પદો વગેરે. | | |
| ૨૫. | શ્રી શાંતિનાથનો તથા પાર્શ્વનાથનો કલશ વગેરે. | | |

શ્રી જ્ઞાનવિમલસૂરિનો જન્મ વિ. સ. ૧૬૯૪માં થયો હતો. તેઓ ગૃહસ્થાવસ્થામાં ભિન્નમાલ શહેરમાં રહેતા હતા. તેમના પિતાનું નામ વાસવ શેઠ અને માતાનું નામ કનકાવતી હતું. બાળપણમાં એમનું નામ નાથુમલ્લ હતું. માત્ર આઠ વર્ષની વયે એમણે તપાગચ્છની વિમળ શાખામાં પં. વિનયવિમલગણિના શિષ્ય પં. ધીરવિમલગણિ પાસે દીક્ષા લીધી. દીક્ષા સમયે એમનું નામ 'નયવિમલ' રાખવામાં આવ્યું. આ પછી એમણે કાવ્ય, તર્ક, ન્યાય, શાસ્ત્રાદિમાં નિપુણતા મેળવી. તેઓએ શ્રી અમૃતવિમલગણિ તથા શ્રી મેરુવિમલગણિ પાસે વિદ્યાભ્યાસ કર્યો. વિ. સં. ૧૭૨૭ મહા સુદી ૧૦ ને દિવસે મારવાડના સાદડી પાસેના ધાણેરાવ ગામમાં ઉત્સવપૂર્વક આચાર્ય વિજયપ્રભસૂરિએ એમને પંન્યાસ પદ આપ્યું. ત્યાર બાદ

વિ. સં. ૧૭૪૮ ફાગણ સુદ ૫ ને ગુરુવારના દિવસે શ્રી નયવિમલગણિને આચાર્યપદની પ્રાપ્તિ થઈ અને તેમનું નામ જ્ઞાનવિમલસૂરિ રાખવામાં આવ્યું. શ્રી જ્ઞાનવિમલસૂરિએ સૂરત, ખંભાત, રાજનગર (અમદાવાદ), પાટણ, રાધનપુર, સાદડી, ઘાણેરાવ, શિરોહી, પાલીતાણા, જૂનાગઢ વગેરે સ્થળોએ વિહાર કર્યો. એમની વિહારભૂમિ મુખ્યત્વે ગુજરાત, રાજસ્થાન અને સૌરાષ્ટ્રનો પ્રદેશ હતી. શત્રુંજય તીર્થની એમણે અનેક વખત યાત્રા કરેલી. જિનપ્રતિમાઓની સત્તર જેટલી પ્રતિષ્ઠાઓ કરાવેલી.

શ્રી જ્ઞાનવિમલસૂરિ યોગાભ્યાસમાં પ્રવીણ હતા. એવી કિંવદંતી પણ મળે છે કે પાટણના ઉપાશ્રય પાસે આવેલા એક મોટા લીમડાને સિપાઈઓ પાડતા હતા. કેટલાક લોકોએ તેમને અટકાવવા પ્રયત્ન કર્યો પણ સિપાઈઓએ કોઈને દાદ ન આપી. એમ કહેવાય છે કે આ સમયે શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ ચમત્કાર બતાવ્યો અને એ રીતે લીમડો પાડવા આવેલા સિપાઈઓને પાછા વાળ્યા.

અધ્યાત્મયોગી આનંદઘનજી વિશે શ્રી જ્ઞાનવિમલસૂરિને અત્યંત આદરભાવ હતો. આનંદઘનજીના ગહન સ્તવનોને પામવા માટે શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ સૂરતમાં સૂર્યમંડન પાર્શ્વનાથના દેરાસરમાં ૭ માસ સુધી ધ્યાન ધર્યું. એ પછી તેઓએ આનંદઘનજીનાં સ્તવનો પર સ્તબકની રચના કરી. આ સ્તબક આનંદઘનજીના દેહોત્સર્ગ પછી આશરે ચાલીસેક વર્ષના અરસામાં લખાયો છે. આ બાબત એ સૂચવે છે કે શ્રી આનંદઘનજીનાં સ્તવનો વિશે એમના સમકાલીનોમાં પણ ઉચ્ચ આદરભાવ હતો.

શ્રી જ્ઞાનવિમલસૂરિ અને આનંદઘનજીના મેળાપ વિષે કોઈ પ્રમાણભૂત વિગત સાંપડતી નથી. આ અંગે "શ્રી આનંદઘન પદ-સંગ્રહ" માં આચાર્ય શ્રીમદ્‌બુદ્ધિસાગરસૂરીશ્વરજી નોંધે છે—

"શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ શ્રી આનંદઘનજીને પૂજ્ય માની, તેમની સંગતિ કરીને અધ્યાત્મજ્ઞાન મેળવ્યું હતું. શ્રી આનંદઘનજીના અધ્યાત્મવિચારોની તેમના ઉપર સારી અસર થઈ હતી. શ્રી જ્ઞાનવિમલસૂરિજીનો શ્રી ઉપાધ્યાયજી તથા શ્રી સત્યવિજયજી સાથે પણ સારો સંબંધ હતો. અમોએ વૃદ્ધ યતિયોના મુખે સાંભળ્યું છે કે— શ્રી જ્ઞાનવિમલસૂરિ, શ્રી યશોવિજયજી ઉપાધ્યાય અને શ્રી સત્યવિજયજી એ ત્રણેએ સુરતમાં શ્રી સૂરજમંડન પાર્શ્વનાથના દેરાસરમાં ક્રિયોદ્ધારનો વિચાર કર્યો હતો અને તેમણે કાલિકાનું આરાધન કર્યું હતું. એ ત્રણની ત્રિપુટી ગણાતી હતી; ગમેતેમ હોય પણ તે સૈકામાં એ ત્રણનો પુરુષાર્થ ઘણો હતો એમ તો કહ્યા વિના ચાલે તેમ નથી. શ્રીમદ્ આનંદઘનજીનાં સ્તવનો ઉપર શ્રી જ્ઞાનવિમલસૂરિજીએ ટબો પૂર્યો છે."

જ્ઞાન અને ધ્યાનની આવી વિરલ ઉપાસના કરીને વિ. સં. ૧૭૮૨ના આસો વદી ૪ ને ગુરુવારને દિવસે ૮૯ વર્ષની વયે શ્રી જ્ઞાનવિમલસૂરિ કાળધર્મ પામ્યા. આ સમયે ખંભાતના શ્રાવકોએ સક્કરપરામાં એમની પગલાંયુક્ત દેરી કરાવી હતી તેમ જ આજે તેમનો જ્ઞાનભંડાર ખંભાતમાં ખારવાડામાં વિમલના ઉપાશ્રયમાં વિદ્યમાન છે.

## પ્રત–પરિચય

"આનંદઘન બાવીસી" પર શ્રી જ્ઞાનવિમલસૂરિએ રચેલા સ્તબકની સૌથી જૂની પ્રતિ વિ. સં. ૧૭૬૯ની મળે છે. આ પ્રતિ અમદાવાદના લાલભાઈ દલપતભાઈ સંસ્કૃતિ વિદ્યામંદિરના લા. દ. સંગ્રહમાં છે. પ્રતિના લહિયા તરીકે "પં. નાનાંસુત પં. આશાધરેણ" નું નામ મળે છે. દેવનાગરી લિપિમાં લખાયેલી આ પ્રતિનો ક્રમાંક ૭૦૫ છે. પ્રતિની સ્થિતિ સારી છે પરંતુ ૪૦ પત્રસંખ્યા ધરાવતી આ પ્રતિમાં ૧૨, ૨૨, ૨૫ થી ૨૮, ૩૨, ૩૩, ૩૫ અને ૩૭ એ

ક્રમના પત્રો મળતાં નથી. આ પ્રતિની લંબાઈ–પહોળાઈ ૨૩.૭ × ૧૦.૫ સે. મી. છે.

આમાં સ્તવનની મૂળ ગાથા પર સ્તબક આપ્યો છે. સ્તબકના અક્ષરો નાનાં અને સુંદર છે. લહિયાએ લેખનમાં ચીવટ પણ સારી રાખી છે. દરેક પત્રમાં મૂળ સ્તવનની ચારેક પંક્તિઓ છે અને તેના પર ઝીણા અક્ષરોએ ગુચ્છની આકૃતિનો આભાસ આપતો સ્તબક લખવામાં આવ્યો છે.

પ્રતિને અંતે એક બાજુ ग्रंथाग्र ३६५ અને બીજી બાજુ टबार्थ ग्रंथसंख्या ७२८ सर्वसंख्याग्र १२०० इति એમ લખ્યું છે.

"श्रीजिनेश्वरायनमः" થી આરંભાતી આ પ્રતિની પુષ્પિકા આ પ્રમાણે છે :

"संवत नंदन (नंद) राग सप्तेंदु मासेऊर्ज्जैनअसितेतथा शर्वतिथौदिवानाथे लिखितापत्तनपुरे १.यावल्लवणसमुद्रे यावन्नक्षत्रमंडितोमेरु-र्यावरच्चंद्रादित्यौ तावदिदंपुस्तकंजयतुः |२| लिखितं पं. नानांसुत पं. आशाधरेण ॥"

આ પુષ્પિકામાં પ્રતિનો લેખનસંવત આંકડામાં દર્શાવ્યો નથી, પરંતુ એ સમયની એક પરંપરા પ્રમાણે આગવી રીતે દર્શાવ્યો છે. નંદન અર્થાત્ નંદ (૯), રાગ (૬), સપ્ત (૭) અને ઈંદુ (૧) એ શબ્દો દ્વારા સંવત સૂચિત કરવામાં આવી છે. અહીં એ અંકને છેલ્લેથી ગણવામાં આવે છે અને એ રીતે ૧૭૬૯ એ આ પ્રતિનો લેખસંવત છે.

લા. દ. સંગ્રહની ૭૦૫ નો ક્રમાંક ધરાવતી પ્રતિમાં કેટલાંક પત્ર નથી. આથી એ પાઠ ઉજમબાઈની ધર્મશાળાના ભંડારમાંથી મળેલી વિ. સં. ૧૭૭૫ની ફાગણ વદી ત્રીજ અને શુક્રવારે લખાયેલી પ્રતમાંથી લીધા છે. આ પ્રતિ અત્યારે લા. દ. ભારતીય

સંસ્કૃતિ વિદ્યામંદિરમાં છે અને તેનો ક્રમાંક ૧૬૬૮ છે. ૨૬ પત્રની આ પ્રતિમાં મૂળ સ્તવનની પાંચેક પંક્તિઓ અને તેના પર ઝીણા તથા સ્પષ્ટ દેવનાગરી અક્ષરોમાં ત્રણ લીટીમાં "શ્રી જ્ઞાનવિમલસૂરિરચિત સ્તબક" એમ લખ્યું છે. આ પ્રતિને અંતે લિપિકાર કે લેખન-સ્થળનાં નામ મળતાં નથી. પરંતુ પ્રતિનો લેખનસમય સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યો છે. આ પ્રતિની લંબાઈ–પહોળાઈ ૨૬.૦ × ૧૧.૭ સે. મી. છે.

પ્રતિની સ્થિતિ સારી હોવા છતાં એ ઘણી અશુદ્ધ રીતે લખાયેલી છે. આમાં અનુસ્વારનો લહિયાએ બહોળે હાથે બિનજરૂરી ઉપયોગ કર્યો છે. વળી આ પ્રતિ પાછળથી સુધારવામાં આવી હોય તેમ જણાય છે. લા. દ. સંગ્રહની ક્રમાંક ૭૦૫ની પ્રતિમાં જે પત્ર ખૂટે છે, તેના મૂળ પાઠ અને સ્તબક આ પ્રતિમાંથી લેવામાં આવ્યા છે.

## ભાષાભૂમિકા

વિ. સં ૧૭૬૯માં લખાયેલા આ સ્તબકની ભાષામાં એની આધુનિક ભૂમિકા ઉપરાંત અગાઉની બે ભૂમિકાનાં રૂપો મળે છે. જૂની ભૂમિકાની લાક્ષણિકતા જેવા 'અઇ' અને 'અઉ' જેવાં રૂપો મળે છે. એ પછી બીજી ભૂમિકામાં 'અઇ' અને 'અઉ'ને સ્થાને 'ઈ' અને 'ઉ'નાં રૂપો મળે છે, જ્યારે ત્રીજી ભૂમિકાનું 'કરે' અને 'કરો' જેવાં રૂપો મળે છે. આ આધુનિક રૂપ પ્રેમાનંદ અને તેની પૂર્વેથી શરૂ થયું. આમ, આગળની બે ભૂમિકા સહિત આધુનિક ભૂમિકાનાં રૂપો આમાં જોવા મળે છે. "મેલઈ" જેવું જૂનું રૂપ અને "જાણતો" જેવું અર્વાચીન રૂપ આ સ્તબકમાં મળે છે. સાનુ-સ્વારવાળું જૂનું રૂપ અને અનુસ્વાર વગરનું પાછળનું રૂપ પણ સ્તબકની ભાષામાં વપરાયું છે. ક્યાંક એકના એક શબ્દના ત્રણે ભૂમિકાનાં રૂપો વપરાયેલા મળે છે. માટઈ–માટિ–માટે જેવાં રૂપો

મળે છે. ક્યાંક જૂનાં રૂપ ચાલુ રહ્યા છે અને એની સાથોસાથ નવાં રૂપો પણ વપરાતા રહ્યા છે. એવી જ રીતે અંત્ય 'ઈ' કારનો 'ય' કાર આ ભૂમિકાએ થયો છે, છતાં અનેક જગ્યાએ લેખનમાં અંત્ય 'ઈ'કારવાળું રૂપ ચાલુ રહ્યું છે.

લહિયાની પરંપરાગત લેખનશૈલીને કારણે જુદી જુદી ભૂમિકાનાં રૂપો મળે છે. બોલચાલ કરતાં લેખન વધુ પરંપરાગત હોય છે. આને કારણે લેખનમાં જૂનાં અને નવાં રૂપો આવે છે, જ્યારે વ્યવહારમાં માત્ર નવાં રૂપોનો પ્રયોગ થતો હોય છે.

**નામનાં રૂપો** — આ કૃતિમાં અકારાંત અને ઈકારાંત પુલ્લિંગના નામો અને ગુરુ જેવાં સંસ્કૃત રૂપોમાં ઉકારાંત નામો વપરાયાં છે, તે જ રીતે અકારાંત અને ઈકારાંત નારીજાતિનાં નામો વધારે જોવા મળે છે. ઉકારાંત નામો ઓછાં છે. નાન્યતર જાતિમાં ઉકારાંત નામો વપરાયેલા મળે છે અને એના જુદી જુદી વિભક્તિમાં જુદા જુદા પ્રત્યયો આ પ્રમાણે છે :

પહેલી વિભક્તિમાં નરજાતિમાં ઉકારાંત તથા ઉપર પ્રમાણે નામો મળે છે.

બીજી વિભક્તિમાં આજના "ને" પ્રત્યયના મૂળ રૂપ જેવા 'નઈ' અને 'નઈં' પ્રત્યય મળે છે.

ક્યાંક 'ને' અને 'નેં' પણ મળે છે. જેમ કે, તેહનેં (૧ : ૧), પતીનઇં (૧ : ૪), શરીરનઈં (૧ : ૪), જંજાલનઈં (૧૬ : ૫).

ત્રીજી વિભક્તિમાં આજના 'એ' પ્રત્યય જેવા "ઈ" પ્રત્યય લાગેલા છે અને કેટલેક સ્થાને "ઇં" પણ મળે છે. વળી ક્યાંક 'થકી' પ્રત્યય પણ લાગેલો છે. એકસ્વભાવઇં (૧ : ૨) વીતરાગપણેં (૧ : ૪), ચિત્તઈં (૧ : ६), વ્યવહાર થિકો (૧૨ : ૪), નિશ્ચય થકી (૧૨ : ૩), સંખેપથી (૧૬ : ૧૪).

ચોથી વિભક્તિમાં "માટે", "કાજે" જેવાં અનુગોવાળા રૂપો નીચે પ્રમાણે છે :

કાજિ (૨૦ : ૧), કારણિ (૨૨ : ૭)

પાંચમી વિભક્તિનું તિહાંથી (૧૧ : ૩) જેવું રૂપ મળે છે.

છઠ્ઠી વિભક્તિના પ્રીતની (૧ : ૨), પરિણામની (૩ : ૨) અને ઈછાના (૭ : ૭) જેવાં રૂપો મળે છે.

સાતમી વિભક્તિના નીચે મુજબનાં રૂપો મળે છે :

ત્રિકાલઇં (૧ : ૧), જગમાં (૧ : ૨), કાષ્ટે (૧ : ૩), વાટે (૨ : ૧), ગુરુપારતંત્રઈં (૨ : ૫), તવનમાં (૩ : ૬), રાત્રીઇં, દિવસઇં, ગગનિ, આકાશઇ, પાતાલિં, અધોલોકઇં (૧૭ : ૨).

**સર્વનામ**—પુરુષવાચક સર્વનામ 'હું', 'તું' વગેરેનાં નીચે પ્રમાણે રૂપો મળે છે.

મુઝનેં (૧ : ૧), તેણઇં (૧ : ૧), માહરઇં (૧ : ૧), તેહનેં (૧ : ૧), તિણઇં (૨ : ૧), તેહના (૩ : ૨), મુઝનઇં (૧૬ : ૧૩), તુહ્મારૂં (૧૯ : ૧), તુહ્મે (૧૯ : ૧), તુહ્મો (૧૯ : ૨).

સંબંધી સર્વનામ પણ આમાં વપરાયા છે. જેમ કે, જે–તે (૧ : ૨), જે–તેહી (૨૦ : ૧૦).

**વિશેષણ**—આમાં કેટલાક આકારાંત અને ઉકારાંત પણ છે. જેમ કે–અંધ (૪ : ૨), ગુહિર (૪ : ૩), મોટો (૪ : ૩), ઘણા (૪ : ૪), ભલો (૬ : ૫), ભલું (૭ : ૧), લીણ (૧૩ : ૩), વાલહો (૧૩ : ૪), દોહલી (૧૪ : ૧), જૂઠો (૧૪ : ૪), ખોટો (૧૪ : ૪).

વળી "દેખતાં દેખતાં" (૧૩ : ૬) જેવાં ક્રિયાવિશેષણ પણ મળે છે.

આમાં સંખ્યાવાચક રૂપો પણ મળે છે. કેટલાંક ક્રમવાચક રૂપો આ પ્રમાણે છે.

પ્રથમ (૧ : ૬, ૫ : ૫), બીજા (૨ : ૬), ત્રીજા (૩ : ૬), પાંચમું (૪ : ૬), ત્રિણ્ય (૫ : ૨, ૩ : ૧), બીજો (૫ : ૫), છઠ્ઠા (૬ : ૬), બિ (૨ : ૧), છેહલ્યો (૩ : ૩), પનરમા (૧૫ : ૮), સતરમા (૧૭ : ૯), ઉગણીસમા (૧૯ : ૧૦).

**ક્રિયાપદો**—ક્રિયાપદમાં 'અઈ' અને 'અઈં' જેવાં રૂપો મળે છે—

છઈ (૧ : ૧), મુંકઇં (૧ : ૧), વસઇં (૧ : ૧), કરઇં (૧ : ૩), છઈં (૧ : ૩), દીસઇં (૨ : ૪), નીપજઇં, (૩ : ૫, ૫ : ૬), હણઇં (૬ : ૨), સાધઇં (૯ : ૪), ધ્યાઇં (૧૪ : ૭), ધારઇં (૧૪ : ૭), પાલઇં (૧૪ : ૭), બાઝઇં (૧૭ : ૨), ઠેલઈ (૧૭ : ૭), સ્તવે છઈ (૧૧ : ૧), ભજઈ (૧૬ : ૫), સેવઇ (૧૬ : ૫),

આજ્ઞાર્થનાં રૂપો મળે છે—

કરો (૫ : ૧), વાસ્તઈ (૫ : ૬), થઈએ (૫ : ૬), ટાલું (૬ : ૧).

ક્યારેક 'અઉ' વાળું માંડઉ (૧૧ : ૪) જેવું રૂપ પણ મળે છે.

આમાં ભવિષ્યકાળનાં રૂપો મળે છે. જેમકે—

નિહાલસ્યઇં (૨ : ૬), ભાંજસ્યઇ, વાજસ્યઇં, વાધસ્યઇં, પ્રગટસ્યઇં (૬ : ૬), ભાવસ્યઇં, પામસ્યઇં (૧૬ : ૧૫).

**કૃદંત**—સ્તબકની ભાષામાંથી મળતા કેટલાક સંબંધક ભૂતકૃદંતના રૂપો જોઈએ—

બાંધીનઇં (૧ : ૨), જાઈનઇં (૧ : ૩), ધરીનઇં (૪ : ૩), વિહારવાનઇં (૧૦ : ૨), દેખીનઇં (૧૩ : ૨), કરીનઇં (૧૩ : ૭), જોડીનઇં (૧૫ : ૮).

હેત્વર્થ કૃદંતનાં પામવાનેં કારણેં (૧ : ૩) અને સાધવા (૩ : ૫) જેવાં રૂપો મળે છે, જ્યારે વર્તમાન કૃદંતનાં જાંણતો (૧ : ૩), ઘટમાન (૧ : ૫), ફિરતો (૪ : ૫) જેવાં રૂપો મળે છે.

'અનઇં' અને 'નઇં' જેવાં ઉભયાન્વયી અવ્યય પ્રયોજાયા છે.

કેટલાક વિશિષ્ટ ભાષાપ્રયોગો આ પ્રમાણે મળે છે—

લખી કલી ન જાઇ (૧ : ૫) અને જાણ્યું ન જાઈ (૩ : ૬) જેવો સહ્યભેદનો પ્રયોગ મળે છે, જ્યારે વશિ થયો છઉં (૨ : ૧) જેવો કર્મણિ પ્રયોગ મળે છે. જ્યારે વડેના અર્થમાં 'કરી'નો શબ્દ-પ્રયોગ મળે છે—

પરિપાકેં કરી (૩ : ૩), મોહેં કરી (૮ : ૨) અભયદાનેં કરીનેં (૧૦ : ૪), તેણઇં કરી (૧૯ : ૯).

ચાલુ રૂપ બતાવવા માટે 'હુંતા'નો પ્રયોગ થયો છે—

ફેરવતા હુંતા (૩ : ૫), જાતઈ હુંતઈ (૮ : ૭), વિચારી હુંતી (૧૦ : ૬), પ્રસરતઈ હુંતઈં (૧૩ : ૫).

ક્યાંક લિંગભેદ પણ જોવા મળે છે, જેમ કે ઊખાણો (૧૭ : ૨) અહીં પુલ્લિંગમાં વપરાયો છે.

સ્તબકમાં મળતા કેટલાક નોંધપાત્ર શબ્દપ્રયોગો જોઈએ—

| | | |
|---|---|---|
| સ્પર્ધક | (૭ : ૭) | સ્પર્ધા કરનાર |
| ગંજી | (૧૩ : ૧) | જીતી |
| થોથું | (૧૭ : ૨) | પોલું, દાઢ-દાંત વિનાનું |
| ભણણહાર | (૧૭ : ૩) | ભણાવનાર |
| કાંસલિ | (૧૯ : ૧) | ખટક, વસવસો |
| આપણીહી જ | (૧૯ : ૫) | આપોઆપ જ |
| જાજરું | (૨૦ : ૧) | જર્જર |
| ઉલવઈ | (૨૧ : ૩) | ઓળવે, લોપ કરે |
| ઓલંભા | (૨૨ : ૧) | ઠપકો, ઉપાલંભ |

સ્તબકની ભાષા સંસ્કૃત અને પ્રાકૃતના પ્રભાવવાળી છે. ક્યાંક 'દિદાર' કે 'નજર' જેવાં ફારસી શબ્દો મળે છે. એ સિવાય આનું આલેખન પરંપરાગત છે.

☆

• આનંદઘન ચોવીસી •

# “શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક”

## સ્તવન : ૧

# શ્રી ઋષભ જિન સ્તવન

## શ્રી જિનેશ્વરાય નમઃ

(રાગ : મારુ)

[કર્મ પરિક્ષા કરણ કુમર ચલ્યો રે–એ દેશી]

ઋષભ જિનેસર પ્રીતમ માહરો
ઓર ન ચાહું રે કંત
રીઝયો સાહિબ સંગ ન પરિહરે
ભાંગઈ સાદિ અનંત. ૧

श्री आनंदघनस्य अस्याः गीतमय्याः कृतेः स्फुटं ।
स्तबुक क्रीयते श्रीमज्ञानविज्ञानसुरिभिः ॥ १ ॥

શુદ્ધ ચેતના અને આત્માને શિક્ષારૂપ વીનતી દ્વારઇ શ્રી વીતરાગનાં સ્તુતિ–સ્તોત્રનો અર્થ લિખીઇ છેં.

ચિદાનંદમય જિનવરૂ સદા મુદા ધરી પ્રેમ,
પ્રણમી પરમ પ્રમોદસું જગનાયક જગખેમ. ॥ ૧ ॥
જિનગુણ થુતિ કરતાં થકાં એ જન જિન હૂઇ જાય,
તેહ ભણીં જિન ગુણકીર્ત્તનં કરતાં પાપ પુલાય. ॥ ૨ ॥

ઈહિ દૂહો પહિલો લિખીનઇ ટઓ લિખીઇ

શ્રી ઋષભદેવ જિનેશ્વર તે મુઝને અત્યંત પ્રિય વલ્લભ છઇ શુદ્ધ ચેતના કહેં છઈ. વૃષ ક૦ આત્મસ્વભાવરૂપ ધર્મ તેણઈં કરી ભ૦ ક૦ શોભઇં એહવો જિનેશ્વર રાગાદિકનો જીપક તેહિ જ માહરઈં પ્રીયતમ=વાહલો

છઇં. અવર અશુદ્ધ રાગાદિ મલિન આત્મા તથા દેવ તેહનેં કંતપણઇં ચાહું નહી, ઇછું નહી.

તે સાહિબ રીઝ્યો હુંતો કહીઇ સંગ ન મુંકઇં અભેદરૂપઇં મિલ્યો ભિન્ન ન થાઇ જ. સાદિ અનંત ભાગઇ વસઇં શુદ્ધ સ્વભાવ પ્રગટ્યો તે સાદિ અને સ્વભાવ તે ત્રિકાલઇં અક્ષય તે માટઇં અનંત તથા વીતરાગ વીતરાગપણેં પ્રતીત કર્યો તે સાદિ તત્સ્વરૂપતા ભાવી તન્મયા ભાવ આવરણ રહિત કરી થયો તે અનંત. ॥૧॥

પ્રીતિસગાઈ રે જગમાં સહુ કરેં રે
પ્રીતિસગાઈ ન કોઇ
પ્રીતિસગાઈ રે નિરુપાધિક કહી
સોપાધિક ધન ખોઇ. ૨. પ્રીતિ૦

જગમાં સહુઇ પ્રીતની સગાઈ તથા પ્રીતિ બાંધીનઇં સગાઈ સંબંધ કરેં છઇં પણિ પ્રીતિને સગાઇ સંબંધ કોઇ નથી.

જે માટિં પ્રીતિસગાઈ તે નિરુપાધિક કહીઈ છઇં. જિહાં પરભાવ મેલવી પ્રીતિ બાંધવી તે સોપાધિક કહીઇં. અનઇં જે એકસ્વભાવઇં મિલવું તે નિરુપાધિક કહીઇં અનઇં સોપાધિક પ્રીતિ સગાઈ તે ધન ખોવું. આત્મગુણનો નાશ કરવો એતલે આસી ભક્તિ તે સોપાધિક, નિરાશિ તે નિરુપાધિક. ॥૨॥

કોઈ કંત કારણ કાષ્ટ-ભક્ષણ કરઇં રે
મિલસ્યું કંતનૈ ધાય
એ મેલો નવિ કહીંઇં સંભવઇ
મેલો ઠામ ન ઠાય. ૩. પ્રીતિ૦

કેતલાએક કંત પામવાને કારણેં કાષ્ટભક્ષણાદિ કષ્ટ કરઈં છઈં. એતલઇ અજ્ઞાન કષ્ટાદિક તથા કાષ્ટેં ચઢવાદિ સાધઈં છઈં. ઇંમ કરતાં કંતનઇં જાઈનઇં મિલીઈં એહવું ઘણા ચિત્તમાંહિ ધરઇ છઇ, પણિ એ મેલો કહીઈં સંભવઇ નહી. મિથ્યાજ્ઞાનેં કષ્ટ કીધઈં પરમાત્મા ન પામીઇ. ઇણિ મેલેં પરમાતમ પ્રીતમસ્યું ઠાંમ ઠેકાણું નથી જાંણુતો, તો પતિનઇં કિહાં થકી પામઈં ? ॥૩॥

કોઈ પતિરંજણને ઘણ તપ કરે
પતિ રંજન તન-તાપ
એ પતિરંજન મઇં નવિ ચિત્ત ધર્યઉં
રંજન ધાતુ-મિલાપ. ૪. પ્રીતિ૦

વલી કેતલાએક પ્રાંણી પતીનઇં રંજવા રાજી કરવા-નઇં કાજઈં ઘણા તપ કરઇ છઈં દ્રવ્ય સંવરાદિક. ઇમ કરી પતિ કંતનઈં રાગી કરવો તે તનુ શરીરનઈં તાપ છઈં. એહવો પતીરંજન તો મઈં શુદ્ધ ચેતના કહઇ છઈં, જે ચિત્તમાં કહિંઇં ધર્યું નથી. પતિરંજન તે કેહું જે ધાતુઇં ધાતુ મિલઈં. વીતરાગનઈં વીતરાગપણેં મિલીઇ તે ધાતુ મેલાપ, બીજો તે તનુતાપ જાણવો. ॥૪॥

કોઈ કહેં લીલા રે લલક અલખ તણી
લખ પૂરઇં મન-આસ
દોષરહિતનેં રે લીલા નવિ ઘટઇ
લીલા દોષવિલાસ ૫. પ્રીતિ૦

કેતલાએક કહિછિ જે પરમેશ્વરની લીલા તે અલખ લખી કલી ન જાઈં, જેહવી ભક્તાની ઈચ્છા તિમ પૂરઇ.

તેહનઇં કિસી ખોટિ છઇ ? લાખગમેં જનના મનની આસા પૂરઇ છઇં. એ પણિ બાધક વચન જે માટિં જે દોષરહિત પરમેશ્વરનઇં લીલા, જે સંસારી અવસ્થા કલા તે તેહનઇં ઘટમાન નથી. સંસારી લીલા તો દોષના વિલાસ લહરિ છઇ. જે રાગી દોસી હોઈ તે સંસારીની લીલા વાંછઇ. ઉત્પત્તિ સૃષ્ટિ પાલવું સંહારવું ઈત્યાદિ તેહના વિલાસ છઇં. ।।૫।।

ચિત્ત પ્રસન્નઇં રે પૂજનફલ કહિઉં
પૂજ અખંડિત એહ
કપટરહિત થઈ આતમ–આપણા
આનંદઘન–પદ–રેહ. ૬. પ્રીતિ૰

ઇતિ શ્રી ઋષભજિન સ્તવનં । ૧

ચિત્તપ્રસન્નતા નિર્વિકલ્પચિત્તઇં વર્ત્તવું એહી જ પૂજનનું ફલ છઇં. અખંડ પૂજા અવિછેદપણઇં પૂજઇં તેહને જ કહીઇં જે ચિત્તમાંહિથી કુવિકલ્પ ટાલી શુભ સંકલ્પઇ વાસી પ્રસન્નતા કરઇં. એતલા માટઇં અરે આપણા આત્મા કપટરહિત થઈનઇં, આનંદ છઇ. ઘન નિવિડપણઇં જિહાં એહવું પદ તે શિવપદ, તેહની રેખા મર્યાદા તે ભજિ પાંમિ. ।।૬।।

એતલઇ સ્યું કહિઉં ? નિરૂપાધિક ધર્મમય શ્રી ઋષભ જિનેશ્વર તેહ જિ પ્રીતમ, તેહી જ કંત, તેહી જ વલ્લભ, એહવાને જે શુદ્ધ ચેતના કહૈ છઇ જે નિરૂપાધિક સ્વભાવઇં નિઃકપટપણઇં કરી ભજિ.

એ પ્રથમ સ્તવનમાં કહિઉં. ।।૧।।

☆

## સ્તવન : ૨

# શ્રી અજિત જિન સ્તવન

(રાગ : આસાઉરી)

[ વેલીની દેશી ]

પંથડો નિહાલું રે બીજા જિનતણો
અજિત અજિત ગુણધામ
જે તેં જીત્યા હો તિણે હું જીતીઓ રે
પુરુષ કિસું મુઝ નામ ?
વાટડી વિલોકું રે બીજા જિન તણી રે.

હવે એહવો સ્વામી કિમ પામીઇ તેહનો પંથ જોવાને કહે છઈ.

પંથડો કહતાં વાટ તે નિહાલું જોઉં બીજા જિનનો. શ્રી અજિતનાથ મનમાં કુંણ વાટે આવઇ તે જોવો. પંથ બિ છઇ. એક શુદ્ધ, બીજો અશુદ્ધ. તે માહે શુદ્ધ-પંથઈ આવઇ.

તે અજિતનાથ કેહેવા છઈ ? અજિત જે ગુણ તેહના ધામ ઘર છઇ.

જે કર્માદિક શત્રુનઈ તુહ્મે જીત્યા તિણઈ રાગાદિકે હું જીત્યો છું-તેહનઇ વશિ થયો છઉં.

તિવારઇ માહરું પુરુષ નામ તે સ્યું ? પુરૂષાકાર-પણું સ્યે કામઈ આવ્યું ? જિવારે મોહાદિક જીતિ ન સકીઈ. ॥૧॥

એહવા શ્રી બીજા જિનની વાટ જોઉં છું.

ચરમનયણેં કરી મારગ જોવતાં રે
ભૂલો સયલ સંસાર
જિણિં નયણિં કરી મારગ જોઈએ રે
નયન તે દિવ્ય વિચાર. ૨. વા૦

ચરમ ચક્ષુઇં કરીનઇં જો વીતરાગ ભાવ માર્ગ જોઈઇ છઇ તિવારઇ સકલ સંસાર ભૂલો ભ્રમરૂપ છઈ. એતલેં સંસારમાર્ગે વીતરાગભાવ ન પામીઈ.

અનઈં જિણઇં કરી વીતરાગ માર્ગ જોઇંઇં તે તો દિવ્ય નયન ક૦ જ્ઞાનદૃષ્ટિ કહીઇં. જ્ઞાનનેત્રઈં જોતાં વીતરાગ-માર્ગ પામીઇ. ॥૨॥

પુરુષપરંપર અનુભવ જોયતાં રે
અંધો અંધ પીલાય
વસ્તુ વિચારેં રે જો આગમેં કરી રે
તો ચરણ ધરણ નહીં ઠાય. ૩. વા૦

પુરુષ પરંપરાઇં જો અનુભવ જોઈએ તો ગડુરિ-પ્રવાહ થાઈં. તિવારઇં અંધો અંધ પીલાઇં ન્યાય થાઇ છઇ. શુદ્ધાશુદ્ધ વિચાર નહી અને અહ્મારા તે પ્રમાણ થાઈં.

અનઈં જો વસ્તુગત વિચારે જોતાં તો ચરણ ધરણ ચારિત્ર મર્યાદાઇં ધરતીઈં પગટકતો (પ્રગટતો) નથી અથવા ચરણ ધરણ સ્થાનક સંયમસ્થાનક આગમઈ કરી દુર્લભતા લાગઇ છઇ. ॥૩॥

તર્ક્ક વિચારેં રે વાદપરંપરા રે
પાર ન પોહચઇ કોય
અભિમત વસ્તુ રે વસ્તુગતે કહેં રે
તે વિરલા જગિ કોય. ૪. વા૦

અનઇં તર્ક વિચારતાં તો વાદ પરંપરા વચન વિતંડા કુયુક્તિનો પાર કોઇ પામતા નથી.

અનઇં અભિમત વસ્તુ જે આગમદષ્ટિંઇ વસ્તુગત મધ્યસ્થભાવઇં હઠ વિના જે કહઇં તેહવા પુરુષ વિરલા થોડા દીસઇં. ।।૪।।

વસ્તુ વિચારેં દિવ્ય નયણ તણો રે
વિરહ પડચો નિરધાર
તરતમ યોગેં રે તરતમ વાસના રે
વાસિત બોધ આધાર. ૫. વા૦

આગમશાસ્રની દૃષ્ટિં જોવું તે વસ્તુ વિચાર તે દિવ્યનયને કરી વસ્તુનો વિચાર કરઇ.

તેહવાનો તો વિરહ પડચો. અતિશય જ્ઞાનીઓનો નિર્ધાર. તિવારઇં સ્યું? માર્ગ નહીં, ઇમ પણ નહીં.

તરતમયોગઇં યથાયોગઇં તરતમ વાસનાઇં જેહવા આપાપણા ક્ષયોપશમઇં ગુરુપારતંત્રઇં જે વાસિત બોધ તેહનો આધાર પ્રવચનનો આધાર છઇ. ।।૫।।

કાલલબ્ધિ લહી પંથ નિહાલસઇં રે
એ આશા અવલંબ
એ જિન જીવઇં રે જિનજી જાણયો રે
આનંદઘન મત અંબ. ૬. વા૦

અજિતજિનસ્તવઃ । ૨

કાલલબ્ધિ પામીનઇં જે પંથ શુદ્ધ માર્ગ નિહાલસ્યઇં જોસ્યઇં એહિ જ આશાનો અવલંબન છઇં. તે માટિં હે જિનજી, ઇમ કરી જાંણયો.

બોધશબ્દેં જ્ઞાન તથા તત્વની પ્રાપ્તિ

'बोधस्तत्त्वावगमो बोधो ज्ञानं वा' इति वचनात्

એ જન મુઝ સરીખો એ પ્રાણી ઇમ જ કરી જીવઇં.

તે આનંદઘન મત જે સ્યાદ્વાદ મત એહી જ અંબ સદા ફલ છઇં. અથવા અંબર આકાશ અનંત છઇં, તિમ સ્યાદ્વાદ મત છઇ. ॥૬॥

એતલેં બીજા તીર્થંકર અજિતનાથની વીનતી એહવી કહી. ॥૨॥

એહવા જિનનઇં જિવારઇં તેડચા, તિવારઇ તેહની સેવા કિમ કરી કરીઈં તે કહેં છઇ.

☆

## સ્તવન : ૩

## શ્રી સંભવ જિન સ્તવન

(રાગ : રામગિરી)

[રાતડી રમીને રે કિહાંથી આવ્યા–એ દેશી]

સંભવ દેવત ધુરિ સેવોસવે
લહેં પ્રભુસેવનભેદ
સેવનકારણ પહિલી ભૂમિકા
અભય અદ્વેષ અખેદ. ૧. સં૦

સુખ ઊપજઇં જેહથી તે સંભવ કહીઇં. એહવા ત્રીજા તીર્થંકર પ્રતઇં દેવત ક૦ સાચ કરી સકલ પ્રાણી જનો સેવો અથવા દેવત ક૦ ધૈર્ય તથા ભાગ્ય ધુરિ પ્રથમ આપીને સેવો.'

પ્રભુસેવા તો અનેક પ્રકાર છઇં તે લહો જાણો. સેવાના કારણમાંહિં પહિલી ભૂમિકા સમારવી (સંભાળવી) તિહાં ત્રિણ્ય દોષ ટાલવા. ભય ૧, દ્વેષ ૨, ખેદ ૩. એ ત્રિણ્ય ટલ્યાથી ત્રિણ્ય ગુણ ઊપજે, તે કેહા ? અભય ૧, અદ્વેષ ૨ અને અખેદ ૩. ।।૧।।

ભય ચંચળતા હો જે પરિણામની
દ્વેષ અરોચક ભાવ
ખેદ પ્રવૃત્તિ હો કરતાં થાકીઇં
દોષ અબોધિ લિખાવી. ૨. સંભવ૦

તેહના અર્થ કહઇં છઇં, જે પરિણામની ચપલતા ત્રિયોગેં. મનયોગની અથિરતા તે ભય કહીઇ ૧, ધર્મ-કરણીનેં વિષઈ રુચિ ભાવ નહી તે દ્વેષ ૨, જે ધર્મકરણી કરતાં શ્રમ પામીઇં, રાજવેઠિની પરિં થાઇં તે ખેદ કહીઇ. એ દોષઇં સ્યું જણાવઈ ? અબોધિ અજ્ઞાનપણું જણાવઈ. ।।૨।।

ચરિમાવર્ત્તન ચરમકરણ તથા
ભવપરિણતિ પરિપાક
દોષ ટલિ વલી દષ્ટિ ખુલઇ ભલી
પ્રાપતિ પ્રવચન વાક. ૩. સં૦

છેહલ્યો પુદ્ગલપરાવર્ત્ત તથા ચરમ યથા પ્રવૃત્તકર-ણથી એતલેં સ્યું ? અનંતાં પુદ્ગલપરાવર્ત્ત થયાં. યથા

---

ટિ. =
"यत्र चैकान्तवादः स्यात्, यत्प्रणेतात्म-दोषवान् ।
धर्मे मान्द्यं भवे दाढर्यम् यच्छु (च्छ्रु)ते स्यान्न तत्त्वकृत् ॥" इति.

પ્રવૃતિકરણપણિ અકામનિર્જરાયોગઇં થયાં, પણિ ચરમ પુદ્ગલપરાવર્ત્તઇં ચરમ યથાપ્રવૃત્તિકરણ મિથ્યાત્વ અવિરતિ કષાયના મંદ પરિણામ તે યથાપ્રવૃત્તિકરણ કહીઇં. ભવપરણતિનેં પરિપાકેં કરી અનાદિના આઠ[1] દોષ ક્ષુધાદિક તે ટલ્યેં અનઇં વલી માર્ગાનુસારી ગુણની દૃષ્ટિ ખુલઇ ઊઘડઇં તિવારે પ્રવચન વાકવચનની પ્રાપ્તિ થાઇં. રાગદ્વેષરહિતનું વચન તે પ્રવચન એતલી વાસના થાઇં નિસર્ગ થકી. ॥૩॥

પરિચય પાતક-ઘાતક સાધસ્યું
અકુસલ અપચય ચેત
ગ્રંથ અધ્યાતમ શ્રવણ મનન કરી
પરિસીલન નય હેત. ૪. સંભ૦

તિવારઇં પાતિકના ઘાતક એતલેં અશુભ કર્મનઇં હણઇ એહવા સાધુનો પરિચય કરઇ.

તિવારેં અકુશલ માઠા સંકલ્પનઇં જોડઇ તે અકુશલ કહિઇં તેહવો અપચય ક૦ નાશ કરઇં, એહવઉં ચિત્ત થાઇ.

તિવારેં અધ્યાત્મગ્રંથ જ્ઞાન-દર્શન-ચારિત્ર-તપાદિકની જિહાં સુગમતા એહવા જે ગ્રંથ આપ્ત પ્રણીત તે અધ્યાત્મગ્રંથ કહીઇં. તેહના શ્રવણ સાંભલવું મનન ક૦ વિચાર તેણેં કરી સકલ નય નૈગમાદિક હેતુ ઉપાદાન

---

टि. १ =

क्षुद्रो १ लोभ २-रति-२ दीनो ३ मच्छरी ४ भयवान् ५ शठः ६ अज्ञो ७ भवाभिनंदी ८ च निःफलारम्भासावकः ।१॥ ઇત્યષ્ટકગ્રંથઇં

અસાધારણ કારણાદિક તેહની પરિશીલના સ્યાદ્વાદમુદ્રાઇં અભિગ્રહાદિ હઠરહિતપણઇં સેવઇં. ॥૪॥

કારણ જોગઇ હો કારિજ નીપજઇં
એહમાં કોઈ ન વાદ
પણિ કારણ વિણુ કારિજ સાધીઇં
તે નિજ મતિ ઉન્માદ. ૫. સંભવ૦

જે માટિં 'કારણનેં ચોગેં જ કાર્ય નીપજઇ'" એહવો ન્યાય છઇ. જેહવું કારણ, તેહવું કાર્ય. સ્યાદ્વાદ–હેતુઇ સ્યાદ્વાદપ્રાપ્તિ ફલકાર્ય થાઇ. હઠાનુ હેતુઇં હઠપ્રાપ્તિફલ નીપજઇ. એહમાં કોઈ વાદ નથી, સર્વ સંમત છઈં.

પણિ વલી કારણ મેલવ્યા વિના તે કાર્ય સાધવા જાઇં તે તો આપમતનો ઉન્માદ જાણવો. જે માટિં વચન-માત્રઇં વીર્ય ફોરવતા હુંતા પણિ કરણીના નહીં, અનઇં ફલ સાધવા હીડઇં.

यतः–'वाङ्‌मात्रसाराः परमार्थशून्याः' એ ન્યાય છઇ. ॥૫॥

મુગતિ સુગમ કરી સેવન આદરઇ
સેવન અગમ અનૂપ
દેયો કદાચિત સેવક–યાચના
આનંદઘન રસરૂપ. ૬. સંભવ૦

ઇતિ શ્રી સંભવજિનસ્તવ : । ૩

મુગતિનઇ સુગમ જાંણીનઇં સેવા આદરઇં, પણિ સેવાનું સ્વરુપ તો અગમ. કોણઇં જાણ્યું ન જાઇ. અનઇં અનૂપ ક૦ ઉપમા જેહની નહી. તે માટિં સેવકની

યાચના પ્રાર્થના એહવી છઇ. કદાચિત કોઇ સમયઇં આનંદઘન રસરુપ કo પરમ સહજાનંદ રસ સ્વરૂપ જે સેવાથી નીપજઇં એહવી સેવા આપજ્યો. ॥૬॥

એતલેં શુદ્ધાત્મા ભગવંતની સેવના ભૂમિકા શુદ્ધ દેખાડી ત્રીજા તવનમાં ભૂમિકાશુદ્ધિપણિ દર્શન દેખવું તથા દર્શન સમ્યકત્વની દુષ્પ્રાપ્યતા કહેં છઇ.

☆

## સ્તવન : ૪

# શ્રી અભિનંદન જિન સ્તવન

(રાગ : ધંન્યાશી સિંધુ)

[આજ નહિ જો રે દીસઇં નાહલો–એ દેશી]

અભિનંદન જિન-દરિસન તરસીઇં
દરસણ દુરલભ દેવ
મત મત ભેદઇં જો જઈ પૂછીઇં
સહુ થાપઇ અહમેવ. ૧. અભિo

હે શ્રી અભિનંદન ચોથા તીર્થંકર, સમસ્ત જગનઇ વ્યાપક આનંદ છઇં જેહનું એહવો શુદ્ધાત્મા તેહનું દર્શન સ્વરુપ.

શ્રી અભિનંદન જિનનું દર્શન દેખવું અથવા દર્શન સમકિત તેહનઇ તરસીઇં છઇં, પણિ તે દર્શન દુર્લભ દુખઇં પામવા યોગ્ય દુષ્પ્રાપ્ય છઇં.

હે દેવ પ્રભુ !

તેહને પામવા માટિં અનેક મતના ભેદ છઇ, તે પ્રતિં જોતાં થકા પૂછીઇં તિવારઇં સહુઇં મત આપ આપણા અહમેવ અહંકાર ધરી દર્શનની પ્રાપ્તિ થાઇં. ॥૧॥

સામાન્યઇ કરી દરિસણ દોહિલું
નિરણય સકલ વિશેષ
બંદઇં ઘાર્યો અંધો કિમ કરઇ
રવિ–સસી રૂપ વિલેખ. ૨. અભિ૦

દર્શન શબ્દઇં સામાન્ય ગ્રાહક તેહેં પણિ દોહિલું તો સકલ વિશેષ નિર્ણય તો દુર્લભ જ હોઇં.

એતલે વસ્તુના ધર્મ બહૂ છઇં. સામાન્ય અનઇં વિશેષ. તે વસ્તુનેં વિષઇં અભ્રાંતિરૂપપણઇં તેહઇં પણિ દુરલભ કુણ દષ્ટાંતઇં ?

જિમ અંધ પુરુષ મદઇં ઘાર્યો, બંદમાં પડચા રવિ સૂર્ય, શશિ ચંદ્રમાનું રૂપ સામાન્ય વિશેષઇ લિખી જાણી ન સકેં, તિમ અહંકારનો ઘાર્યો મિથ્યાત્વે અંધ આવરણ બંદમાં પડચો સમ્યગ્પણઇં સ્વરૂપદર્શન ન જાંણઇ. ॥૨॥

હેતુ વિવાદઇં હો ચિત્ત ધરી જોઈએ
અતિ દુરગમ નયવાદ
આગમવાદે હો ગુરુગમ કો નહી
એ સબલો વિખવાદ. ૩. અભિ૦

હેતુ કારણાદિકનાં વિવાદ ચિત્તમાં ધરીનઇં જોઈઇં વિચારીઇં તો અત્યંત ગુહિર નયવાદ છઇ. અનઇં આગમવાદેં જોઈ તો ગુરુગમ ગુરુપરંપરાનો માર્ગ ન પામીઇં. એહી જ મોટો મનમાં વિખવાદ ઊપજઇં. ॥૩॥

ઘાતી ડૂંગર હો આડા અતિ ઘણા
તુઝ દરસણ જગનાથ
ધીઠાઇ કરિ મારગ સાંચરૂં
સેંગૂ કોઈ ન સાથ. ૪. અભિ૦

ઘાતીકર્મરૂપીયાં ડુંગર ઘણા વિચમાં પડચા છઇં, તુહ્મારા દર્શન પાંમવાનઇં, હે જગનાથ!

જો પોતાની ધીઠાઇ અવલંબીનઇં હઠાનુયોગઇ કરી માર્ગઇં ચાલું છું તો કોઇ સાખીઉ વાટ દેખાડણહારો જ્ઞાતાપુરુષ સાથઇ નથી. ।।૪।।

દરિસણ દરિસણ રટતો જે ફિરું
તે રાનિ રોજ સમાંન
જેહનઇ પિપાસા હો અમૃતપાનની
કિમ ભાજે વિસપાન. ૫. અભિ૦

દર્શન દર્શન કરી સ્વમતપોષ હઠાઇં પ્રાપ્તિ કરીનઇ જો ફિરતો રહું છું, જિમ રાનમાં રોઝ પશુ ફિરે છઇ તિમ થાઉં છું. પ્રાપ્તિ તે વેગલી થાઇ છેં, જિમ 'ઉપદેશરત્નાકર' માંહિ ષટ્પુરુષ સાધ્યા છઇ.

જેહનઇં અમૃતપાનની ઇચ્છા હોઇં પિપાસા હોઇં તે કાંઈ વિષનઇં પીવઇ ન ભાજઇ અથવા અમૃત દૂધ પાનની ઇચ્છા તે વિષ ક૦ પાંણીઇં ન ભાજિ.

પીવું પીવું સર્વ કહઇં તિમ દર્શન દર્શન સર્વ કહઇં, પણિ મિથ્યાદર્શન સમ્યગ્દર્શન ઇમ કરે. ।।૫।।

તરસ ન આવઇં હો મરણ-જીવન તણો
સીઝઇં જો દરિસન કાજિ
દરિસણ દુરલભ તુજઝ કૃપા થકી
આનંદઘન મહારાજ. ૬. અભિ૦
ઇતિશ્રી અભિનંદનજિનસ્તવ : ।૪

તૃષા તરસ, મરણ જીવન જન્મ મરણનો પાર ન આવઇં. પાર ન પામીઇ. જો દર્શન પ્રાપ્તિનઇં કાજઇ સીઝઇ.

જો એહવું દરિસન દુર્લભ છઇ તે માટિં તુહ્મ કૃપા થકી આનંદઘન મહારાજ શુદ્ધ સ્વરૂપ આત્મનું દર્શન પામીઇં. ॥૬॥

એહવું દર્શન તે કેહા કેહા આતમાનઇ સુગમ થાઇ, તે કહવાને પાંચમું સ્તવન કહીઈ છઇ. ॥૪॥

☆

## સ્તવન : ૫

# શ્રી સુમતિ જિન સ્તવન

(રાગ : વસંત તથા કેદારો)

સુમતિ ચરણકજ આતમ રોપણા
દર્પણ જિમ અવિકાર
મતિતરપણ બહુ સંમત જાંણીઇં
પરિસરપણ સુવિચાર. ૧. સુમ૦

હે ચિદાનંદ આતમ ! શ્રી સુમતિનાથના ચરણકજ ચરણકમલની રોપણા થાપના આપણા આત્મામાં કરો.

દર્પ્પણ આરીસાની પરઇં, અવિકાર વિકાર-રહિત નિર્મલ છઇં પાપપંકે મલિન નથી.

મતિનું જે તર્પ્પણ થાપવું તે તો બહુસમત જાણીઇં છઇં. અનેક ભેદઇં મતિના વિભવ છઇ, તે ભલે વિચારે કરી, પરિસર્પ્પણ કરીઇં અવતારીઇં તિવારઇં પામીઇં. ॥૧॥

ત્રિવિધ સકલ તનુધર-ગત આતમા
બહિરાતમ ધુરિ ભેદ
બીજે અંતરઆતમ તીસરો
પરમાતમ અવિછેદ. ૨. સુમ૦

ત્રિણ્ય પ્રકારના આતમા સકલ સંસારી જીવને શરીરધારી અનઇં વ્યાપ્ત છઇં.

આતમા તેહ માહઇં પ્રથમ ભેદઇં બહિરાત્મા ૧, બીજઇં ભેદે અંતર આતમા, તીસરો ક૦ ત્રીજો પરમાતમા તે અછેદ અભેદ અક્ષય છઇં. ॥૨॥

આતમબુદ્ધિં હો કાયાદિકેં ગ્રહ્યો
બહિરાતમ અઘરૂપ
કાયાદિકનો હો સાખીધર રહ્યો
અંતર-આતમ-રૂપ. ૩. સુમ૦

તેહનાં લક્ષણ કહીઇ છે. કાયાદિક પુદ્ગલ પિંડનઇં આતમારૂપઇ કરી સંગ્રહ્યો. વિષયકષાયાદિકનઇં આપણા કરી જાંણઇં તે બહિરાતમા. અઘ ક૦ પાપરૂપ જાણવો. અને કાયાદિક તે સાખી માત્રઇં જાણી પણિ સ્વરૂપમાં ભિન્ન જાણઇ જે અંતર આતમા કહીઇં, તે સાધકરૂપઇં થાઇં. ॥૩॥

જ્ઞાનાનંદ હો પૂરણ પાવનો
વરજિત સકલ ઉપાધિ
અતીંદ્રિય ગુણગણ મણિ–આગરો
ઇમ પરમાતમ સાધિ. ૪. સુમ૦

જ્ઞાન આનંદઈ પૂર્ણ પવિત્ર પરમ આનંદ, સકલ કર્મ ઉપાધિં વર્જિત, અતીંદ્રિયસુખ મોક્ષસુખનો સાધક તે પરમાત્મા ખાયિક ભાવ પ્રાપ્ત. જ્ઞાનદર્શનાદિ અતીંદ્રિય ગુણ તેહના ગણ સમુદાયરૂપ મણિરત્નનો આગર છઈ. એહવો પરમાત્મા સિદ્ધરૂપ તે સાધીઇં. એહવા ત્રિણ આતમા જાંણીનઈં સ્યું કીજઈ તે કહઈ છઇં. ।।૪।।

બહિરાતમ તજિ અંતરઆતમા
રૂપ થઈ થિરભાવ
પરમાતમનું હો આતમ ભાવવું
આતમ અરપણ દાવ. ૫. સુમ૦

બહિરાતમા જે પ્રથમ આતમા કહ્યો. તેહનઈં તજીનઇ, અંતર આતમા બીજો તે રૂપ થઈ થિરભાવપણે સાધઇ તો કર્મઉપાધિનઇં નિરાકરઇં.

તિવારઇ પોતાનો આત્મા તે પરમાતમાનું રૂપ થાઇ. એહવો જે આતમા તેહનો અરપણ થાપનાનો દાવ પામઇ. ।।૫।।

આતમઅરપણ વસ્તુ વિચારતાં
ભરમ ટલેં મતિદોષ
પરમપદારથ સંપતિ સંપજે
આનંદઘન રસપોષ. ૬. સુમ૦

ઇતિ શ્રીસુમતિજિનસ્તવઃ । ૫.

એહવું આતમાનું જે અરપણ થાપવું, વસ્તુ વિચારતાં નીપજઇં. વસ્તુનઇં વસ્તુપણઇં વિચારવું તેહિ જ પરમાત્માનું અરપણ કહીઇં.

તિવારેં સ્યું થાઇ ? ભ્રમ વિપર્યાસાદિક મતિના દોષ છેં તે ટલઇં. તિવારઇં પરમ ઉત્કૃષ્ટ પદારથ સંપજઇ નીપજઇં અનઇં આનંદઘન અતિહિં અનિર્વાચ્ય રસનો પોષ પુષ્ટિપણું થાઇં. ।।૬।।

એહવા પરમાતમા શ્રીસુમતિનાથ આપણેં બહિરાતમાપણું ટાલી, અંતરાતમા માંહિ વાસીઇ તિવારઇં પરમાતમા થઇએ. ।।૫।।

★

## સ્તવન : ૬

# શ્રી પદ્મપ્રભુ જિન સ્તવન

(રાગ : મારૂ અને સિંધુ)

[ચાંદલિયા સંદેસો કહે માહરા કંતનેં રે—એ દેશી]

પદમપ્રભુ જિન મુઝ તુઝ આંતરૂં
કિમ ભાજે ભગવંત
કરમ વિપાકઇં કારણ જોઈએ
કોઈ કહેં મતિમંત. ૧. પદમ૦

શ્રી વીતરાગ પરમાતમા, સંસારી બહિરાતમા, તેહનેં વિચેં અંતર છઇં તે કહઇ છઇ.

છઠ્ઠા હે શ્રી પદ્મપ્રભજિન ! એહવું જે આતરૂં તુઝ અનઇં મુઝ વિચ છઇં. તુહ્મો ગુણ સિદ્ધ છો, હું ગુણ-

સિદ્ધિ વિકલ છું, તે સમાન કિમ થાઇ ? તે આંતરૂં કિમ ભાજઇં, હે ભગવંત ! જ્ઞાનવંત કોઇં એહવો ડાહ્યો મતિવંત કોઈ કર્મવિપાકિં કારણ જોઇનઇં કહે. બીજાઇં પ્રાણી સંસારમાંહિ "કર્મવિપાક" ગ્રંથ જોવરાવી, પોતાના કૃતકર્મનો દોષ ટાલઇ છઇ, તે માટઇં મુઝનઇં પણિ કોઇ કહે તો દોષ ટાલું. ॥૧॥

પયઈ ૧ ઠિઇ ૨ અણુભાગ ૩ પ્રદેસથી ૪
મૂલ ઉત્તર બહુ ભેદ
ઘાતી અઘાતી હો બંધ ઉદય ઉદીરણા
સંત કરમ વિછેદ. ૨. ૫૬૦

તિવારઇં "કર્મવિપાક" ગ્રંથઇ જોઇનઈ, અંતરનુ કારણ કહઇં છઇં.

પ્રકૃતિબંધ તે તે કર્મના સ્વભાવિં. જિમ જ્ઞાનાવરણ પટ સમાન જ્ઞાનાદિ આવરણ સ્વભાવ ૧, સ્થિતિબંધ તે કર્મના બંધનો સ્થિતિકાલ ૨, અનુભાગ બંધ તે કર્મના રસ શુભાશુભરૂપ ૩, પ્રદેશબંધ તે કર્મવર્ગણીના દલિક ૪, એ ચ્યારે ભેદેં બંધ હોઇં. કેહનો કર્મપ્રકૃતિનો તે પણિ બહુ ભેદઈં. મૂલ પ્રકૃતિબંધ ૮ તેહની ઉત્તરપ્રકૃતિબંધ ૧૫૮ ઇત્યાદિક. તે આઠ કર્મમાં પણિ ચ્યાર ઘાતી-જ્ઞાન ૧, દર્શન ૨, મોહનીય ૩, અંતરાય ૪. એ આત્માના ગુણનેં હણઇં તે માટિં ઘાતી, અનેં વેદની ૧, નામ (૨), ગોત્ર ૩, આયુ ૪, એ અઘાતી. જ્ઞાનદર્શન સમ્યક્ત્વ વીર્યગુણનેં ઘાત ન કરઇ. તે વલી પ્રકૃતિ બંધઇ ૧૨૦, ઉદયે ૧૨૨, સત્તાઇ ૧૫૮, એ સર્વ અંતર તિણેં કરી

મિલાતુ નથી. પ્રકૃતિ તથા ધ્રુવબંધી ૪૭, અધ્રુવબંધી ૭૩, ધ્રુવોદયી ૨૭, અધ્રુવોદયી ૯૫, ધ્રુવસત્તા ૧૨૮, ભવવિપાકી ૪, ક્ષેત્રવિપાકી ૪, જીવવિપાકી ૭૮, પુદ્ગલવિપાકી ૩૬, સર્વઘાતી ૨૦, અઘાતી ૭૫, દેશઘાતી ૨૫, પરાવર્ત્તી ૯૧, અપરાવર્ત્તી ૨૯, પાપપ્રકૃતિ ૮૨, પુન્યપ્રકૃતિ ૪૨, તે સર્વ અંતરાયરૂપ છઇં. "કર્મગ્રંથ"થી જાણવી. ૭૨૪ જાંણવી.

કનકોપલવત પયડી પુરુષતણી
જોડી અનાદિ સ્વભાવ
અન્ય સંયોગી હો જિહાં લગિં આતમા
સંસારી કહેવાય. ૩. ૫૬૦

હવેં તે પ્રકૃતિનો યોગ કનકપાષાણની પરઇં. અનાદિ યોગઇં આતમા શબ્દઇં પુરૂષનઇં લાગી છઇં. એહવો જ સ્વભાવ અનાદિ છઇ.

જિહાં લગઇં આતમા અન્ય કર્માદિ પુદ્ગલસ્યું સંયોગી છઇં, તિહાં લગેં સંસારી કહવાઇં. ચઉગતિ ભ્રમણ સંસારઇં ફિરઇ છઇ. ।।૩।।

કારણ યોગેં હો બંધક બંધમે
કારણ મુગતિ મુંકાય
આશ્ર(સ્ર)વ સંવર નામ અનુક્રમઇં
હેયોપાદેય સુણાય. ૪. ૫૬૦

મિથ્યાત્વ ૧–અવિરતિ કષાય–પ્રમાદ અપ્રશસ્તાદિ યોગેં એ સર્વ કારણનાં બંધ કરઇં અથવા એ કારણઇં બંધનો બંધક કહવાઇ. અથવા ઇંદ્રિયાદિકને પ્રાણાતિપાતાદિકે જોડવાં ઇત્યાદિક કારણ.

એ કારણથી મૂંકાણો તિવારઇં જીવનઇં મુક્ત કહીઇં.

કારણનાં અનુક્રમઇં[1] બંધાનઇં આશ્રવ કહવાઇં. એહનાં કારણ સંવરવે રોકવઇં કરી સંવર થાઇં.

તે આશ્રવ તે હેય છાંડવા યોગ્ય. ઉપાદેય આદરવા યોગ્ય તે સંવર. એ રીતિ આગમમાં સુણીઇ. ॥૪॥

જુજનકરણેં હો અંતર તુઝ પડયો
ગુણકરણેં કરિ ભંગ
ગ્રંથ–ઉકતિ કરી પંડિત જન કહ્યો
અંતરભંગ સુઅંગ. ૫. ૫૬૦

તે માટિં જુજનકરણઇ કરીનઇ તુહ્મ મુઝમાં અંતર પડયો છઇં.

કરણ ૩ : જ્ઞાનકરણ ૧, ગુણકરણ ૨ અને ત્રીજો સંસારીકરણ ૩ હેતુ રૂપ તે એ બે કરણ જુંજને અંતર ભાજે. એક જ્ઞાનકરણ તે ચેતનારૂપ. તેણે કરી જુંજન જોડીઇં. આપાપણા સ્વરૂપનું સ્વરૂપઇં જાણવું તે જુંજનકરણ. તેણેં જ અંતર પડયો અને તત્સ્વરૂપ જાંણીને ગુણપણઇં આચરણા તે ગુણકરણ કહીઇં. તેહનો ભંગ વિચિત્રતા.

એ ગ્રંથ શાસ્રની ઉક્તિ વચનથી પંડિતજનઇ એ કરણનું જુંજનવિધિ કહ્યો.

એહવાપણેં જે આંતરાનો ભંગ થાઇં તેહ જ ભલો અંગ કહીઇં અથવા એહ જ શ્રુત આગમનું અંગ ॥૫॥

---

ટિ. ૧ અનુક્રમ તે સ્યું ? બંધ વિના ઉદય નહી અને ઉદય યોગ્ય તેહની જ ઉદીરણા અને અનાદિ બંધ અપેક્ષીઇં તે સત્તા ઇત્યાદિકે.

તુઝ મુઝ અંતર અંતર ભાજસ્યઇ
વાજસ્યે મંગલતૂર
જીવ સરોવર અતિશય વાધસ્યઇ
આનંદઘન રસપૂર. ૬. ૫૬૦
ઇતિ શ્રીપદમપ્રભુ જિન સ્તવઃ। ૬.

એ રીતિ જિવારે જે સમયે તુહ્મારઇ માહરઇ અંતર ભાંજસ્યઇ, ધ્યાતા ધ્યાન ધ્યેય એકીભાવઇ થાસ્યઇ તિવારઇં જ નિર્વિધ્ન મંગલીકના વાજા તૂર વાજસ્યઇ. તિવારે જીવ સરોવર આત્મા માનસરોવરનો અતિશયી ગુણ વાધસ્યઇ. પરમ આનંદરૂપ ઘન મેઘ તેહનો રસપૂર પ્રગટસ્યઇ. ॥૬॥

એતલે છઠ્ઠા શ્રીપદ્મપ્રભસ્વામીનું સ્તવન થયું. ॥૬॥

એહવા પ્રભુ સ્તવવાનઇ એકતા મન હોઇ. અનેક નાંમઇ સ્તુતિ કહીઇ તે કહીઇ છઇ.

★

## સ્તવન : ૭

# શ્રી સુપાસ જિન સ્તવન

( રાગ : સારંગમલ્હાર )

[ દેશી : લલનાની ]

શ્રી સુપાસજિન વંદિઇ
સુખસંપતિનેં હેતુ. લલનાં૦
શાંતસુધારસ જલનિધી
ભવસાગર મહી સેતુ. લલનાં૦ ૧. શ્રીસુપા૦

શ્રીશુક્લ જ્ઞાનાદિ લક્ષ્મીઇં સહિત, ભલું પાસું સમીપ છઇં જેહનું, અનઇં સુપાસ નામા, સાતમા જિનનેં વાંદીઇ. ત્રિકરણ શુદ્ધિં પ્રણમીઇં.

સુખ સંપદાના હેતુ કારણ માટઇ સુખ અનંત નિર્વંધરૂપ સંપદા સ્વભાવ પ્રાપ્તિ. તે કેહવા છઇં? સમતારસ નવમો અનુભવ શાંત સુધારસના જલનિધી સમુદ્ર છઇ. ભવસંસારરૂપ સાગરની પૃથવી બંધનનેં કાજેં સેતુ કo પાલિભૂત છઇં અથવા સંસારસમુદ્ર તરવાનેં મહા મોટી સેતુ પાજ છિં પરૂ પાર પામવાનેં ।।૧।।

સાત મહાભય ટાલતો
સપ્તમ જિનવર દેવ લo
સાવધાંન મનસા કરી
ધારો જિનપદ સેવ. લo ૨. શ્રીસુo

સાત મહાભયનઇં ટાલતો છઇં. ઇહલોકભય ૧, પરલોકભય ૨, આદાનભય ૩, અકસ્માતભય ૪, આજીવકા ભય ૫, અપજસભય ૬, મરણભય ૭, ઇત્યાદિ દ્રવ્યભય, ભાવભય તે કાંમ, ક્રોધ, મદ, હર્ષ, રાગ, દ્વેષ, મિથ્યાત્વનો ટાલક એ સાતમો જિન છઇ. તે માટિં સાવધાન એકાગ્રતા મન કરી ચિત્તમાં અવધારો. એહી જ જિન ચરણકમલની સેવા કરો. ।।૨।।

શિવશંકર જગદીસરૂ
ચિદાનંદ ભગવાન લo
જિન અરિહા તિત્થંકરૂ
જ્યોતિ સરૂપ અસમાન. લo ૩. શ્રીસુo

શિવ નિરૂપદ્રવ્ય છઇં. શંકર ક૦ સુખકારી છઇં. ત્રિણ્ય જગતના ઈશ્વર સ્વામી છઇ. ચિદાનંદ જ્ઞાનરૂપી છઇ. ભગવંત[1] જ્ઞાન માહાત્મ્યરૂપ યશ વીર્ય વૈરાગ્યવંત છઇ. રાગાદિ જીપક માટિ જિન છેં. સકલ જગતની દ્રવ્ય ભાવ પૂજાનેં યોગ્ય, માટિં અરિહંત છઇં. તીર્થ ક૦ ચાતુર્વર્ણ્ય સંઘ પ્રવચન દ્વાદશાંગી પ્રથમ ગણધર કરવા માટેં તીર્થંકર જ્યોતિ સ્વરૂપ છે. કોઇની જ્યોતિનું ઉપમાન ઠામ નથી. ।।૩।।

અલખ નિરંજન વચ્છલૂ
સકલ જંતુ વિસરાંમ લ૦
અભયદાન દાતા સદા
પૂરણ આતમારામ. લ૦ ૪. શ્રીસુ૦

અલક્ષ કુંણે સંસારીઇં કલ્યો ન જાઇં. નિરંજન કર્મરૂપ અંજન લેપનથી સર્વ પ્રાણીનઇ વાત્સલ્ય હિતકારક સર્વત્ર સ(અ) સ્થાવર જંતુ ક૦ જીવનો આધાર વિશ્રાંમભૂત છઇં.

સદૈવ નિરંતર, અખયદાન અભયદાનનો દાતા દાયક છઇં. આત્માના ગુણ તેણેં કરી પૂર્ણ ભર્યો, આતમારામ છઇં. ।।૪।।

વીતરાગ મદ કલ્પના
રતિ અરતિ ભય સોગ લ૦
નિદ્રા તંદ્રા દુરદશા
રહિત અબાધિત યોગ. લ૦ ૫. શ્રીસુ૦

---

ટિ૦૧. ऐश्वर्यस्य समग्रस्य रूपस्य यशसः श्रियः । ज्ञानवीर्यप्रयत्नस्य अथवा ज्ञानवैराग्यमुक्तेश्च षण्णां भग इतीरणा (इति मतः) ।।

વીત ક૦ ગયા છઇં, રાગ ક૦ ઇષ્ટપ્રાપ્તિ, હર્ષ, મદ તે પ્રાપ્ત વસ્તુનો ઉત્કર્ષ, કલ્પના તે સંકલ્પજાલ, ઇષ્ટની બહુમાનતા તે રતિ. તદ્વિપરીતિ તે દીનતા. તે અરતિભય તે પૂર્વોક્ત શોક ગતવસ્તુઇં રોદના ક્રંદન શોચનાદિ. નિદ્રા તે ઊંઘ. તંદ્રા તે આલસ. દુરદશા તે અશુભાધ્યવસાય ઇત્યાદિક અશુભ દશાથી રહિત છો એતલા જ માટિં અબાધિત યોગ સાધ્યા સકલ યોગ જેણુઇં. ।।૫।।

પરમ પુરુષ પરમાતમા
પરમેસર પરધાન લ૦
પરમ પદારથ પરમિટ્ઠી
પરમદેવ પરનામ. લ૦ ૬. શ્રીસુ૦

ઉત્કૃષ્ટ પુરૂષ, પરાક્રમી, પરમાત્મા, નિરંજન આત્મા, પરમેશ્વર, જગત્ર નાયક પ્રધાન સર્વમાંહિ છો.

પરમપદ ક૦ મોક્ષ તેહી જ અર્થ જેહનઇં પરમ જ્ઞાન તેહી જ ઇષ્ટ છઇં તે પરમિટ્ઠી કહીઇં.

ઉત્કૃષ્ટ લોકોત્તર ગુણુઇં દેવ છો. ઉત્કૃષ્ટ નામ છો. એહવાનઇં પ્રણામ. ।।૬।।

વિધિ વિરંચિ વિશ્વંભરૂ
હૃષીકેશ જગનાથ લ૦
અઘહર અઘમોચન ધણી
મુક્ત પરમપદ સાથ. લ૦ ૭. શ્રીસુ૦

વિધિના ઉપદેશક, વિરંચિ, અનાશંસાઇ યોગના સાધક, વિશ્વંભર યોગ ક્ષેમના કારક, વિધિ, બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર રૂપ છો.

હ્રષીક કo ઇંદ્રિય તેહનીઈ કo ઇચ્છા તેહ નાશક કહીઈં. ઇછાના સ્પર્ધક છો, જગના નાયક !

પરના અઘ પાપનઇં હરઇ, સ્વયં પોતઇં અઘમોચન પાપહર્ત્તા છો. ધણી સ્વામી છો. કર્મથી મુક્ત રહીત છો. પરમ પદના સાર્થવાહ છો. ॥૭॥

ઇમ અનેક અભિધા ધરઇં
અનુભવગમ્ય વિચાર લo
જે જાંણે તેહનેં કહઇં
આનંદઘન અવતાર. લo ૮. શ્રીસુo
ઇતિ સુપાસ જિન સ્તવઃ । ૭

ઇંમ અનેક પ્રકારઇં ગુણનિષ્પન્ન નામ ધારો છો. તે નામના વિચાર અનુભવગમ્ય છઇં. એકહુના અનેક રૂપ નામ છઇં. એહવા જે તુહ્મારા નામના અર્થ જાણી ધ્યાન સ્મરણ કરઇં. તે પ્રાણી આનંદઘન જ્ઞાનમય અવતાર કરઇં. અક્ષયભાવઇં જ્ઞાન દર્શન ચારિત્રમયપણું પામઇ. ॥૮॥

ઇતિ શ્રીસુપાર્શ્વનાથ જિન સ્તવનં. ॥૭॥

☆

## સ્તવન : ૮

# શ્રી ચંદ્રપ્રભ જિન સ્તવન

(રાગ : કેદારો તથા ગોડી)

[કુમરી રોવે આક્રંદ કરે મુને કોઇ મુકાવે—એ દેશી]

ચંદપ્રભુ મુખ ચંદ
સખિ મોને દેખણ દિઇ
ઉપસમ રસનો કંદ સખી૦
સેવે સુર નર ઇંદ સ૦
ગત કલિમલ દુખદંદ. ૧. આંકણી.

એહવા પ્રભુનું દર્શન કુણ ગતિ, તેહની દુર્લભતા, કુણ ગતિ સુલભતા તે કહવાનઇં શ્રી ચંદ્રપ્રભસ્વામિનઇં સ્તવઇં છઇં. હવઇ શુદ્ધ ચેતના તે અશુદ્ધ ચેતના પ્રતિં કહે છઇં.

અરે સખી ! અનાદિ આત્માઇં ઉપાધિભાવઇં આદર્યા માટઇં શ્રી ચંદ્રપ્રભસ્વામીનું મુખરૂપ ચંદ્ર પ્રતઇં જોવા દિઇં મુઝનઇ.

એ પ્રભુ ઉપશમ રસનો સમતા રસનો કંદ કં૦ કાંદો છઇં. અનેક સુર અને નર તેહના ઈંદ્ર તે સેવઇં છઇ જેહનઇં. વલી જેહથી કર્મ ક્લેશ મલ, દુખના દંદ સમુદાય સર્વ ગયા છઇં જેહથી, એહવાને જોવા દિઇ. ॥૧॥

સુહુમ નિગોદે ન દેખીઓ સ૦
બાદર અતિહિ વિસેસ સ૦
પુઢવી આઓ ન લેખીઓ સ૦
તેઉ વાઊ ન લેસ૦ ૨. સ૦

અનાદિ સંસારી એટલી જાયગાઇં તે પ્રભુનઇં ન દેખ્યો, તે વીનતીરૂપઇં કહે છઇં.

સુહુમનિગોદે અવ્યવહારિનિગોદ અત્યંત અબોધ તીવ્ર મોહેં કરી પ્રભુનઇં દીઠો નહીં તથા બાદરનિગોદ માંહિં પણિ ન દેખ્યો પણિ અતિહઇં હે સહિયાણી! પૃથવી પાણી માંહિં પણિ ન દેખ્યો. મિથ્યાત્વના ઘર માટિં હે સખી. વલી તેઉકાય[1] વાયુકાયમાંહિ પણિ લેસ માત્ર દીઠો નહી. એ સર્વ સૂક્ષ્મ અનેં બાદર બેહુ લેવા. 'एगेंदी नियमा अनाणी' ઇતિ આગમ. ॥૨॥

વનસ્પતી અતિ ઘણ દીહા સ૦
દીઠો નહી ય દીદાર સ૦
બિ તિ ચઉરિંદી જલલીહા સ૦
ગતિ સંનીપણ ધાર. ૩. સ૦

વનસ્પતી પણિ અનંત કાલ માટિં ઘણદીહા કહીઇં. 'दीहट्ठिवणस्स' इति આગમપાઠે. તિહાં પણિ દીદાર દર્શન ન પામ્યો. દ્રવ્ય થકી પણિ દેખવું નથી. તિહાં બેંદી, તેંદી, ચઉરિંદી એહનેં પણિ જડની રેખા વિકલેંદ્રિય માટિં અપર્યાપ્તા સર્વઇ જાણવા.

ગતિસન્નીયા પાંચ ઠામ છઇં, તિહાં પણ ન દીઠો. ॥૩॥

---

ટિ૦ ૧. 'सम्मंपि न तेऊ वाऊ भूआ' इति वचनात्।

સુર તિરિ નિરય નિવાસમાં સ૦
મનુજ અનારિજ સાથ સ૦
અપજ્જત્તા પ્રતિભાસમાં સ૦
ચતુર ન ચઢિયો હાથ. ૪. સ૦

સુર દેવતા, તિર્યંચ, નારકી ૩, તેહના નિવાસમાં મનુષ્ય ૪, તેહ માંહિં વલી અનાર્ય ઇત્યાદિક સમુદાયમાં સન્નિયા મધ્યે પણિ.

યદ્યપિ સન્નિયા પર્યાપ્તા છઇં, તોહેં પણિ અપર્યાપ્તા ભાસ, ધર્મસંજ્ઞા વિના તિહાં પણિ ચતુર સર્વ કલા કલન કુસલ પ્રભુ હાથિ ન આવ્યા. ।।૪।।

ઇંમ અનેક થલ જાંણીઇ સ૦
દરિસણ વિણુ જિણ દેવ સ૦
આગમથી મનિ આંણીઇં સ૦
કીજિઇં નિરમલ સેવ. ૫. સ૦

ઇંમ અનેક સ્થાનક, ચોરાસી લક્ષ જીવાયોનિમાંહિં હે દેવ! તુહ્માારા દર્શન વિના સર્વ સ્થાનક ફરસ્યા. સંજ્ઞીપણાં માંહિં પણિ દેખીઇં તિમ કહું.

સદાગમથી નિર્મલ મતિ કરી, સઠ હઠાદિક દોષ શુદ્ધ બુદ્ધિઇં કરી, જો નિર્મલ નિર્દંભથી સેવા કીજીઇં. ।।૫।।

નિર્મલ સાધુ ભગતિ લહી સ૦
જોગ અવંચક હોય સ૦
કિરિય અવંચક તિમ સહી સ૦
ફલ અવંચક જોય. ૬. સ૦

નિર્મલ નિરાશંસ સાધુ ભગતિ પામીનઇં.

વલી યોગનું અવંચક હોઇં, તો યોગ જ્ઞાન, દર્શન, ચારિત્રનું અવંચકપણું,

કિરિયા અવંચક જેણેં અસંસાદિ દોષઇં ક્રિયાનું અવંચકપણું ન થાઇં એતલઇં સફલ થાઇં.

ફલ અવંચક તે ચારિત્ર ફલ નિર્વાણ ઇણઇં જોગઇ. ॥૬॥

પ્રેરક અવસર જિનવરૂ સ૦
મોહનીય ખય જાય સ૦
કામિત પૂરણ સુરતરૂ સ૦
આનંદઘન પ્રભુ પાય. ૭. સ૦
ઇતિ શ્રીચંદ્રપ્રભજિનસ્તવઃ । ૮

એકિ વારઇં નીપજઇં પ્રેરક કર્મ વિવર ઉદ્યમાદિ પંડિત વીર્યાદિ, તે સમયઇં જિનવર દર્શન નિમિત્તઇં મોહનીય કર્મ ક્ષય જાતઇં હુંતઇં.

કામિત ઇષ્ટફલ મોક્ષપ્રાપ્તિ લક્ષણનઇં વિષઇં, સુરતરૂ કલ્પવૃક્ષ સમાન આનંદઘન પ્રભુ પરમાતમા ભગવંતના પદ તે સેવો. એહવઇં દુર્લભપણેં સેવા પામી ॥૭॥

એતલઇં શ્રીચંદ્રપ્રભ આઠમા જિનનું સ્તવન થયું. ॥૮॥

☆

## સ્તવન : ૯

# શ્રી સુવિધિ જિન સ્તવન

(રાગ : કેદારો)

[ ઇમ ધન્નો ધણિને પરચાવે—એ દેશી ]

સુવિધિ જિનેસર પાય નમીનઇ
શુભ કરણી ઇમ કીજઈ
અતિ ઘણુ ઊલટ અંગિ ધરીને
પ્રહ ઊઠી પૂજી જઈ રે. ૧. સુ૦

એહવા પ્રભુનું દર્શન દુર્લભ કહ્યું. તેહવાનું દર્શન પામી કિમ સેવા કીજઇં, તે વિધિ કહવાનઇં સુવિધિનાથ સ્તવે છે.

શ્રી સુવિધિજિનેશ્વરના પગ નમીનઇં શુભકરણી યતના અનઇં ભક્તિએ ૨ કરણી તે શુભકરણીને ઇણિ વિધિ કીજઈ. ઘણો ઊલટ હર્ષ અંગમાં આણંદ આણીનઇં ધરીનઇં પ્રભાતિં ઊઠી જાગી સાવધાન થઈ પૂજા કીજઇ. ।।૧।।

દ્રવ્ય ભાવ સુચિ ભાવ ધરીનઇં
હરખઇં દેહરઇં જઈઇં રે
દહ તિગ પણ અહિગમ સાચવતી
એકમનાં ધુરિ થઈઇ. રે. ૨. સુ૦

શુચિ પવિત્ર આસંસાદિ આશયે કલુષિત મલિન નહી, એહવો જે ભાવ પરિણામ તિણે દ્રવ્ય ૧, ભાવ (૨) બિહું ભેદઇં પૂજા કીજઇં.

હરખઇં ચિત્તસમાધિં કરી દેહરઇ જઇએ. તિહાં પ્રથમ દસ ત્રિક સાચવીઇં, તે કિમ ? ત્રિણ્ય નિસીહી ૧,

ત્રિણ્ય પ્રદક્ષિણા ૨, ત્રિણ્ય પરણામ ૩, ત્રિવિધા પૂજા ૪, અવસ્થા તીન ભાવવી ૫, ત્રિદિસિ ન જોવું ૬, ત્રિણ્યવાર ભૂમિ પદ પૂજવાં ૭, ત્રિણ્ય અવલંબન ૮, ત્રિણ્ય મુદ્રા ૯, ત્રિણ્ય પ્રણિધાન ૧૦, એવં ૩૦ બોલ સાચવવાં. પાંચ અભિગમ વંદન ચિહ્ન સાચવવાં. સચિત્ત દ્રવ્યત્યાગ ૧, અચિત્ત દ્રવ્યની અનુજ્ઞા ૨, મનની એકાગ્રતા ૩, એકસાટિક ઉત્તરાસણ ૪, જિન દીઠે અંજલિ પ્રણામ ૫ અથવા વલી રાજા ખડ્ગ ૧, છત્ર ૨, ઉપાનહ ૩, મુગટ ૪, ચામર ૫, એ રાજ્ય ચિહ્ન મુકઇ ઇત્યાદિક વિચાર દેવ વાંદતાં ૨૦૭૪ બોલ થાઇં. તે સર્વ ભાષ્ય પ્રમુખ "આવશ્યક નિર્યુક્તિ," "પ્રવચન સારોદ્ધાર" આદિથી જાણવો.

ઇણિ રીતિં એકાગ્ર મનિ પ્રથમ થઈ વિધિગ્રંથાનુસારઇં સકલ વિધિ શક્તિ પ્રમાણ સાચવીનેં ॥૨॥

કુસુમ ૧ અખ્યત ૨ વરવાસ સુગંધો ૩
ધૂપ ૪ દીપ ૫ મન સાખી રે
અંગ-પૂજ પણ ભેદ સુણી ઇમ
ગુરુ મુખ આગમ ભાખી રે. ૩. સુ૦

વિવિધવર્ણી ગ્રંથિમ ૧, વેટિમ ૨, પૂરિમ ૩, સંઘાતિમ ૪, ચ્યાર ભેદઇં કુસુમની પૂજા ૧, અક્ષત ફૂલ નાણાદિક ૨, પ્રધાન ગંધ એહવો વાસચૂર્ણ ૩, ધૂપ કૃષ્ણાગર પ્રમુખ ૪, દીપ જ્યોતિઃ પ્રકટન ૫, ઇમ પૂંજા મન સાખિ કરઈં. એ પાંચ પ્રકારની પૂજા તે અંગ પૂજા અગ્ર પૂજાદિકઇં હોઇં.

ગુરૂમુખથી સાંભલી આગમ સિદ્ધાંત ભાખિત. ॥૩॥

એહનું ફલ દો ભેદ સુણીજઇ
અનંતર નેં પારંપર રે
આણાપાલાન ચિત્તપ્રસત્તી
સુગતિ સુર મુગતિ મંદિર રે. ૪. સુવિ૦

એ બેહુ પૂજાનાં ફલ બિહું ભેદઇં, બિહુ પ્રકારઇ સાંભલીઇ.

અનંતર આંતરા રહિત સાક્ષાત ફલ નિર્વાણ સાધઇં. અનઇ પરંપરાઇ મોક્ષ સાધઇં, તે પરંપર ફલ કહીઇં.

આજ્ઞાનું જિહાં સંપૂર્ણ ચારિત્ર એક ફલ તે અનંતર અને ચિત્તપ્રસત્તિ વિશિષ્ટ દ્રવ્યાદિકનું જોડવું, તે પરંપરા ફલ કહીઇં.

એતલેં ઉત્કૃષ્ટ દ્રવ્ય પૂજા મુગતિ સર્ગફલ અનેં ઉત્કૃષ્ટ યતના રૂપ ભાવાજ્ઞાપાલન જે મુક્તિમંદિર.

"उक्कोसं दव्वत्थयं आरोवणे जाइअच्चुयं जाव ।
भावत्थवाउ पावइ अंतमुहुत्तेण निव्वाणं" ॥१॥

ફૂલ ૧ અખ્યત ૨ વર ધૂપ ૩ પઈવો ૪
ગંધ ૫ નેવજ ૬ ફૂલ ૭ જલભરી રે ૮
અંગ અગ્ર પૂજ મિલીનેં અડવિધ
ભાવિ ભવિક સુભ ગતિ વર રે. ૫. સુ૦

કુસુમ ફૂલ ૧, અક્ષત ધાન્ય તંદૂલાદિ ૨, પ્રધાન ધૂપ ૩, પ્રદીપ દીવો ૪, ગંધ વાસાદિ ૫, નૈવેદ્ય આહારાદિ ૬, ફલ બીજપૂરાદિ ૭, જલં પ્રતીતં ૮.

ઇમ અંગપૂજા અગ્રપૂજા મિલીનઇં આઠ ભેદ થાઇ.

જે ભવિક શુભગતિના પામણહાર તે એહવઇં ભાવિં પૂજા કરઈં, તે શુભ ગતિ વરઇં. ॥૫॥

સતર ભેદ એકવીસ પ્રકારેં
અઠોત્તર સો ભેદેં રે
ભાવ પૂજ બહુવિધ નિરધારી
દોહગ દુરગતિ છેદેં રે. ૬. સુ૦

સતર ભેદ વલી પૂજાના પ્રકાર. ન્હવણ ૧, વિલેવણ ૨ અંગમાં. 'चक्खुजुयलं च वासपूजाए' ઈત્યાદિ તથા વલી એકવીસ પ્રકારેં યથા–સ્નાનં ૧, વિલેપન ૨, વિભૂષણ ૩, પુષ્પ્રરાસ ૪, ધૂપ ૫, પ્રદીપ ૬, ફલ ૭, તંદુલ ૮, પત્ર ૯, પૂગૈઃ ૧૦, નૈવેદ્ય ૧૧, વારિ ૧૨, વસનં ૧૩,* ચમર ૧૪, આતપત્ર ૧૫, વાજિ(જિં)ત્ર ૧૬, ગીત ૧૭, નટન ૧૮, સ્તુતિ ૧૯, કોશ ૨૦, વૃદ્ધિ ૨૧,

इत्येकविंशतिविधा जिनराजपूजा ख्याता सुरासुरगणेन कृता सदैव ।
खण्डीकृता कुमतिभिः कलिकालयोगात् यद्यत्प्रियं तदिह भाववशेन योज्यम् ॥

તથા વલી અઠ્ઠોત્તરસો ભેદેં પણિં પૂજા, એવં દ્રવ્ય પૂજા અનેક પ્રકારે. ભાવપૂજા શુદ્ધાજ્ઞા પાલવા રૂપ ઉગ્ર વિહાર સ્વરૂપ તે પણિ બહુ પ્રકારે નિર્ધાર નિર્યાસ કરીનઇં.

દોહગ મિથ્યાત્વાદિ દુઃખ–જન્મ, જરા, મરણાદિ ઇત્યાદિકની ગતિપરંપરાનેં ઉછેદક થાઇ. ॥૬॥

---

* લા૦ દ૦ સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતમાં ૧૨ મું પત્ર નહિ હોવાથી ઉજમફઈની ધર્મશાળાના ભંડાર (હાલમાં લા૦ દ૦ સંગ્રહમાં, ક્રમાંક ૧૬૬૮)ની પ્રતના મૂળ પાઠ અને સ્તબક લીધાં છે.

તૂરિય ભેદ પડિવત્તી પૂજા
ઉપશમ ખીણ સંયોગી રે
ચઉહ પૂજ ઇમ ઉત્તરઝયણે
ભાખી કેવલ ભોગી રે. ૭. સુ૦

એતલઇ અંગ અગ્ર ભાવ પૂજા દેખાડી. ચોથો ભેદ પ્રતિપત્તિપૂજા તે પ્રતિપત્તિ શબ્દઇ ચરણ સમાચરણ સમાપત્તિ લક્ષણ જાંણવો. ઉપશમ ક્ષીણ મોહ સંયોગી ઇત્યાદિક ફલપ્રાપ્તિરૂપ તે પ્રતિપત્તિપૂજા ચોથી જાંણવી.

ઇમ ચ્યાર પ્રકારની પૂજા "ઉત્તરાધ્યયન"માંહિં ભાખી કહી કેવલજ્ઞાનીઇં.

અથવા પ્રતિપત્તિ તે અનાશાતના કહી છે તે પણિ અર્થ જાણવો. ॥૭॥

ટિ૦ અથવા પ્રતિપત્તિ તે અનાશાતના વિનયરૂપ તત્ર લોકોપચારવિનયો યથા—

आभुट्ठाणं अंजलि आसणदाणं च अतिहिपूया य ।
लोगोवयार विणओ देवयपूआ य विहवेणं ॥१॥

ઇતિ "ઉત્તરાધ્યયનવૃત્તૌ" તથા—

अहओ वयारिओ पुण दुविहो विणओ समासओ होइ ।
पडिरूवजोगजुंजण तह य अणासायणाविणओ ॥१॥
पडिरूवो खलु विणओ, काइयजोगो य वाइमाणसिओ ।
अट्ठचउव्विहदुविहो परूवणा तस्स इमा होइ ॥२॥ इति.

ઇંમ પૂજા બહુ ભેદ સુંણીનઇં
સુખદાયક શુભ કરણી રે
ભાવિક જીવ કરસ્યઇં તે તરસ્યઇં
આંનંદઘન પદ ધરણી રે. ૮. સુ૦

ઇતિ શ્રીસુવિધિજિનસ્તવઃ । ૯

એણુઇં પ્રકારઇં પૂજાના ઘણા ભેદ સાંભલીનઇં એહી જ નિર્ધાર જે વિધિસ્યું જિનપૂજા તે સુખદાયક અનઇ શુભ ક૦ અનુબંધઇં નિરવદ્ય કરણી એહવી જે ભવિ પ્રાણિ કરસ્યઇં તેહી જ પ્રાણી પાંમસ્યઇ.

પરમાનંદની ઘનનિ(ની) ચિત્તધરણી ભૂમિકા તે એહી જ વીતરાગની ભક્તિ છઇ. ॥૮॥

એહવા શ્રીસુવિધિનાથનઈ વિધિં પૂજી શીતલતા પાંમીઇ તે માટઇ. ॥૯॥

☆

## સ્તવન : ૧૦

# શ્રી શીતલ જિન સ્તવન

(રાગ : ધન્યાશી ગોડી)

[ગુણહ વિશાલા મંગલીક માલા–એ દેશી]

શીતલ જિનપતિ લલિત ત્રિભંગી
વિવિધ ભંગિ મન મોહેં રે
કરુણા કોમલતા ૧ તીખ્યણતા ૨
ઉદાસીનતા સોહેં રે. ૧. સીત૦

એહવી ભક્તિ કરતાં આત્મા પણિ રાગદ્વેષરૂપ મલથી શીતલ થાઈ. તે ભણી શ્રી શીતલસ્વામીનું સ્તવન કહઇ છઇં.

હે શ્રીશીતલ જિનપતિ! હે સામાન્ય કેવલીના સ્વામી! તુહ્માારી ત્રિભંગી ત્રિપદી તે લલિત છઇ સુખા(વ)બોધ પાંમઇ.

વિવિધ અનેક પ્રકારઈં ભંગી રચનાઈં કરી ભવિ પ્રાણીના મન મોહઇ છઇ મન હરઈ છઈ.

કરુણા તે કોમલતા અહિંસક ભાવ ૧. તીક્ષ્ણતા તે ક્રૂરતા ૨. ઉદાસીનતા તે બિહુંથી અનેરઇ ધર્મઈં શોભીઈ. ।।૧।।

સર્વજંતુહિતકરણી કરુણા ૧
કર્મ વિદારણ તીક્ષ્ણા રે ૨
હાનાદાન રહિત પરિણાંમી
ઉદાસીનતા વિક્ષણા રે. ૨. શીત૦

એ ત્રિભંગી સલ્લક્ષણુ વિવિધરીતિં કહઇ છઈ. સકલ જંતુ–ત્રસ, થાવર જીવનઇ હિતચિંતનરૂપ તે કરુણા ૧. અનઈં સ્વકર્મ વિદારવાનઇં વિષઇ તીક્ષ્ણતા સમૂલકાષ કર્મવયરી ઉછેદવા રૂપ પ્રકૃતિ ૨. અનઈં હાન ક૦ છાંડવું અનઈં અ(આ)દાન ક૦ લેવું ઇષ્ટ–અનિષ્ટ વસ્તુનઇ વિષઇં જે સમપરિણામઇ વર્ત્તવું તે ઉદાસીનતાની વીક્ષણા કહતાં દેખીઇ છઈ. ।।૨।।

પરદુખછેદનઇચ્છા કરુણા
તીક્ષ્ણા પરદુખ રીઝે રે
ઉદાસીનતા * ઉભય વિલક્ષણ
ઇક ઠામિ કિમ સીઝઇ રે. ૩. શીત૦

વલી ભંગ્યાં(ગ્યં)તરઇ ત્રિભંગી દેખાડઇ છઇ. પરના દુઃખ છેદવાની જે ઇછા તેહનઇ કરુણા કહીઈ.

તીક્ષ્ણતા તે પરદુખ દેખી રીઝિ પાંમવઉં.

ઉદાસીનતા તે એ બેહુંથી વિલક્ષણા ભાવઇ. જે માટેં કરુણા છઇ પણિ ઇછા નથી. તીક્ષ્ણ કર્મવિપાક

દેખવું છઇ પણિ રીઝિ નથી મિલીઈ સ્વભાવમય સ્વપરની તે * ઉદાસીનતા.

તે એક ઠામિં ભેલી કિમ રહઇં? તે માટે બિહુનો વિલક્ષણ ધર્મ અનઇ રાખવી એકઠી ઇંમ કરતઇં વિરોધ થાઇ. હવે એક ઠામઇં તુહ્મારઇં વિષઇં એ દેખાડઇ છઇ. ।।૩।।

અભયદાન મલક્ષય ફલ કરુણા
તીક્ષણતા ગુણ ભાવેં રે
પ્રેરણ વિનુ કૃત ઉદાસીનતા
ઇમ વિરોધ મતિ નાવઇં રે. ૪. શીત૦

સકલ જીવને અભયદાને કરીને કર્મમલનો ક્ષય અહિંસક પરિણામઇં સકલ હિંસક ભાવનાશ તે કરુણા જાણવી. અનઇં ભીષણતા આકરાપણું તે ગુણ પ્રગટ થાવાપણાને વિષે અક્ષય ભાવઇં જ સર્વ ગુણાધારપણું.

અનઈ પ્રેરણા વિના કરવાપણું એ ઉદાસીનતા.

યત :— "रागादिषु नृशंसेन सर्वात्मसु कृपालुना ।
भीमकान्तगुणेनोच्चैः साम्राज्यं साधितं त्वया ॥
इति वचनात् । "શ્રીવીતરાગસ્તોત્રપ્રકાશે."

ઇમ એક ઠામઇં ત્રિભંગી કરતાં વિરોધ ન આવઇ. ।।૪।।

---

* અહીંથી લા૦ દ૦ સંગ્રહ(ક્રમાંક ૭૦૫)ની પ્રતનો મૂળ પાઠ અને સ્તબક મળે છે.

શક્તિ વ્યક્તી ત્રિભુવન પ્રભુતા
નિગ્રંથતા સંયોગે રે
યોગી ભોગી વ્યક્તા મૌની
અનુપયોગ ઉપયોગેં રે. ૫. શીત૦

શક્તિ ગુણે કરુણા વ્યક્તાઇં. તીક્ષ્ણતા અને ત્રિભુવન પ્રભુતાઇઇં ઊદાસીનતા અથવા શક્તિ (૧); વ્યક્તિ ૨, ત્રિભુવનપ્રભુતા ૩ એ ત્રિભંગી.

અથવા નિર્ગંથતાનઇં સંયોગઇં એ ત્રિભંગી અથવા એ ત્રિણ્ય યોગઇ ત્રિભંગી નિર્ગ્રંથતા છઇં.

યોગી ૧, ભોગી ૨, વ્યક્તા ૩ ત્રિભંગી અથવા કરુણાનો યોગી ૧, તીક્ષ્ણતાનો ભોગી ૨, ઊદાસીનતાનો વ્યક્તા ૩.

અથવા મૌની ૧, અનુપયોગી ૨, ઉપયોગી ૩, ઇહે પણિ કરુણાદિકઇં અથવા જ્ઞાનદર્શને મૌની સર્વસંવરે અનુપયોગી ૨ યોગ નિરુદ્ધાવસ્થાઇ સ્વરૂપઇં સિદ્ધપણઇ સકલ કર્માંશ નાશ કૈવલ્ય આત્મોપયોગી તે ભણી ઉપયોગી ૩ ાાપાા

ઇત્યાદિક બહુ કહુ ભંગ ત્રિભંગી
ચમત્કાર ચિત્ત દેતી રે
અચિરજકારી ચરિત વિચિત્રા
આનંદઘન પદ લેતી રે. ૬ શીત૦

ઇતિ શ્રીસીતલજિનસ્તવઃ । ૧૦

એ રીતિ એક ત્રિભંગી સર્વમાં અથવા ઉત્પાદ, વ્યય, ધ્રુવાત્મક તથા દ્રવ્ય, ગુણ, પર્યાય રૂપ તથા સત્

૧, અસત્ ૨, સદસત્ ૩ ઈત્યાદિક ઘણી ત્રિભંગી પંડિત જનના ચિત્તમાં ચમત્કાર ઉપજાવતી.

એ તુહ્મારી ત્રિભંગી વિચિત્ર નાનાપ્રકારની આશ્ચર્યકારી ચરિત્ર છઈં.

એ ત્રિભંગી વિચારી હુંતી આનંદઘન પરમાનંદ પદનઈં લેતી પામતી છઈ. એ ત્રિભંગીનો અર્થ ગુરુપરંપરાથી જાણવો. ॥૯॥

એતલઈં શ્રીશીતલનાથનો સ્તવન થયું. એહવી ત્રિભંગીનઈં ગુણઈ કરી શીતલતા પામ્યા તે જિન, એહવા જિન. ॥૧૦॥

★

## સ્તવન : ૧૧

# શ્રી શ્રેયાંસ જિન સ્તવન

(રાગ : ગોડી)

[હો મતવાલે સાજના—એ દેશી]

શ્રી શ્રેયાંસ જિન અંતરયામી
આતમરામી નામી રે
અધ્યાતમમત પૂરણ પામી
સહજ મુગતિ ગતિ ગામી રે. ૧. શ્રીશ્રે૦

તેહી જ પરમાતમ શ્રેયાંસ શ્રેયસ્કારી તે માટિ શ્રી શ્રેયાંસજિનનઈં સ્તવે છઇ.

એહવા શ્રી શ્રેયાંસજિન તે અંતરયામી ચિત્તમાં વસ્યા છઈ.

તે શ્રેયાંસજિન આતમમાં રમતાં સહજગુણ ભોગી છઇ. કર્મને નમાવ્યા માટિં નામી છઇ.

અધ્યાત્મ આત્મસ્વરૂપ પૂર્ણ પામીનઇં સહજ મુગતિ નિરૂપાધિક સ્વભાવગતિનઇં પામતા છઇ, પામ્યા છઇં. ॥૧॥

સયલ સંસારી ઇંદ્રિયરામી
મુનિગુણ આતમરામી રે
મુખ્યપણે જે આતમરામી
તો કેવલ નિઃકામી રે. ૨. શ્રીશ્રે૦

સકલ સંસારી જીવ તે ઇંદ્રિયના સોપાધિક સુખના આરામી છઇ.

તે શ્રેયાંસજિન કહેવા છઇં ? મુનિગુણ જે જ્ઞાન દર્શન તન્મયી આત્મા તેહનઇં વિષઇ રમતા છઇ.

મુખ્યપણે નિશ્ચયથી જે આત્મારામી છઇં તેહી જ કેવલ શુદ્ધપણઇ નિઃકામી છઇં. અનઇં વ્યવહાર ક્રિયાઇં જે આતમરામી તે કેવલ નિઃકામી. અસદારંભ નિવર્ત્તન માટિં પરં સહજ મુગતિગામી નહી એહવું પણિ જણાવ્યું તે આગલ કહિ છઇ. ॥૨॥

નિજ સરૂપ જે કિરિયા સાધઇ
તે અધ્યાતમ લહિઇં રે
જે કિરિયા કરી ચઉગતિ સાધઇ
તે ન અધ્યાતમ કહિઇં રે. ૩. શ્રીશ્રે૦

જે ક્રિયા સંયમાનુષ્ટાનાચરણાદિ નિજ સ્વરૂપનઇં સાધઇં તેહી જ અધ્યાતમ લહીઈં જાણીઇં.

જે કિરિયા કાયિકયાદિ, રૌધનરૂપ કરીનઇં ચ્યાર ગતિ નઇં સાધઇં તે ક્રિયાને અધ્યાત્મ ક્રિયા ન કહિઈં.

એતલઇ ભવાટવીલંઘન ગુણસ્થાન પ્રાપ્તિ થકી સકામ ક્રિયા તિહાંથી માંડી યાવત્ નિજ સ્વરૂપ પ્રગટન લગઇ તેં ક્રિયા અધ્યાત્મક્રિયા. ॥૩॥

નામ અધ્યાતમ ઠવણ અધ્યાતમ
દ્રવ્ય અધ્યાતમ છંડો રે
ભાવ અધ્યાતમ નિજગુણ સાધઇ
તો તેહસ્યું રઢિ માંડો રે. ૪. શ્રીશ્રે૦

વલી ચ્યાર નિક્ષપઇં અધ્યાતમ—નામ અધ્યાતમ ૧, થાપન અધ્યાતમ ૨, દ્રવ્ય અધ્યાતમ (૩) એ ત્રિણ્યેં જ્ઞેયપણેં કરી હેયપણેં કરવાં.

ભાવ અધ્યાતમ (૪), નિરૂપાધિક નિરાશંસપણઇં જે ક્રિયા સાધક એહવો જે પરિણામ તે ભાવ અધ્યાતમ. પોતાના ગુણનઇં સાધઇં નીપજાવઇં નિરાવરણ કરઇં તે અધ્યાતમ સ્યું અહો દેવાનુપ્રિઓ! રતિ રૂચિ રાગ માંડઉ. ॥૪॥

અરથ અધ્યાતમ અરથ સુણીનઇં
નિર્વિકલ્પ આદરયો રે
શબ્દ અધ્યાતમ ભજના જાણો
હાન—ગ્રહણ મતિ ધરયો રે. ૫. શ્રીશ્રે૦

એ અધ્યાતમ શબ્દનો અર્થ પરમાર્થથી સાંભલીનઇ નિર્વિકલ્પપણઇં સત્ય પ્રતીતઇ કલ્પનાજાલ રહિત તેહી જ ભાવ અધ્યાતમ આદરયો.

શબ્દથી જે અધ્યાતમ બોલીઇં તે માંહિ ભાવ અધ્યાતમની ભજના જાંણવી. જિમ દાનગ્રહણાદિ શબ્દઇં

જિમ શબ્દ અધ્યાતમમતિ ધરીઇં, તિમ શબ્દઇ અધ્યાતમની ભજના ધરવી. ાાપાા

અધ્યાતમ જે વસ્તુ વિચારી
બીજા જાણિ લબાસી રે
વસ્તુ ગતિં જે વસ્તુ પ્રકાશઇં
આનંદઘન મતિ વાસી રે. ૬. શ્રીશ્રે૦
ઇતિ શ્રીશ્રેયાંસજિનસ્તવઃ । ૧૧

વસ્તુગતિ જે વિચારીનઇં કહઇં તે અધ્યાતમ કહીઇં. બીજા જે વચન વિચાર તે લવાસીલવ વચન માત્ર.

અનઇં વસ્તુગતિ જે પરમાર્થ જાંણી વસ્તુ પ્રકાશઇં કહઇં.

આનંદઘનમત જે સ્યાદ્વાદ મત તેહના વાસી જાણવા. ાા૬ાા

એતલઇં ઇગ્યારમા શ્રી શ્રેયાંસજિનનું સ્તવન થયું. ાા૧૧ાા

☆

## સ્તવન : ૧૨

# શ્રી વાસુપૂજ્ય જિન સ્તવન

(રાગ : ગોડી તથા પરજીઉ)

[તુંગિયા ગિરિ શિખરિ સોહે—એ દેશી]

વાસુપૂજ્ય જિન ત્રિભુવન—સ્વામી
ઘણનામી પરિણામી રે
નિરાકાર સાકાર ચેતના
કરમ-કરમ ફલ—કામી રે. ૧. વા૦

હવઇં બારમા તીર્થંકર શ્રીવાસુપૂજ્ય સકલ સુરાસુરે પૂજ્ય છઇં, તેહનું સ્તવન તે કહઇ છઇં.

શ્રીવાસુપૂજ્યપ્રભુ ત્રિણ ભુવનના સ્વાંમી નાથ છઇ.

ઘન બહુ નામ છે. અરિહંત ભગવંતાદિક તે પણિ પરિણામી છઇં તે સ્વભાવઇં છઇ.

નિરાકાર સાકાર ચેતના તે સામાન્ય વિશેષ ઉપયોગવંત છઇં.

કર્મ અનઇં કર્મફલના કામી એતલઇં ધમ્મં ધમ્મી ઉભયના પ્રાપક છઇ. ॥૧॥

નિરાકાર અભેદ ગ્રાહક
ભેદ ગ્રાહક સાકારો રે
દર્શન જ્ઞાન દુભેદ ચેતના
વસ્તુ ગ્રહણ વ્યાપારો રે. ૨. વા૦

નિરાકાર તે અભેદ ગ્રાહક સામાન્યોપયોગરૂપ. સાકાર તે ભેદ ગ્રાહક વિશેષ જ્ઞાનોપયોગ. કેવલજ્ઞાન કેવલદર્શન એ બેહું ભેદઇં ચેતના તેણઇં કરી. સકલ પદાર્થના ગ્રહણ વ્યાપારવંત છઇં. ॥૨॥

કરતા પરિણામી પરિણામો
કર્મ જે જીવઇં કરઇં રે
એક અનેક રૂપ નયવાદઇં
નિયતેં તે અનુસરીઇં રે. ૩. વા૦

કર્ત્તા છઇં શુદ્ધ નયઇં નિજ સ્વભાવનો. અશુદ્ધ નયઇં કર્માદિકનો પણિ તે માટિ પરિણામી.

જે પરિણામઇં જીવઇં કરીઇં તે કર્મ એતલઇં પરિણામનો પરિણામી.

તે માટિં શુદ્ધ નિશ્ચય નયઇં એક નયવાદઇં અનેક રૂપ છઇ.

નિયતિ નિશ્ચય થકી તેહને જ અનુસરિઇં અવલંબીઇં. ।।૩।।

દુખ સુખ રૂપ કરમ ફલ જાણો
નિશ્ચય એક આનંદિં રે
ચેતના પરિણામ ન ચૂકઇં
ચેતન કહિં જિન ચંદો રે. ૪. વા૦

દુખ સુખરૂપ તે સર્વકરણફલહેતુરૂપઇં જાણીઇં. વ્યવહાર થિકો નિશ્ચયથી એક આનંદ સ્વભાવઇં છઇ.

એહવી ચેતનાનો પરિણામ ન ચૂકઇં સમય સમય પ્રતઇં.

એહવો ચેતન તે જિનચંદ કહીઇં અથવા ભગવંત તે જિનચંદઇ કહિઉં. ।।૪।।

પરિણામી ચેતન પરિણામો
જ્ઞાન કર્મ ફલ ભાવી રે
જ્ઞાન કરમ ફલ ચેતન કહીએં
લેજો તેહ મનાવી રે. ૫. વા૦

પરિણામી તે ચેતના પરિણામનો. જ્ઞાનકર્મ તે ભાવી ફલઇં કહિઇં.

અનઇં જ્ઞાનકર્મફલ તે ચેતન કહિઇં. પ્રારંભ અને પ્રાપ્તિ ફલનો અભેદભાવઇં રહ્યો તે ચેતન કહિઇં.

તેહ જ મનાવીનઇં લેવો પ્રાપ્તિરૂપઇં. ।।૫।।

આતમજ્ઞાની શ્રમણ કહાવઇ
બીજા તો દ્રવ્યત લિંગી રે
વસ્તુ મિલ્યઇ જે વસ્તુ પ્રકાશઇ
આનંદઘન મત સંગી રે. ૬. વા૦
ઇતિ શ્રીવાસુપૂજ્યજિનસ્તવ: । ૧૨

તે માટઇ આતમજ્ઞાની તે શ્રમણ કહીઇં. "नाणेण य मुणी होई" તથા "समयाए समणो होई" સમતાઇ આતમજ્ઞાની તે શ્રમણ, બીજા તો સર્વ દ્રવ્યલિંગી કહીઇં.

વસ્તુગતિ જે વસ્તુ ધર્મનઇં પ્રકાશઇં, તેહી જ આનંદઘનમત સંગિ પરમાત્મસ્વરૂપ પ્રસંગી તેહિ જ જાણવો. ॥૬॥

એતલઇં બારમા તીર્થંકર શ્રી વાસુપૂજ્યસ્વાંમીનું સ્તવન થયું. ॥૧૨॥

☆

## સ્તવન : ૧૩

# શ્રી વિમલ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

[ઇડર આંબા આંબિલી રે તથા વરિઆઈ ભલો ભરતાર—એ દેશી]

વિમલ જિનેસર દીઠા લોયણેં રે—એ ટેક
દુખ દોહગ દૂરિં ટલ્યાં રે
સુખ સંપદસ્યું ભેટિ
ધીંગ ધણી માથે કર્યો રે
કુંણ ગંજઇ નર ખેટ: ૧. વિ૦

હવઇં તેરમા તીર્થંકર વિગત મલ, તે ગયો છઇં કર્મનો મલ જેહથી તે શ્રીવિમલનાથનું સ્તવન કહીઇ છઇ.

વિમલ કહતાં કર્મમલ રહિત. શ્રીવિમલજિનેશ્વર જિહ્‌વારઇં નયણઇં દીઠા તિહ્‌વારઇં દુખ ચતુર્ગતિ ભવ-દોહગ મિથ્યાત્વ અજ્ઞાન જનિત તે વેગલાં ગયાં.

સુખ સંપદ આત્મજનિતસ્યું ભેટિ પ્રસંગ થયા. સમરથ ધીગ ધણી સ્વામી માથે કીધો તિહ્‌વારેં ખેટ જન મોહાદિક, કુગ્રહ અથવા ખલ જનેં તેણઇ ગંજી જીતિ ન સકીઇં. ॥૧॥

ચરણકમલ કમલા વસઇ રે
નિરમલ થિર પદ દેખી
સમલ અથિર પદ પરિહરી રે
પંકજ પામર પેખિ. ૨. વિ૦

જે ભગવંતના ચરણ કમલનેં વિષઇં કમલા લક્ષ્મી તે સદા વસઇં છઇ.

તે ચરણ કમલ નિર્મલ, થિર, નિશ્ચલ દેખીનઇં અનઇં લક્ષ્મીનેં વસવાનું કમલ અથિર અનઇં સમલ સપંક દેખીનઇં પોતાનું હતું, તોહે પણિ છાંડીને પંકથી ઊપનું પામર નીચ દેખીનઇં. ॥૨॥

મન-મધુકર તુઝ પદકજઇ રે
લીણો ગુણ મકરંદ
રંક ગિણઇં મંદરધરા રે
ઇંદ ચંદ નાગિંદ. ૩. વિ૦

માહરો જે મનરૂપ મધુકર તે તુહ્મારા પદકમલનઇં વિષઇં ગુણરૂપ જે મકરંદ પરાગમાં લીણ પામ્યો છઇ.

એહવો લીણ્યો છઈં જે મંદર મેરૂ, ધરા પૃથવી, ઇંદ્ર, ચંદ્ર, નાગિંદ્ર ઇત્યાદિક સર્વ તે રંક માત્ર ગણે છઇ અથવા રંક જે મલ્લ તે એ પદાર્થ પ્રાપ્તિ જિમ ગર્વિત થાઈં તે થકી અધિક લીનપણું છઇં. ॥૩॥

સાહિબ સમરથ તુ ધણી રે
પામ્યો પરમ ઉદાર
મન વિસરામી વાલહો રે
આતમચો આધાર. ૪. વિ૦

સાહિબ સમરથ તૂં સ્વાંમી, પરમ ઉત્કૃષ્ટ ઉદાર પરમોત્કૃષ્ટ વસ્તુ દાતાર, મનનો વાલહો, મનનઇં વિશ્રામ-ભૂત વીસામા ઠામ, આત્મગુણનો આધાર અવલંબન. ॥૪॥

દરિસન દીઠઇં જિન તણઇ રે
સાંસો ન રહેં વેધ
દિનકર કરભર વરસતાં રે
અંધકાર પ્રતિષેધ. ૫. વિ૦

દર્શન દેખતેં શ્રીવીતરાગનો સંચમ મનભ્રાંતિનો વેધ ન રહઇં. જિમ દિનકર સૂર્યનાં કિરણ ભર પ્રસરતઇં હુંતઇં અંધકારનો પ્રતિષેધ થાઇ તિમ જિનદર્શનઇં મિથ્યાત્વ નિષેધ. ॥૫॥

અમી ભરી તુઝ મૂરતિ રચી રે
ઓપમા ન ઘટે કોઇ
દૃષ્ટિ સુધારસ ઝીલતી રે
નિરખતિ તૃપતિ ન હોય. ૬. વિ૦

અમૃતથી શીતલ તાહરી મૂર્ત્તિ પ્રતિમા તેહનું ઉપમાન કોઈ ન ઘટઇં. જે વીતરાગની દૃષ્ટિ સુધારસઇં

અમૃતરસઈં નાહતી અંઘોલતી છે. દેખતાં દેખતાં તૃપતિ પામતા નથી. ।।૬।।

એક અરજ સેવક તણી રે
અવધારો જિનદેવ
કૃપા કરી મુઝ દીજીઇ રે
આનંદઘન પદસેવ. ૭. વિ૦

ઇતિ શ્રી વિમલજિનસ્તવનં: । ૧૩.

એક અરજ વીનતી પોતાના સેવકની, હે જિનદેવ ! તે ચિત્તમાં મનમાં અવધારીનઇં મુઝ સેવક ઊપરિ કૃપા કરીનઈં દીજીઇ આપીઇં આનંદઘન તે પરમાત્માના ચરણકમલની સેવના. ।।૭।।

એતલેં તેરમા શ્રીવિમલનાથ જિનનું સ્તવન થયું. ।।૧૩।।

★

## સ્તવન : ૧૪

# શ્રી અનંત જિન સ્તવન

(રાગ : રામગિરી, કડખો)

[વિમલકુલ કમલના હંસ તૂં જીવડા—એ દેશી]

ધારિ તરવારની સોહિલી દોહિલી
ચૌદમા જિન તણી ચરણસેવા
ધાર પરિ નાચતા દેખિ બાજીગરા
સેવના ધાર પરિ રહે ન હેવા. ૧. ધાર૦

એહમાં પ્રભુપાસેં સેવા માંગી તે હવઇં ચઊદમા શ્રીઅનંતનાથના તવનમાં તે સેવા તેહનું દુષ્કરપણું દેખાડઈં કહઇ છઇં.

તરવારિની ધારા સહવી તે સોહિલી સુગમ, પણિ તેહથી દોહલી દુર્ગમ ચૌદમા જિનવરની ચરણની સેવના.

તરવારિની ધાર ઊપરિ નાચતા ખેલતા અનેંક બાજીગર ભવાઇયાદિક દેખીઇ છઈં પણિ સેવનાની ધાર ઊપરિ રહવું આજ્ઞાઇં ચાલવું, તે ધાર ઊપરિ રહવું તે દુર્ગમ. ।।૧।।

એક કહેં સેવિઇં વિવિધ કિરિયા કરી
 ફલ અનેકાંત લોચન ન દેખેં
ફલ અનેકાંત કિરિયા કરી બાપડા
 રડવડઇ ચ્યાર ગતિ માંહિ લેખઇ. ૨ ધાર૦

હવણાં કેતલાએક ઇંમ કહઇં છઇં જે વિવિધ બહુ પ્રકારની ક્રિયા કરીનઇં સેવીઇં એકાંત ક્રિયાવાદિ તો બાલા. પણિ તે અનેકાંતદૃષ્ટિં સ્યાદ્વાદદૃષ્ટિનું ફલ દેખતા નથી.

કેતલાએક અનેકાંત ક્રિયા કરીનેં સ્યાદ્વાદ ફલ નથી દેખતા. જિનમત નથી જાણતા તે બાપડા ચ્યારગતિ માંહિં રલઇં ફરઈં ભમઇં એકાંતજ્ઞાનનેં એકાંતે ક્રિયાનઈં અનેકાંત દૃષ્ટિ ન કહીઈં. જ્ઞાનક્રિયાઇં મોક્ષ જાણઇ તે અનેકાંતમત. ।।૨।।

ગચ્છના ભેદ બહુ નયણિ નિહાલતાં
તત્ત્વની વાત કરતાં ન લાજઈ
ઉદર–ભરણાદિ નિજ કાજ કરતાં થિકાં
મોહ નડીયા કલિકાલ રાજઈ. ૩. ધાર૦

નિજરિં જોતાં ગચ્છના ભેદ બહુ દેખીઇં મમત્વઈં કરી. અનઈં તત્વની વાત કરતાં લાજઇં પણિ નહી. વચનસૂરાપણું કરઈં અથવા ગછાદિકના મમકાર અહંકાર રાખેં અનેં તત્ત્વની વાત કરેં છેં તે સ્યું જાણીઈં છેં? લાજતાઇ નથી તે માટેં કહ્યું છઇ—

"यत्राहंकार–ममकारा न तत्र श्रेयांसपद" इति वचनात् ।

"वाङ्‌मात्रसाराः परमार्थशून्याः"

ઇત્યાદિ એહવા ઉદર ભરવાદિકનું પોતાનું કાર્ય કરતા હુંતા મોહરાજાના પરાભવ્યા કલિયુગ તે પંચમ-કાલના રાજ્યમાહિં એહવા બહુ દેખીઈં, ' बहु मुंडीअप्पसमणा" ઇતિ વચનાત્. ।।૩।।

વચન નિરપેક્ષ વ્યવહાર જૂઠો કહ્યો
વચન સાપેક્ષ્ય વ્યવહાર સાચો
વચન નિરપેક્ષ વ્યવહાર સંસારફલ
સાંભલી આદરી કાંઈ રાચો. ૪. ધાર૦

જિહાં વચન અપેક્ષાઇં નહીં એતલેં આગમાનુસારી નહી, એહવો જે વ્યવહાર તે જૂઠો ખોટો જાણવો અનેં જે વ્યવહાર વચનનઈં અપેક્ષેં વાંછઈં એતલઇં આગમાનું-સારી વ્યવહાર તે સાચો. તે માટિં વચન નિરપેક્ષ એતલેં આગમ સાખિ ન આલેં એહવો વ્યવહાર કરતાં સંસારનું જ ફલ પામીઇ તે અશુદ્ધ વ્યવહાર સાંભલીનઇં તથા

આદરીનઇં, કિસ્યું મનમાં રાચવું માચવું તે અશુદ્ધ વ્યવહાર, તે અજ્ઞાનફલ સંસાર જાણી સ્યઉં હર્ષવું જે અહ્મો વ્યવહારી. ।।૪।।

ટિ૦ એ અર્થના સૂત્ર "મહાનિશીથ", "વ્યવહાર", "અંગચૂલિયા", "શ્રુતહીલનાધ્યયન" પ્રમુખ બહુ ગ્રંથે છે.

દેવ ગુરુ ધર્મની શુદ્ધિ કહો કિમ રહઇં
કિમ રહે શુદ્ધ સરધાન આંણ્યો
શુદ્ધ સરધાન વિણુ સર્વ કિરિયા કહી
છારુ પરિ લીપણો જાંણો. ૫. ધાર૦

તે અશુદ્ધ વ્યવહાર પ્રવર્ત્તાવક થકી શુદ્ધ ગુરુ, શુદ્ધ ધર્મની શુદ્ધિ કિણઇં પ્રકારઇ રહઇં? અનઇં કિમ કરી શુદ્ધ શ્રદ્ધાન પ્રતીત આણીજીઇં? "પુરૂષપ્રમાણઇં વચનપ્રમાણ" એ ન્યાય છઇં. અનઇં શુદ્ધ શ્રદ્ધાન વિના જેતલી ક્રિયા અનુષ્ઠાનાદિક કરઇં તે સર્વ છાર ઊપરિ જિમ લીંપણું તે સરીખી જાણવી. જેહથી મોક્ષ પામીઇં તેહવી નિર્જરા ન થાઇં, ભવ હેતુ થાઇ. ।।૫।।

પાપ નહી કોઈ ઉત્સૂત્ર ભાષણ જિસ્યો
ધર્મ નહીં કોઈ જગિ સૂત્ર સરિખો
સૂત્ર અનુસારિ જે ભવિક કિરિયા કરઇં
તેહનો શુદ્ધ ચારિત્ર પરિખો. ૬. ધાર૦

તે માટિં ઉત્સૂત્ર સૂત્રથી વિપરીત ભાષણ સરીખો બીજો કોઇં અશુભ પાપ નથી અનઇં સૂત્રાનુસારી ભાષણ સરીખો કોઇં બીજો ધર્મ નથી. જે આગમઇં મિલઇં તેહી જ સત્ય.

તે માટિં તે સૂત્રાનુયાયિની ક્રિયા અનુષ્ઠાનાદિ કરઇં શુદ્ધ ચારિત્ર તેહનું પરિખીઇં. ઓઘસંજ્ઞા લોકસંજ્ઞા મુંકીજે. સૂત્રાનુસારઇં પ્રવર્ત્તઇ તેહી જ ચારિત્રીઓ. ॥૬॥

એહ ઉપદેશનું સાર સંક્ષેપથી
જે નરા ચિત્તમાં નિત્ય ધ્યાવઇ રે
તે નરા દિવ્ય બહુ કાલ સુખ અનુભવી
નિયત આનંદઘન રાજ પાવઇ. ૭. ધારિ૦
ઇતિ શ્રીઅનંતજિનસ્તવઃ । ૧૪.

ઉપદેશ સીખામણનું સાર તે એહી જ સંક્ષેપથી જાણવું. જે પ્રાણી ચિત્તમાં મનમાં નિત્ય સદા ધ્યાઇં ધારઇં પાલઇં તે પ્રાણી દેવલોકનાં ચિરકાલ લગઇં સુખ અનુભવીનઇં નિયત કo નિશ્ચઇં આનંદઘન રાજ્ય પરમાનંદ સુખ પામઇ. ॥૭॥

એતલઇં ચઉદમા શ્રીઅનંતનાથના સ્તવનનું અર્થ ચ્યો. ॥૧૪॥

☆

## સ્તવન : ૧૫

## શ્રી ધર્મ જિન સ્તવન

(રાગ : ગોડી, સારંગ)

[ દેશી—રસિયાની ]

ધર્મ જિનેસર ગાઉં રંગસ્યું
ભંગ મ પડચો હો પ્રીતિ જિનેસર
બીજો મનમંદિર આંણું નહી
એ અમ કુલવટ રીતિ જિ૦ ૧. ધર્મ૦

એ ચઉદમા તવનમાં સેવાનું દુષ્કરપણું કહ્યું. સેવામાં સ્તુતિ સેવા વલી વિશેષ છે. હવે શ્રીધર્મનાથના સ્તવમાં પ્રભુના ગુણ ગાવા કહે છે.

શ્રીધર્મનાથ જિનેશ્વરનઇ રંગ ધરી પ્રેમ ધરીનઇં ગાઉં ગુણવર્ણના કરૂં.

એ શ્રીવીતરાગ સાથઇં પ્રીત પ્રેમનો ભંગ મ પડયો. હે જિનેશ્વર ! તુહ્ય વિના બીજો અવર દેવ મનમાં ધ્યાવા રૂપઇ નાણું, તે સેવનાની સી વાત !

એ અહ્યારા કુલવટની સમ્યગ્દૃષ્ટિના કુલની એહિ જ રીતિ છઇ. વીતરાગ વિના બીજો દેવ બુદ્ધિં ચિત્તમાં ન વાસું. ॥૧॥

ધરમ ધરમ કરતો કાસું ફિરઇં
ધર્મ ન જાણે હો મર્મ જિ૦
ધર્મ જિણેસર ચરણ ગ્રહ્યા પછી
કોઇ ન બાંધઇ હો કર્મ. જિ૦ ૨. ધર્મ૦

ધર્મ ધર્મ ઇમ નામ કહતો કાસૂં ફિરઇં ? ધર્મ શબ્દઇ કુલ, દેશ, પાંખંડાદિ ઘણાઇ નામ છઇં પણિ ધર્મ શબ્દનો મર્મ નથી લહતો. 'દુર્ગતિ પડતાં ધરઇ તે ધર્મ' અથવા 'આત્મસ્વભાવ તે ધર્મ.'

''दुर्गतिप्रप्ततत्प्राणिधारणाद्धर्म उच्यते ।
संयमादिर्दशविधः सर्वज्ञोक्तो विमुक्तये ॥

તે માટિં ધર્મજિનેશ્વરના ચરણ ગ્રહ્યા ધ્યાયા હુંતા. કોઇં કર્મ ન બાંધઇં. જિમ જિમ ધર્મ શબ્દને ભાવે આદરતો જાઇં, તિમ તિમ કર્મબંધ ન થાઇ. ॥૨॥

પ્રવચન અંજન જો સદ્‌ગુરુ કરઇં
દેખઇં પરમ નિધાન જિ૦
હૃદય નયન નિહાલે જગધણી
મહિમા મેરુ સમાન. જિ૦ ૩. ધર્મ૦

તે ધર્મ તો પ્રવચનરૂપ અંજન જો સદ્‌ગુરૂ કરઇં તો પરમ નિધાન ધર્મરૂપ તે દેખઇં.

હૃદય ચિત્ત નયનનઇ વિષઇં જે નિહાલઇં ચિંતવઇં તે ત્રિભુવન ધણી. તેહનો મહિમા પ્રભાવ મેરૂ થકી પણિ અધિક હોઇં. ॥૩॥

દોડત દોડત દોડત દોડીઓ
જેતી મનની રે દોડિ જિ૦
પ્રેમ પ્રતીતિ વિચારો ઢૂકડી
ગુરુગમ લેજો રે જોડિ. જિ૦ ૪. ધર્મ૦

દ્રોડિં આત્માની સંકલ્પાદિકઇ કરી અનેક પ્રકારઇં દ્રોડઇં, જેતલી એક મન કલ્પના તેતલી લગઇં દ્રોડઇં પણિ પ્રેમ પ્રતીતિ વિચારી જોતાં તે ધર્મની દ્રોડિ ઢૂકડી છઇ.

જે ગુરૂગમ ગુરુપારતંત્રની જોડિં લીજીઇં એતલે ગુરુ પરાધીનઇં પ્રવચનથી પામીઇ. ॥૪॥

એક પખી કિમ પ્રીતિ વરેં પડઇ
ઉભય મિલ્યાં હોઇ સંધિ જિ૦
હું રાગી હું મોહી ફંદિઓ
તૂં નિરાગી નિરબંધ. જિ૦ ૫. ધર્મ૦

એક પખી કાંઇ પ્રીતિ વરઇં ન પડઇં કામ નાવઇં. ઉભય પક્ષ મિલેં જ સંધિ થાઇં.

જ્ઞાન ૧, ક્રિયા ૨ તથા નિશ્ચય વ્યવહાર તથા પ્રવચન ૧, પ્રવચનાનુસારી ગુર્વાજ્ઞા ૨ ઇત્યાદિ ઉભય ભાવઇ જ મોક્ષ.

તથા સેવક રાગી મોહી ફંદીઉ માયી એહવો. તુમ્હો નિરાગી નિર્બંધ નિર્માયી તે માટિં સમાન ધર્મઇં જ સંધિ પ્રીતિ હોઇ, વિસમ ધર્મઇં ન હોઇં. ॥૫॥

પરમનિધી પરગટ મુખ આગલેં
જગત ઉલ્લંઘી હો જાય જિ૦
જ્યોતિ વિના જૂઓ જગદીસની
અંધો અંધ મીલાય. જિ૦ ૬. ધર્મ૦

પરમ ઉત્કૃષ્ટ નિધાન પ્રગટ મુખ આગલિ દેખિનઇં જિમ દર્શનરૂપ મહાનિધાન દેખીને જગત અજ્ઞાની લોક તે ઉલ્લંઘી જાઇ દેખઇં નહીં.

તે નિધાન જગદીશની જ્યોતિ વિના તે દેખઇં નહીં. આંધઇં આંધો જિમ પીલીઇં તિમ અજ્ઞાની અજ્ઞાનઇ પીલાઇં. ॥૬॥

નિરમલ ગુણ મણિ રોહણ ભૂધરા
મુનિજન માનસ હંસ જિ૦
ધન્ય તે નગરી ધન્ય તે વેલા ઘડી
માતપિતા કુલવંશ. જિ૦ ૭. ધર્મ૦

હે નિર્મલ ગુણરત્નના રોહણાચલ રત્નોપત્તિ સ્થાનક! મુનિજનના માનસસરોવરને વિષઇં હંસ સમાન! ધન્ય પ્રધાન તે નગરી, તે વેલા અવસર ઘડી તે ધન્ય, જિહાં તુહ્મે જગત ઉપગારી ઊપના. માતા, પિતા, કુલ, વંશ, ગોત્રને પણિં ધન્ય. ॥૭॥

મન મધુકર વર કર જોડી કહે
પદકજ નિકટ નિવાસ જિ૦
ઘન નામી આનંદઘન સાંભલો
એ સેવક અરદાસ જિ૦ ૮. ધર્મ૦
ઇતિ શ્રીધર્મજિનસ્તવઃ । ૧૫.

પ્રધાન મનરૂપ મધુકર ભ્રમર તે કર જોડી હાથ જોડીનઇં કહાવ, તુહ્મારા પદકજ ક૦ ચરણકમલનઇં નિકટ સમીપઇં વાસ ક૦ વસવું તે આપો.

ઘન નામી બહુ નામ બિરૂદ એહવા જે આનંદઘન પ્રભુ વીતરાગ તે સાંભલો. એહીજ સેવકની વીનતી અરદાસ છઇં. ॥૮॥

એતલઇં શ્રીપનરમા ધર્મનાથ જિનેશ્વરનું સ્તવન તેહનો અર્થ થયો. ॥૧૫॥

★

## સ્તવન : ૧૬

# શ્રીશાંતિ જિન સ્તવન

(રાગ : મલ્હાર)

[ચતુર ચોમાસું પડિક્કમી-એ દેશી]

શાંતિ જિન એક મુઝ વીનતી
સુણો ત્રિભુવન રાય રે
શાંતિ સરૂપ કિમ જાંણંઇં
કહો મનિ પરખાય રે. ૧. શાં૦

પનરમાં તવનમાં પ્રભુના ચરણકમલેં નિકટ વાસ માગ્યો તે આત્મા શાંતિ ગુણ વર્ત્તી કરવો. હવે સોલમા

શ્રી શાંતનાથના તવનમાં આત્માનું શાંતિ સ્વરૂપ કિમ જાણીઇં તે કહઇં છઇં.

હે શ્રીશાંતિનાથ ! એક અદ્વિતીય માહરી વીનતી, હે ત્રિભુવનના રાય ! સૂણો ક૦ સાંભલો.

આત્માનું શાંતિસ્વરૂપ કિમ જાણીઇ, પ્રભો ! મનમાં પરખીનઇં તે ઉલખીઇ. ॥૧॥

ધન્ય તૂં જેહનેં એહવો
હવો પ્રશ્ન અવકાશ રે
ધીરજ મન ધરી સાંભલો
કહું શાંતિ પ્રતિભાસ રે. ૨. શાં૦

ધન્ય ! કૃતપુન્ય ! તૂં, અરે આત્મા, જેહનઇં એહવા પ્રશ્ન પૂછવાનો અવકાશ થયો.

ધૈર્ય મન કરીનઇં એ પ્રશ્નનો અવકાશ સાંભલો. શાંતિજિનનો પ્રતિભાસ કહૂં છઉં યથાર્થ. ॥૨॥

ભાવ અશુદ્ધ છેં શુદ્ધ છેં
જે કહ્યા જિનવર દેવ રે
તે તિમ અવિતથ સદ્દહેં
પ્રથમ એ શાંતિપદ સેવ રે. ૩. શાં૦

સંસાર માંહિ શુદ્ધ અને અશુદ્ધ ભાવ પદાર્થ એ ૨ ભાવ જિનદેવઇં કહ્યા તે તિમ જ અવિતથ સાચા સદ્દહઇં.

અસ્તિ ૧, નાસ્તિ ૨, અસ્તિ–નાસ્તિ ૩, પણિ પ્રથમ સદ્દહણા શુદ્ધિ શાંતિ પદ પણઇં ઇમ સેવવી. ॥૩॥

આગમધર ગુરુ સમકિતી
　　　　　ક્રિયા સંવર સાર રે
સંપ્રદાયી અવંચક સદા
　　　　　શુચી અનુભવાધાર રે. ૪. શાંતિ૦

આગમ પ્રવચનના ધરણહાર એહવા સમકિતી ગુરૂ અને સંવરની ક્રિયાઇં કરી સાર પ્રધાન એતલઇં જિણઇં કરી આશ્રવનું બંધ ન થાઈ તે ક્રિયા તે સંવર ક્રિયા.

સંપ્રદાયી પરંપરાગત આમ્નાયવંત વલી નિરંતર ક્રિયા ૧, યોગ ૨, ફલમાન્ અવંચક. પવિત્ર અનુભવના આધાર એતલે ગુરૂપરતંત્રી. ॥૪॥

શુદ્ધ આલંબન આદરે
　　　　　મૂંકતો અવર જંજાલ રે
તામસી વૃત્તિ સવિ પરીહરઇં
　　　　　ભજઇં સાત્વિકી સાર રે. ૫. શાં૦

વલી કેહવાં શુદ્ધ આલંબન આગમાનુયાયીનઇં આદરઇં.

અપર અશુદ્ધ જંજાલનઇં મૂકતા તામસી વૃત્તિ કષાય જનિત જે ક્રિયા, તે સર્વનઇં છાડઇં. સાત્વિકી આત્મગુણથી ઊપની વૃત્તિ તે ભજઇ સેવઇ. ॥૫॥

ફલ વિસંવાદ જેહમાં નહીં
　　　　　શબ્દ તે અર્થ સંબંધ રે
સકલ નયવાદ વ્યાપી રહ્યો
　　　　　શિવ-સાધન સંધિ રે. ૬. શાં૦

ફલ મોક્ષ તેહનો વિસંવાદ ભ્રાંતિ જેહમાં ન હોઇં, તેહવા શબ્દ અનઇં અર્થ તેહનો સંબંધ સંયોગી સકલ

નયવાદ જેહમાં વ્યાપી રહ્યો, એહવો જે સ્યાદ્વાદ તેહી જ મોક્ષ સાધનનો સંધિ પ્રતિજ્ઞા છઇં જેહનઇં. ॥૬॥

વિધિ પ્રતિષેધ કરી આતમા
પદારથ અવિરોધ રે
ગ્રહણ વિધિ મહાજન પરિગ્રહ્યો
ઇસ્યો આગમેં બોધ રે. ૭. શાં૦

વિધિ અનઇ નિષેધ તેણેં કરી આત્મપદાર્થ તે અવિરોધી છઇં. એતલે વિધિકરણનો વિધિ આચાર, અવિધિ અનાચાર પ્રતિષેધ. એક જીવ પદાર્થનઇં બેહુ ધર્મ રહ્યા છઇં અન્યોન્યેં રહ્યા છઇ.

અનઇ મહાજન તે સજ્જન લોકઇં પરિગ્રહ્યો આદર્યો તે ગ્રહણ વિધિઇ છઇં, એહવો જે આગમનો બોધ એતલેં જ્ઞેયપણેં સર્વ આશ્રવ સંવર, હેયપણેં વિધિ પ્રતિષેધનો પરસ્પરઇં ઉપાદેયપણેં વિધિ ગ્રહણ એહવો જે બોધ જાણણા, ભાષણા, શુદ્ધિ શાંતિપદ. ॥૭॥

દુષ્ટજન સંગતિં પરીહરઇં
ભજઇં સુગુરુ સંતાન રે
યોગ સામર્થ્ય ચિત ભાવ જે
ધરે મુગતિ નિદાન રે. ૮. શાં૦

વલી સ્યું કહેં છેં ? દુષ્ટજન અસદ્ગ્રહીની સંગતિ પરિહરઇં. સુગુરૂ પરંપરાનઇં ભજઇ સેવઇ.

મન ૧, વચન ૨, કાય ૩, યોગ સામર્થ્ય ભાવઇ તથા ઇછા ૧, શાસ્ત્ર ૨, સામર્થ્ય ૩, યોગ અથવા જ્ઞાન ૧, દર્શન (૨), ચારિત્ર (૩), યોગ ભાવઇં અનઇ જે

મુગતિનું નિદાન કારણ તેહી જ યોગને સેવઇ એહવું શાંતિ પદ ભાવઇ. ॥૮॥

માન અપમાન ચિત સમ ગણે
સમ ગણે કનક પાષાંણ રે
વંદક નિંદક સમ ગણે
ઇસ્યો હોય તૂં જાંણ રે. ૯. શાં૦

વલી માન તથા અપમાન એ બેહું સમાન ગણઇ. તોષ રોષ નાણુઇં, દાનાંતરાયનો ઉદય ઉપસમ વિચારઇં. વલી કનક પાષાણ સરિખા ગણઇં.

વલી વંદક નિંદક સરિખા ગણઇં. ઉપભોગાંતરાયનો ઉદય ઉપસમ સમાન ગણઇં.

અરે આત્મન્ ! એહવો તૂં જાણવો. ॥૯॥

સર્વ જગ જંતુનેં સમ ગણે
ગણે તૃણમણિ ભાવ રે
મુગતિ સંસાર બેહૂ સમગણે
મુણે ભવ જલ નિધિ નાવ રે. ૧૦. શાં૦

સકલ પ્રાણી મૈત્રી ભાવઇં સરીખા ગણઇં. તૃણ અનઇં મણીનઇં વિષઇં સમાન ભાવ રાખઇં.

મુગતિ અને સંસાર બેહુ પ્રતિં બુદ્ધ ભાવઇં પંડિત ભાવઇં સરીખા ગણેં. સંક્લેસ પરિણામ તે સંસાર, અસંક્લેસ તે મુક્તિ. સંસાર સમુદ્રના એહવા સ્વભાવ છઇં એહવું શાંતિપદ. ॥૧૦॥

આપણો આતમાભાવ જે
એક ચેતનાંધાર રે
અવર સવિ સર્વ સંયોગથી
એહ નિજ પરિકર સાર રે. ૧૧. શાં૦

પોતાનો આત્મા ચિદાનંદમયી એક શુદ્ધ જ્ઞાન ચેતનાનો આધાર અનંત વિજ્ઞાન વિદુર[1] એહવો ભાવજે.

અવર પુદ્ગલાદિ સર્વ સંયોગજનિત છઇ એ તાહરૂં નથી.

પોતાનો પરિકર–જ્ઞાન, દર્શન, ચારિત્ર, પ્રમુખ તેહિં જ સાર પ્રધાન છેં એ પણિ શાંતિપદ. ॥૧૧॥

પ્રભુ મુખથી ઇમ સાંભલી
કહેં આતમરાંમ રે
તાહરે દરિસણે * નિસ્તર્યો
મુઝ સિદ્ધ સવિ કાંમ રે. ૧૨. શાં૦

એહવા શ્રીશાંતિપ્રભુના મુખથી એમ ભાવ ષટ પદાર્થ સાંભલીનઇં હર્ષ પાંમ્યો આત્મા ઇમ કહઇં છઇં.

પ્રભો ! તુહ્મારઈં દર્શનઈં સમકિતઇં તથા શાંતિમુદ્રા દેખવેં કરી હું સંસાર પાર* પાંમ્યો નિસ્તર્યો. માહરા સર્વ કાર્ય સિદ્ધ થયા. ॥૧૨॥

અહો હું અહો હું મુઝને કહું
નમો મુઝ નમો મુઝ રે
અમિત ફલ દાંન દાતારનેં
જેહનેં ભેટ થઈ તુજ્ઝ રે. ૧૩. શાં૦

---

ટિ. ૧ વિચક્ષણ

* લા૦ દ૦ સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતમાં ૨૨મું પત્ર નહીં હોવાથી અહીંથી ૧૭મા સ્તવનની બીજી ગાથા સુધીના મૂળ પાઠ અને સ્તબક ઉજમબાઈની ધર્મશાળાના ભંડારની પ્રતના સ્વીકાર્યા છે.

અહો શબ્દઇં અતિશયઇં તાહરો દર્શન તિણેં કરી ધન્ય થયો મુઝનઇં ધન્ય છઇ. એહવા આતમા માહરાનઇં નમસ્કાર હુયો. જે માહરા આત્માનઇં અમિત ફલ દાન દાતારની પ્રભુની ભેટના મુઝનઇં થઇ તે માટઇં હું ધન્ય. ॥૧૩॥

શાંતિ સરૂપ સંખેપથી
કહ્યું નિજ પરરૂપ રે
આગમમાંહિં વિસ્તર ઘણો
કહ્યો શાંતિ જિન ભૂપ રે. ૧૪. શાં૦

એહનો વિસ્તાર બહુ છઇ, પણિ સંખેપથી શાંતિ પદનું સ્વરૂપ કહ્યું. પોતાનું તે પરરૂપઇં પ્રભુના નામ રૂપઇ. આગમમાંહિ ઘણો વિસ્તાર કહ્યો છઈ શ્રીશાંતિજિન રૂપઇ. ॥૧૪॥

શાંતિ સરૂપ ઇંમ ભાવસઇં
ધરી શુદ્ધ પ્રણિધાન રે
આનંદઘન પદ પામસઇં
લહેંસઇં તે બહુ માંન રે. ૧૫. શાં૦

ઇતિ શ્રીશાંતિજિનસ્તવઃ। ૧૬.

એણી રીતિં જે શાંતિપદનું સ્વરૂપ ચિત્તમાં ભાવસ્યઇં. શુદ્ધ વિષય કષાય રહિત પ્રણિધાન મન નિશ્ચલતાઇં ધરઇ તે પ્રાંણી આનંદઘનપદ પાંમસ્યઇ. પરમાનંદ પદ પ્રતઇ, તે લહસ્યઇ, ઘણું યશ માનપણઇ. ॥૧૫॥

એતલઇ સોલમા શ્રી શાંતિનાથ જિનનું સ્તવન થયું. ॥૧૬॥

☆

## સ્તવન : ૧૭

# શ્રી કુંથું જિન સ્તવન

(રાગ : ગુર્જરી તથા રામકલી)

[અંબર દેહુ મુરારી હમારો–એ દેશી]

કુંથું જિન મનડું કિંમ હી ન બાજઇં
જિંમ જિંમ જતન કરીનેં રાખું
તિંમ તિંમ અલગૂં ભાજે હો. ૧. કુંથું૦

એહવું શાંતિપદ ભાવવું તે મન થિરત કરવાનઈ જે માટિં મન તે વિષમ છઇ. એક મન જીત્યેં સર્વ જીતાઇં. યતઃ

"मणमरणेंदियमरणं, इंदियमरणे मरंति कम्माइं ।
कम्ममरणेण मोक्खो, तम्हा य मणं वसीकरणं ॥

એ ન્યાય છઈ. તે ઊપરિ મન જીતવાનેં શ્રીકુંથુનાથની સ્તુતિ કહઇ છઈ.

હે શ્રી કુંથુનાથ! મનડું ચિત્ત તે કિમહી કીધો કોઇસ્યું ન બાઝઈ. જિમ જિમ યત્ન ઉદ્યમ કરીનઇં રાખવા જાઉં તિમ તિમ અવલું અવલું વિપરીત મુક્તિના માર્ગથી ભાજઇ છઈ. ॥૧॥

રજની વાસર વસતી ઊજડ
ગયણ પાયાલિં જાયેં
સાપ ખાયેંનેં મુહડું થોથું
એ ઉખાણો ન્યાયેં હો. ૨. કુંથું૦

રાત્રિઇં, દિવસઇં, વસતીમાં તથા ઊજડ રાનમાં ગગનિ, આકાશઇ, પાતાલિં, અધોલોકઇં જિહાં જાઉં

તિહાં કિમેં ન આઝઈ. કુણ દ્દષ્ટાંતઈં ? જિમ સર્પ સુખઈં ભખઈં પણિ થોથું કિસ્યોઈ સ્વાદ ન પાંમઈં ચાવ્યા છગલ્યાનો દાઢ દાંત વિના, તિમ સર્વ કષ્ટ પણિ મન પાખઇ થોથું એ ઊખાણો અથવા વલી એ ઊખાણાનો અર્થ તે દેશની ભાષાવાલાનઈં પૂછવો. ॥૨॥

મુગતિ તણા અભિલાષી તપીઆ *
જ્ઞાન નેં ધ્યાન અભ્યાસઈ
વયરીડો કાંઈ એહવું ચિંતઈ
નાખઈ અવલેં પાસે હો. ૩. કુંથું૦

મુગતિની વાંછાઇ તપિયા તપ કરઈ. * જ્ઞાની ભણણહાર જ્ઞાનનઈં અભ્યાસેં ધ્યાની પવનસાધનાદિ ધ્યાન અભ્યાસેં.

પણિ કોઇ મન વૈરિડો એહવો છઈં જે ચિંતવઈં કાંઈં એ અનઈં અવલઈં પાસઇ નાખઈં વાકું કરઈં. ॥૩॥

આગમ આગમધરનઇ હાથિં
નાવેં કિણિવિધિં આકું
કિહા રે કિણિ જો હઠ કરિ હટકું
તો વ્યાલ તણી પરિ વાકું હો. ૪. કુંથું૦

આગમધરનેં હાથિં યદ્યપિ આગમ પ્રવચન છઈં પણિ કિણહી પ્રકારેં આંકડો મનનો ન પામીઈં.

* અહીંથી લા૦ દ૦ સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતિના પાઠ અને સ્તબક મળે છે.

કોઇં વેલાઇં જો હઠ કરી કદાગ્રહ કરી હઠયોગા તાણી રાખું તો વ્યાલ સર્પની પરિં વાંકું થાઇં, વિપરીત ફલ આપઇં, કુરડબરડાદિકની પરઇં. ॥૪॥

જો ઠગ કહું તો ઠગતી ન દેખું
સાહુકાર પણિ નાહી
સરવમાહિં નેં સહૂથી અલગૂં
એ અચિરજ મનમાંહિં હો. ૫. કુંથું०

જો મનનેં ઠગ કહું તો દ્રવ્યથી ઠગાઇ કરતો દેખતો નથી છદ્મસ્થપણા માટઇં.

અનઇં સાધુકાર ભલું તે એ નથી જ પુદ્ગલ ધમ્મી માટઇ.

એ મંન સર્વ માંહિં પ્રશસ્ત અપ્રશસ્ત સર્વ સંકલ્પ માંહિં છઇં અને આત્માના સર્વ પ્રદેશથી અલગો. એ મનમાં મોટું અચિરજ વિસ્મયપણું છઇ. ॥૫॥

જે જે કહું તે કાનિં ન ધારઇ
આપ મતિં રહેં કાલો
સુર નર પંડિત જન સમઝાવઇ
સમઝઇ ન માહરો સાલો હો. ૬. કુંથું०

જે જે કહીઇં તે કાનમાં ધરઇં જ નહીં, એતલઇ તેહમાં પરિણમઇં નહી. જિમ કાલો ને ગહિલો આપમતિ ચાલઇં કોઇનેં કહ્યુંઇં પ્રવર્ત્તે નહી.

દેવતા, મનુષ્ય, પંડિત જન સર્વ મિલી એ મનનેં સમઝાવઇં પ્રીછવઇ પણિ માહરો સાલો સમઝે નહી અથવા માહરો સાલો તે ઘણી રીસ ઇર્ષ્યાવંત તે સમઝે

નહી અથવા સાલો તે દેસવિશેષ ધણીયાણીના ભાઈનઈં કહેં છઇં. તિહાં અશુદ્ધ ચેતના ધણીયાણીનો ભાઈ અશુદ્ધ સંકલ્પિત મન કહીઇં છે તથા કોઇ દેશે ભાંડ ભવાઇયાને સાલો કહઇ છઇ. ।।૬।।

મેં જાંણ્યું એ લિંગે નપુંસક
સકલ મરદનેં ઠેલઇ
બીજી વાતેં સમરથ છે નર
એહનેં કોઈ ન ઝેલે હો. ૭. કુંથું૦

વલી કહેં છે મન શબ્દ તે નપુંશકલિંગઇ છઇ. એ સ્યું કરસ્યેં ? ઇમ જાણતા પણિ તે તો ન બન્યું. સમસ્ત સર્વ પુરૂષ કામી, ક્રોધી સર્વનઇં એ મન તે ઠેલઇ હીણા કરઇ. બીજા સંસારની સર્વ વાતે સાધવાનઇં સમર્થ છંઇં પુરૂષપણિ એહનઇં કોઇ રુંધઇ તે વિરલા. ।।૭।।

મન સાધ્યું તિણઇં સઘલું સાધ્યું
એ વાત નહી ખોટી
ઇંમ કહેં સાધ્યું તે નવિ માનું
એક હ વાતિ છે મોટી હો. ૮. કુંથું૦

મન સાધ્યું તિણઇં સર્વ સાધ્યું એ વાત ખોટી નથી. મન વશી કીધઇં સર્વ રાગાદિક વશિ કીધા તે ખરૂં, પણિ ઇંમ કહ્યું જે મઇં સાધ્યું, મન વશિ કીધું એ કહવાતિ પણિ તે વાત મોટી દુર્ગમ છઇં. સાતિશયી તથા શ્રુતજ્ઞાન સ(હ)કારઇં તે પ્રમાણ થાઇં પણિ પોતાને ઉત્કર્ષઇં સાધ્યું કહઇં તે ખોટઉં. ।।૮।।

મનડું દુરારાધ્ય તે વસિ આણું
તે આગમથી મતિ આણું
આનંદઘન પ્રભુ માહરો આણો
તે સાચું કરિ જાણું હો. ૯. કુંથું૦

ઇતિશ્રી કુંથુજિનસ્તવઃ। ૧૭.

મન તે દુરારાધ્ય, દુઃસાધ્ય છઇં વશિ આણવાનઇં તે પણિ આગમથી મતિ આંણ્યું.

અરે આનંદઘન પ્રભો ! હે પરમાત્મન્ ! હે વીતરાગ ! જો માહરૂં મનિ વશિ આણું તો તે સાચ કરી માનું તૂંહી તૂંહીનું શરણ છઇ. ॥૯॥

એતલઇં સતરમા શ્રી કુંથુજિનનો સ્તવન થયો. ॥૧૭॥

★

## સ્તવન : ૧૮

# શ્રીઅર જિન સ્તવન

(રાગ : પરજ, મારુ)

[ઋષભનો વંશ રયણાયરો–એ દેશી]

ધરમ પરમ અરનાથનો
કિમ જાંણું ભગવંત રે
સ્વ પર સમય સમઝાવીઇં
મહિમાવંત મહંત રે. ૧. ધર્મ૦

એ શ્રી કુંથુજિનના સ્તવનઇં વિષઇં મન વશિ કરવું તે દુર્ગમ કહ્યું. તે મન વશિ કરવાનઇં ધર્મ એક હેતુ છે. તે ધર્મસ્વરૂપઇં પ્રભુનઇં શ્રીઅરનાથ જિનનઇં સ્તવઇ છઇં.

ભવજલનઇં આરઇં પર તીરઇં પોહચાવેં તે શ્રી અરનાથસ્વામીનો પરમ ઉત્કૃષ્ટ ધર્મ તેહનઇં હે ભગવંત ! કિમ કરી જાંણું ?

સ્વસમય સ્યાદ્વાદ પરસમય અપર કુદર્શન ગ્રહ કિમ સમઝાવીઇં ? તે પરમ ધર્મઇં મોટા મહિમાવંત હે પ્રભુ અથવા સ્વસમય. ॥૧॥

શુધ્ધાતમ અનુભવ સદા
સ્વસમય એહ વિલાસ રે
પરપડિ છાહડી જિહાં પડઇ
તે પર સમય નિવાસ રે. ૨. ધર્મ૦

શુદ્ધ નિરૂપાધિક જે આત્માનો સ્વભાવ સદા નિરંતર એહી જ સ્વસમય જૈન આગમ તેહિ જ વિલાસ લીલા છઇ. પર કહતાં પુદ્‌ગલની વડાઈની છાંહડી છાયા તથા જિહાં પરવડિ ક૦ સ્વઈછાં જિહાં પડે તેહી જ પરસમયનો વિલાસ. એતલેં જે ઈછાચારી અશુદ્ધ અનુભવ તેહી જ પરસમય. ॥૨॥

તારા નક્ષત્ર ગ્રહ ચંદની
જ્યોતિ દિનેશ મઝારિ રે
દર્શન જ્ઞાન ચરણ તણી
શકતિ ન જાતિ મઝારી રે. ૩. ધર્મ૦

તારા, નક્ષત્ર, ગ્રહ, ચંદ્રમાની જ્યોતિ સર્વ દિનેશ સૂર્યમાં સમાણી, પણિ સૂર્યતેજ નિજ જાતિ વિના ન રહઇં. તિમ દર્શન, જ્ઞાન, ચારિત્રની શક્તિ શુદ્ધાતમ અનુભવ સ્વસમયમાંહિં પણિં અપર જ્યોતિ જાતિ પરસમય તે માંહિં ન માઇં. ॥૩॥

ભારી પીલો ચીકણો
કનક અનેક તરંગ રે
પર્જય દૃષ્ટિ ન દીજીઇ
એક જ કનક અભંગ રે. ૪. ધર૦

ભારી ગુરૂ, પીલો તે પીતવર્ણું, ચીકણો સ્નિગ્ધતા એ સર્વ અનેક તરંગ વિલાસ કનકનઇં વિષઇં એ સર્વ પર્યાય દૃષ્ટિં, અનઇં તેણુઇં ન જોઇઇ તિવારેં કનક તે અભંગ દ્રવ્યાર્થઇ છઇં તિમ ઉપનયઇં કહઇં છઇં. ।।૪।।

દર્શન જ્ઞાન ચરણ થકી
અલખ સરૂપ અનેક રે
નિરવિકલપ રસ પીજીઇ
શુદ્ધ નિરંજન એક રે. ૫. ધર૦

તિમ આત્મા દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાયઇં અલખ રૂપ લખ્યો કલ્યો ન જાઇં. એહવો અનેક ભેદઇ છઇં પર્યાય દ્રવ્યઇં જિહ્યારઇં નિર્વિકલ્પ નિરૂપાધિક રસઇં પીજીઇં અત્યંત સાદરપણુઇં, આત્મસ્વરૂપ ગવેષીઇં તિહ્યારઇં શુદ્ધ નિરંજન દ્રવ્યાર્થઇં એક છઇ. ।।૫।।

*પરમારથ પંથ જે કહઇં
તે રંજઇં એક તંત રે
વ્યવહારી લખ જે રહઇં
તેહના ભેદ અનંત રે. ૬. ધર૦

* જે પરમારથ પંથ મોક્ષપથ તે કરઇ તે એક આત્મ

---

* લા૦ દ૦ સંગ્રહ (ક્રમાંક ૭૦૫) ની પ્રતમાં ૨૫ થી ૨૮ પત્ર નથી. આથી અહીંથી બાકીનું સ્તવન અને ૧૯મા સ્તવન સુધી મૂળ પાઠ અને સ્તબક ઉજમબાઈની ધર્મશાળાના ભંડારની પ્રતના સ્વીકાર્યા છે.

દ્રવ્ય શુદ્ધ નિશ્ચયેં એકનો નિર્ણય કહઇ. અનઇ જે વ્યવહારેં લખઇ તેહના તો અનંત ભેદ છઇ. આજ્ઞા આચરણા ભવ્યત્વાદિ ઉપાદાન કારણતા અનેક ભાવઇં શુદ્ધ વ્યવહારેં ગવેષઇ. ॥૬॥

એક પખી લખ પ્રીતડી
તુહ્મ સાથેં જગનાથ રે
કૃપા કરીનેં રાખજ્યો
ચરણ તલેં ગહી હાથ રે. ૭. ધર૦

હે જગનાથ! તુહ્મ સાથઇ એક પખી પ્રીતિ લાખો ગમેં નરની છઇ તથા સરાગીનઇ લાખો ગમેં શુદ્ધ વ્યવહાર તુહ્મ સાથેં મિલવાના પ્રીતિ બાંધવાના છઈ, તે માટિં કૃપા કરીનઇં તુહ્મારા ચરણ તલઇ હાથેં ગ્રહીનઇ રાખજ્યો. જિમ પરમ ચરણ ધર્મ તે ધર્મ તુહ્મારો જાંણીઇ આદરીઇ. ॥૭॥

ચક્રી ધરમતીરથ તણો
તીરથ ફલ તત સાર રે
તીરથ સેવઇ તે લહઇ
આનંદઘન નિરધાર રે. ૮. ધર૦

ઇતિ શ્રીઅરજિનસ્તવઃ। ૧૮.

તુહ્મો ચક્રી છો, ધર્મ તીર્થ નાથ છો, તે સર્વ જિન છઇ. વલી તુહ્મો સાતમા ચક્રી પણિ છો. તીરથ પ્રવચન ફલ એ તત્વ સાર પ્રધાન છઇ.

જે તુહ્મારૂં તીર્થ સેવઇ તે નિશ્ચઇ આનંદઘન આત્મા પરમાત્મ સ્વરૂપ પાંમઇ. ॥૮॥

એહવા ધર્મચક્રી મોહ મહા મલ્લનઇં જીતઇ એતલઇ શ્રીઅરનાથ અઢારમા તીર્થંકરનું સ્તવન થયું. ॥૧૮॥

☆

## સ્તવન : ૧૯

# શ્રીમલ્લિ જિન સ્તવન

(રાગ : કાફી)

[ સેવક કિમ અવગુણીઇ હો—એ દેશી ]

(ટેક) મલ્લીજિન એહ અચંભો ભારી હો
અવર સહુ જેહનેં આદર અતિ દિઇ
તેહનઇં મૂલ નિવારી હો. ૧. મલ્લી० (આંચલી)

એહવા ધર્મ મહા મોહ મલ્લનઇ જીતીઇ તે માટિં મલ્લીનાથ જિન ભગવાનની સ્તુતિ કહઇ છઇ.

હે શ્રી મલ્લીજિન ! એહ તુહ્મારી હવણા અજબ ભલી શોભા દીસઇ. સદા સંસારિક અવસરિ સમયઇં અત્યંત આદર દીજીઇ. બહુ જનઇ તે તો તુહ્મો મૂલથી નિવારી તે કુણ તે કહઇ છઇ.

જ્ઞાનસ્વરૂપ અનાદિ તુહ્મારું
તે લીધું તુહ્મે તાંણી
જુઓ અજ્ઞાન દશા રીસાવી
જાતાં કાણિ ન આંણી હો. ૧. મલ્લિ०

હે નાથ ! તુહ્મારૂં અનાદિ જ્ઞાન સ્વરૂપ નિરૂપાધિક જ્ઞાન તે તુહ્મારૂં તુહ્મે તાણી લીધું–નિરાવરણી થઇ સંગ્રહ્યું. તે દેખી અજ્ઞાન દશા અનાદિની હતી તે રીસાવી ગઇ.

તે જાતી જાણી દેખીનઇં કાંઇ મનમા શંકા કાંસલિ નાણી, મનાવી પણિ નહીં. ॥૧॥

નિદ્રા સુપન જાગર ઉજાગર
તુરીય અવસ્થા આવી
નિદ્રા સુપન દશા રીસાણી
જાંણી ન નાથ મનાવી હો. ૨. મલ્લિ૦

નિદ્રા ૧, સ્વપ્નદશા ૨, જાગરતા ૩, ઉજાગરતા ૪.

"मोहो अणाइनिद्रा, सुपणदशा भव्वबोहिपरिणामो ।
अपमत्तमुणी जागर जागर, उयागर वीयराउ त्ति ॥"
इति विंस(श)तिकायाम् ।

ચોથી અવસ્થા તુહ્મારઇ આવી તિવારઇ નિદ્રાદશા (૧), સ્વપ્નદશા ૨ રીસાણી જાણી, પણિ હે નાથ ! તુહ્મો મનાવી નહીં ભલી શોભા ॥૨॥

સમકિત સાથિં સગાઈ કીધી
સપરિવારસ્યું ગાઢી
મિથ્યા મતિ અપરાધીણિ જાંણી
ઘરથી બાહિર કાઢી હો. ૩. મલ્લિ૦

સમકિત સાથઇં સગાઇ કીધી. સદાગમ સદ્બોધાદિ પરિવાર સાથઇ સુદૃઢપણઇ. મિથ્યામતિનઇં અપરાધિણી પાપકારિણી જાંણીનઇં ઘરથી મનમંદિર વાસના ઘરથી સંજ્ઞારૂપથી પણિ બાહિર કાઢી. ॥૩॥

હાસ્ય રતિ અરતિ શોગ દુગંછા
ભય પામર ઘુરસાલી
નોકષાય શ્રેણી ગજ ચઢતાં
શ્વાંન તણી ગતિ ઝાલી હો. ૪. મલ્લિ૦

હાસ્ય ૧, અરતિ ૨, રતિ ૩, શોક ૪, દુગંછા ૫, ભય ૬ ઇત્યાદિક પામર નીચ લોક ધુરસાલા રીસાલાભું ૭ નોકષાય ઉપશમશ્રેણિ ક્ષપકશ્રેણિ ગજની અસવારી કરતાં નોકષાયાદિકઇ શ્વાનની ગતિ દશા લીધા જિમ ગજ વાટઇ રાજમાર્ગઇં જાઇ તિવારઇ સેરીઇ સેરીઇ કૂતિરા ભસઇ પણિ હાથી સ્વગતિ ન ભાજઇ, તેહને સાહમો પણિ ન થાઇ. ॥૪॥

રાગ દ્વેષ અવિરતિ પરિણતિએ
ચરણમોહના જોધા
વીતરાગ પરિણતિ પરિણમતાં
ઊઠી નાઠા બોધા હો. ૫. મલ્લિ૦

રાગ, દ્વેષ, અવિરતીનો પરિણામ એ સર્વ ચારિત્ર મોહનૃપતિના યોદ્ધા સુભટ છઇ. તે સઘલાઇ વીતરાગ ભાવની પરિણુતિ પરિણમતઇ હુતઇ પોતાની મેલઇ તે આપણીહી જ ઊઠી નાઠા, અત્યંત અબોધ અજ્ઞાન છઇ તે. ॥૫॥

વેદ ઉદય કામા પરનામા
કામ્ય કરમ સહુ ત્યાગી
નિઃકામી કરુણા રસસાગર
અનંત ચતુષ્ક પદ પાગી રે. ૬. મલ્લિ૦

વેદ ત્રિણ્યનો ઉદય કામ એહવું અપર નામ છઇ. કામ્ય વિષયાદિક અને કર્મ જે નીપજાવીઇ તે સર્વનો ત્યાગી. સર્વથા નિઃકામી નિરભિલાષી. અનઇં કરુણા

રસનો સાગર અનંત ચતુષ્ક તે અનંત જ્ઞાન ૧, દર્શન ૨, સમકિત ૩, વીર્ય ૪, તેહના પદનો પ્રાપક. ॥૬॥

દાંનવિઘન વારી સહૂ જનનઈ
અભય દાંન પદ દાતા
લાભવિઘન જનવિઘન નિવારક
પરમ લાભ રસ માતા હો. ૭. મલ્લિ૦

દાનવિઘન કહતાં પોતાનું દાનાંતરાય વારીનઈં સર્વ જનનઈં અભયદાન પદ દાયક થયા. લાભાંતરાય વારી જગના વિઘન નિવારવાનઈ પરમ લાભરસઇં કરી માતા પુષ્ટ છઇ, સર્વ સંસાર ઉદાર પરમ મૈત્રી કરુણા-રસઇ માતા. ॥૭॥

વીર્ય વિઘન પંડિતવીરજ હણે
પૂરણ પદવી યોગી
ભોગોપભોગ દોય વિઘન નિવારી
પરમ ભોગ રસ ભોગી હો. ૮. મલ્લિ૦

વીર્યાંતરાય હણવઇ પંડિત વીર્યનો ઉલ્લાસ સર્વ જગનઈં સ્વભાવ ધર્મસંપાદક છો. સ્વભાવ પ્રતીત જ્ઞાયક દશા ચરણાદ્યનેક નિમિત્તઇ પૂર્ણ પદવી ભોગી તીર્થંકર-નામકર્માદિકઇ. ભોગાંતરાય ઉપભોગાંતરાય વિઘન નિવારીનઈં, પરમ ભોગ રસ અનંત ધર્માત્મક જ્ઞેય વસ્તુના ભોગી છો. ॥૮॥

એ અઢાર દૂષણ વરજિત તનુ
મુનિજનવૃંદે ગાયા
અવિરતિ રૂપક દોષ નિરૂપણ
નિરદૂષણ મન માયા હો. ૯. મલ્લિ૦

એ અઢારઈ દૂષણઇ કરી વરજિત શરીર મુનિજન જ્ઞાની સમુદાયઇ ગાયા સ્તવ્યા.

અવિરતિરૂપ જે દોષ તેહનું જે નિરૂપણ કહતાં કહવું તેણઇં કરી નિરદૂષણ અથવા અવિરતિ અસંવર રૂપ શબ્દાદિ દોષ મિથ્યાત્વાદિ તેહની જે નિરૂપણા, તેણઇં નિરદૂષણ એહવા પામ્યા મનમા માયા. ॥૯॥

ઇણિ વિધિં પરખી મન વિસરામી
જિનવર ગુણ જે ગાવઇ
દીનબંધુની મહિર નિજરથી
આનંદઘન પદ પાવે હો. ૧૦. મલ્લિ૦
ઇતિ શ્રીમલ્લિજિનસ્તવઃ । ૧૯.

ઇણિં પ્રકારિં પરખી વિભાવ ભાવથી વીરમીનઇં ટાલીનઇં મનમાં વિસરામીનઇં થાપીનઇં જે એકાગ્ર મનઇં જિનના ગુણ ગાવઇ તે પ્રાંણી દીનબંધુ જે વીતરાગ દુખિતજનવત્સલનિ કૃપા મહિર નિજરિથી કૃપાદષ્ટિંથી આનંદઘન મોક્ષપદ આત્મસ્વભાવરૂપ પદ પાંમઇ. ॥૧૦॥

એતલઇ ઓગણીસમા શ્રીમલ્લિનાથનું સ્તવન થયું. ॥૧૯॥

★

## સ્તવન : ૨૦

# શ્રીમુનિસુવ્રત જિન સ્તવન*

( રાગ : કાફી )

[ આઘા આંમ પધારો પૂંજિ–એ દેશી ]

મુનિસુવ્રત જિનરાયા
એક મુઝ વીનતી સુણો (ટેક)
આતમતત કયું જાણું જગતગુરુ
એહ વિચાર મુઝ કહીઆ
આતમતત જાણ્યા વિણુ નિર્મલ
ચિત્તસમાધિ નવિ લહાયો. ૧. એક સુ૦

હવઇ આગિલા તવનમાં મત કહસ્યઇં તે તો બહુ છઇ પણિ લગારેક સ્વરૂપ જણાઇ તે માટિં આગલિથી તે મતસ્વરૂપ કહઇ છઇ. ॥૧૯॥

હવઇ ષટ્દર્શન જાણુવાનઇ કાજિ કાંઇક સ્વરૂપ લેશથી લિખીઇ છઇ.

નામ બૌદ્ધ ૧, નૈયાયિક ૨, સાંખ્ય ૩, જૈન ૪, વૈશેષિક ૫, જૈમનીય ૬ એ ષટ્દર્શનીના નામ.

તેહનું સ્વરૂપ—ભિક્ષુ સૌગત, શાક્ય, સૌ(ધો)દન, તથાગત, શૂન્યવાદી એ બૌદ્ધનાં નામ. તે ચ્યારે ભેદઇ—વૈભાષિક ૧, સૌત્રાંતિક ૨, યોગાચાર ૩, માધ્યમિક ભેદઇ ૪. તિહાં વૈભાષિકમતેં ચતુઃ–ક્ષણિક વસ્તુ જિમ જાતિ ઊપજાવઇ (૧), સ્થિતિ સ્થાપઇ ૨, જરા જાજરૂં કરઇ ૩,

---

* અહીંથી લા૦ દ૦ સંગ્રહની પ્રતિમાંથી મૂળ પાઠ મળે છે.

વિનાશ નાશ કરઇ ૪, તિમ આતમા તાદૃશ પુદ્ગલમય છઇ ૧. સૌત્રાંતિકમતે વિજ્ઞાનાદિ પાંચ સ્કંધ તેહી જ પરલોકગામી પણિ આત્મા નહીં. ક્ષણિક સર્વ સંસ્કાર સ્વલક્ષણ તે પરમાર્થ. અન્યાપોહ તે શબ્દાર્થ સંતાનોછેદ તે મોક્ષ ૨, યોગાચારને મતેં વિજ્ઞાન માત્ર એ વિશ્વબાહ્ય અર્થ નહીં. વાસનાથી નીલ, પીતાદિ પ્રતિભાસ છઇ ૩. માધ્યમિકનેં મતેં સર્વ શૂન્ય એતત્સ્વપ્નોપમ પ્રમાણાદિ વિભાગ. તિહાં બૌદ્ધમતનેં વિષઇ સુગત દેવતા ચ્યાર દુઃખાદિક આર્ય સત્યનો પ્રરૂપણહાર. દુક્ખ ૧, સમુદય ૨, માર્ગ ૩, નિરોધ ૪ એ ચ્યાર. તિહાં દુઃખ તે સંસારીનાં પાંચ સ્કંધ–વિજ્ઞાનસ્કંધ ૧, વાસનાસ્કંધ ૨, વેદનાસ્કંધ ૩, સંસ્કારસ્કંધ ૪, રૂપસ્કંધ ૫ એહથી વાસનાઇં રાગાદિકનો ગણ ઊપજઇ. આત્મા આત્મીય ભાવનામઇ આપાપણાં જે જે મિલઇ તે સમુદય ૨. એ સઘલાઇ ભાવ ક્ષણિક-સંસ્કાર એહવી જે વાસના તે માર્ગ ૩. એહનો નિરોધ તે મોક્ષ ૪. એ ચ્યાર આર્યસત્ય. વલી ઇંદ્રિય ૫ શબ્દાદિ વિષય ૫ મન ૧ ધર્માયતન ૧ એ બાર આયતન સર્વ સંકલ્પના સ્થાનક આધારભૂત ૧૨. પ્રમાણ ૨–પ્રત્યક્ષ (૧) નેં અનુમાન ૨. સાત તે બુધ તત્વપુરુષ ઇત્યાદિ બૌધમતનો સિદ્ધાંત જાણવો.

૨. હવે નૈયાયિક મત કહે છઇ. તેહના નાંમ નૈયાયિક તથા યોગ અક્ષપાદ ઇત્યાદિ નાંમ. સૃષ્ટિ સંહારકર્ત્તા ઇશ્વર, દેવ, વિભુ, વ્યાપક, નિત્ય, એક, સ્થિર, સર્વજ્ઞ, નિત્યબુદ્ધિ, એહવો આત્મા એક સમવાયિ જ્ઞાનાંનંતર

વેદ્યજ્ઞાન આકાશ ગુણ શબ્દ, અપૌદ્ગલિક સંકેત ગ્રાહક વશાઇં શબ્દાર્થ પ્રતીત તત્વ ષોડશ ૧૬. પ્રમાણ ૧, પ્રમેય ૨, પ્રયોજન ૩, સંશય ૪, દૃષ્ટાંત ૫, સિદ્ધાંત ૬, અવયવ ૭, તર્ક ૮, નિર્ણય ૯, વાદ ૧૦, જલ્પ ૧૧, વિતંડા ૧૨, હિત્વાભાસ ૧૩, છલ ૧૪, જાતિ ૧૫, નિગ્રહસ્થાન ૧૬, એવં ૧૬. એહના તત્ત્વજ્ઞાનથી મોક્ષપ્રાપ્તિ. પ્રમાણ ૪–પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, ઉપમાન ૩, શબ્દ ૪. "एकविंशति दुःखाभावो मोक्षः" ઇતિ નૈયાયિકમત ૨.

હવઇ સાંખ્યમત—એહમાં કેતલાએક નિરીશ્વર છઇ. કેતલાએક ઈશ્વર દેવતા માન્ય કર્તૃ પરમાર્થ કાં(ક)પિલ નામઇ. તત્વ પંચવીસ ૨૫.

૩૫ ગુણ ત્રય તજ્જનિત પ્રાસાદતાપદૈન્યાદિ કાર્ય લિંગ માનઇં. એ ત્રિગુણની જે સમાવસ્થાને પ્રકૃતિ કહે તે પ્રકૃતિ અવ્યક્ત અને શબ્દ તેણે કરી નિત્યસ્વરૂપી માનઇં. તેહથી બુદ્ધિ ઊપજઇ. તેહથી મોટો એક અહં-કાર હું ઇમ કોઇ ઊપજઇ. તેહથી ષોડશકનો ગુણ ઊપ-જઇ. તે કેહા ? સ્પર્શન ૧, રસન ૨, ઘ્રાણ ૩, ચક્ષુઃ ૪, શ્રોત્ર ૫ પાંચ બુદ્ધિંદ્રિયવિષયાઃ સ્પર્શ, રૂપ, રસ, ગંધ, સ્પર્શાખ્યા. પાંચ કર્મેંદ્રિય પાયુઃ અપાન ૧, ઉપસ્થગુહ્ય ૨, વચન ૩, હસ્ત ૪, પાદ ૫, એવં ૧૫ મન એ ૧૬નો ગણ. હવે રૂપથી તેજ ૧, રસથી આપ ૨, ગંધથી ભૂમિ ૩, સ્વરથી આકાશ ૪, સ્પર્શથી વાયુ ૫ એ પાંચથી પંચભૂત નીપજઇ. એવં ૧૪ તત્વ ૩૫. સાંખ્યમતે પ્રધાન

આત્માદિ ગુણ અકર્ત્તા અભોક્તા. પ્રકૃતિ પ્રધાંન પુરૂષ પ્રવૃત્તિ તે અંધ પંગૂની પરિં. તે પ્રકૃતિનો વિયોગ તે મોક્ષ. પ્રમાણ ૩–પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, શબ્દ ૩.

"अमूर्त्तत्वेन नोंभोगी नित्यः सर्वगतोऽक्रियः।
अकर्तानिगु(र्गु) ण सूक्ष्म आत्मा कापिलदर्शने ॥"

ઇંદ્રિયદ્વારે કરી સુખ–દુઃખાદિક વિષય જે બુદ્ધિનેં વિષઇ પ્રતિ સંક્રમઇં બુદ્ધિ તે ઉભય મુખ દર્પણાકાર તેહનઇ વિષઇ ચૈતન્યશક્તિ પ્રતિબિંબિત થાઇ. તિવારઇ અહં સુખી, દુઃખી એહવો ઉપચાર થાઇ. ઇંદ્રિયનેં પ્રાપ્યકારીપણું માનઇં. નય એક દ્રવ્યાર્થિક માનઇં. વસ્તુનેં આવિર્ભાવ તિરોભાવ માત્ર વાસના માનઇં. ઉત્પત્તિ વિનાશ નહી, ઇત્યાદિ સાંખ્યનુ સ્વરૂપ ૩.

હિવૈ જૈનમત સ્વરૂપ ૪–રાગ–દ્વેષ વર્જિત મહા મોહમલ્લ કેવલજ્ઞાનાવલોકિત સકલ લોકાલોક કેવલજ્ઞાન, કેવલદર્શન સ્વરૂપ સદ્ભૂતાર્થ યથાવસ્થિત દ્રવ્ય–ગુણ–પર્યાયોપેત સકલાર્થપ્રકાશક સકલ કર્મક્ષયાવાપ્ત પરમપદ એહવો દેવ. તિહાં તત્ત્વ ૯. જ્ઞાનાદિ ધર્મ થકી ભિન્ના–ભિન્ન વૃત્તિમાન્ શુભાશુભ કર્મ કર્તા ભોક્તા કર્મફલનો ચૈતન્યોપયોગ લક્ષણ જીવ ૧, એહથી ભિન્ન લક્ષણ તે અજીવ ૨, સત્કર્મ પુદ્ગલનું ગ્રહણ તે પુણ્ય ૩, અશુભ કર્મ પુદ્ગલનું ગ્રહણ તે પાપ ૪, મિથ્યાત્વ અવિરતિ કષાય યોગ પ્રમાદ હેતુઇં કરી જે કર્મનું આવવું તે આશ્રવ ૫, તેહનું રોધવું તે સંવર ૬, અન્યોન્યેં આત્મપ્રદેશનેં 'वह्नि : अय : ' પિંડની પરિં ક્ષીર–નીરની પરિં

કર્મનો અનાદિ સંયોજના તે બંધ ૭, આત્માથી કર્મનો જે પરિસાટ તે નિર્જરા ૮, અત્યંતાભાવેં જે કર્મનો વિયોગ ફિરી સંયોગ થાવઇ નહીં આત્મપ્રદેશથી તે મોક્ષ ૯–એ નવ તત્ત્વની પ્રતીતિ અત્યંતાબોધતીવ્રમોહ નાશઇ તે સમ્યક્ત(કત્વ) તેહનું યથાસ્થિત જાંણવું તે જ્ઞાન. એ બેહુંનેં યોગ્યતાઇ તથા ભવ્યત્વ પાકેં કરી ચારિત્રની યોગ્યતા તે ચારિત્ર. આશ્રવ નિરોધ એ ત્રિણ્ય જેહને હોઇ તે સમ્યગ્ જ્ઞાન ક્રિયા યુક્ત ચારિત્રી મોક્ષ ભાજન થાઇ. અનંત ધર્માત્મક વસ્તુ માનેં સકલ નયાત્મક સાપેક્ષ વાકચ. પ્રમાણ ૨–પ્રત્યક્ષ ૧, પરોક્ષ ૨, ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય યુક્ત સકલ પદાર્થ નિત્યાનિત્ય ભેદાભેદનું પરિચ્છેદ જ્ઞાન ઇત્યાદિ જૈનમત સ્વરૂપ ૪.

હિવિં વિશેષિકમત–કણાદ, ઉલૂકા(ક) એ નામ. તેહનેં ૬ તત્ત્વ. દ્રવ્ય ૧, ગુણ ૨, કર્મ ૩, સામાન્ય ૪, વિશેષ ૫, સમવાય ૬. તિહાં દ્રવ્ય ૯. પૃથવી ૧, અપ ૨, તેજો ૩, વાયુ ૪, આકાશ ૫, કાલ ૬, દિસ ૭, આત્મા ૮, મન ૯. ગુણ ૨૫. સ્પર્શ ૧, રસ ૨, રૂપ ૩, ગંધ ૪, શબ્દ ૫, સંખ્યા ૬, વિભાગ ૭, પરત્વ ૮, અપરત્ત્વ ૯, સંખ્યા ૧૦, વિભાગ ૧૧, પરિમાણ ૧૨, પૃથકત્વ ૧૩, બુદ્ધિ ૧૪, સંયોગ ૧૫, સુખદુઃખ ૧૬, ઇચ્છા ૧૭, દ્વેષ ૧૮, સ્નેહ ૧૯, ગુરુત્વ ૨૦, દ્રવ્યત્વ ૨૧, ધર્મ ૨૨, અધર્મ ૨૩, પ્રયત્ન ૨૪, સંસ્કાર ૨૫. કર્મ ૫–ઉત્ક્ષેપણ ૧, અવક્ષેપણ ૨, આકુંચન ૩, પ્રસારણ ૪,

ગમન ૫. સામાન્ય ૨–પર ૧, અપર ૨. વિશેષ ૧ નિત્ય દ્રવ્ય વૃત્તિ આધારાધેયભૂત ભાવર્યે જે અપૃથકત્વ અયુત ભાવ તે સમવાય ઇત્યાદિ તત્વ. નૈયાયિકની પરિં દેવ સ્વરૂપ. આત્મા, આકાશ, કાલ, દિગ્ તે નિત્ય. બીજા અનિત્ય. પૃથિવ્યાદિક ૪ નિત્યાનિત્ય ભેદે બે પ્રકાર. દ્રવ્ય પરમાણું રૂપ નિત્ય, દ્વ્યણુકાદિ કાર્યારંભ અનિત્ય. પ્રમાણ ૨–પ્રત્યક્ષ ૧, અનુમાન ૨. ઇત્યાદિ વૈશેષિકમત સ્વરૂપ. ૫.

જૈમનીય મતેં યાજ્ઞિક, મીમાંશક, પ્રભાકર, ભાટ્ટાદિ ભેદેં બહુધા. તિહાં યાજ્ઞિક તે વેદોક્ત હિંસા તે ધર્મનેં કાજિં કહેં. મીમાંશક તે શ્રાદ્ધ પિતૃતર્પણાદિ કર્મ તથા જલપૂતાદિક વિચાર. નિત્ય આત્મા સ્વબુદ્ધિ કલ્પના ભોક્તા પરં અકર્તા ઇત્યાદિ. ભાટ્ટમતઇં સર્વજ્ઞ નથી પ્રત્યક્ષેં ન દેખીઇ. પ્રત્યક્ષ વિના અનુમાન ન થાઇ. ઉપમાંન કોઇ તેહનું છે નહીં. તિવારે શબ્દેં તે સ્યેં કહવાઇ ? શબ્દ તે નિત્ય છઇ. પરબ્રહ્મેં અવિદ્યા નાશઇ. અષ્ટાંગ યોગ તે મોક્ષ. પ્રમાણ ષટ્ માનઇં પ્રત્યક્ષાદિ ૪, અર્થાપત્તિ ૫, અનેં ભટ્ટ તે અભાવ સહિત* ઇત્યાદિ જૈમનીય મતનું સ્વરૂપ.

હવેં ચાર્વાક, નાસ્તિક, લોકાયતિક, શૂન્યવાદી ઇત્યાદિ નામઇં. જીવ નહી, ધર્માધર્મ નહીં, પુન્ય–પાપ ફલ નહીં, પરલોક નહીં. પ્રત્યક્ષ દેખીઇ એતલો જ લોક. પૃથિવ્યાદિ

---

* અહીંથી લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતમાંથી સ્તબક મળે છે.

ચ્યાર ભૂત આધારભૂત, તેહથી ચૈતન્ય, સુરાદિક અંગથી મદ શક્તિ. એક પ્રત્યક્ષ પ્રમાણ. સાધ્ય સાધન વૃત્તિ નિવૃત્તિ કરી જે પરમ પ્રીતિ તે નિરર્થક. અભિલષિત પામવું તે ધર્મ. અવર કાંઈ વસ્તુ નથી, ઇત્યાદિ નાસ્તિકમત સ્વરૂપ ૬.

એ માંહિં બૌધ ૧, નૈયાયિક ૨, સાંખ્ય ૩, વૈશેષિક ૪, જૈમનીય ૫, ચાર્વાક ૬–એ ષટ દર્શન. તે એક નયે વિવિધ પ્રમાણ ગ્રાહી. માટિં મત દર્શન ભેદઇં અને સ્યાદ્વાદ મુદ્રાઈં પ્રમાણ સકલ નયે અભિગતાર્થ તે જૈન સર્વાંશી. જિમ દેશ ખંડના રાજા એકેક જૂદા પણિ ચક્રવર્ત્તિનઈં સર્વ મિલઈં. જિમ અંગ ૧, ઉપાંગ ૨, અંગોપાંગ ૩. ત્રિણ્યે આપાપણે ઠામિં પણિ ત્રિણ્યે મિલી શરીર તિમ જૈન. તે માટિ સર્વ દર્શનનો ચક્રવર્ત્તિપણે દ્રવ્ય ગુણ પર્યાયાત્મક વસ્તુ માનઈં. દ્રવ્યાર્થઇં નિત્ય પર્યાયાર્થઇ ક્ષણિક અસાધારણ લક્ષણઇં અદ્વૈત સ્વભાવે પરપર્યાયનો અકર્તા, પરભાવે કર્તા, પ્રકૃતિ જનિત ઉપાધિ ફલ ભોક્તા ઇત્યાદિ સકલ સંમત તે જૈન. તેહનુ વાક્ય તે અવિસંવાદી સામાન્યપણે પ્રમાણાદિ માનિં તે એ કાવ્યમાં કહે છઇં—

“चार्वाकोऽध्यक्षमेकं सुगत-कणभूजौ सानुमानं सशब्द,
त(द्)द्वैतं पारमर्षः सहितमुपमया तत्त्रयं चाक्षपादः ।
अर्थापत्त्या प्रभाकृद् वदति च निखिलं मन्यते भट्टमेतत्,
साभावं द्वप्रमाणि जिनपतित समये स्पष्टतोऽस्पष्ट तश्च ॥१॥

એહનો અર્થ. ચાર્વાક તે નાસ્તિક એક અધ્યક્ષ કo પ્રત્યક્ષ પ્રમાણ માનેં ૧, સુગત અને કણભૂજ ૨, બૌદ્ધ ૧, વૈશેષિક ૨, તે અનુમાન સહિત ૧ પ્રત્યક્ષ માનઇં ૨ પરમાર્થ તે સાંખ્ય તે શબ્દ પ્રમાણ સહિત એતલેં પ્રત્યક્ષ ૧, અનુમાન ૨, શબ્દઇ(૩) માનઈ અનેં અક્ષપાદ કo નૈયાયિક તે પૂર્વોક્ત ૩ ઉપમાન સહિત ૪ પ્રમાણ માનઈં અનેં પ્રભાકર તેં ૪, પૂર્વોક્ત અનેં અર્થાપત્તિ સહિત ૫, પ્રમાણ માનઇં અને ભાટ્ટ કાપિલાદિ ૫ પૂર્વોક્ત અનેં અભાવ સહિત ષટ્ પ્રમાણ માનઈં અનેં જિનપતિસમયે સિદ્ધાંતઇં સ્પષ્ટાસ્પષ્ટ તે પ્રત્યક્ષ, પરોક્ષ ૨ બેહુ પ્રમાણ માનઇં. પ્રત્યક્ષ તે આત્મજનિત ઈંદ્રિયનિમિત્તનેં અપેક્ષે નહી તે પ્રત્યક્ષ ૧, અનેં ઈંદ્રિયાદિ નિમિત્ત પ્રત્યય અપેક્ષાને જે બોધ તે પરોક્ષ કહીઇં ૨. એ માંહિં સકલ અંતર્ભૂત થાઇ ઇત્યાદિ વિચાર દર્શનનો સંક્ષેપથી જાણવો. બીજું દેવ, ગુરુ, ધર્મ, લિંગ, જ્ઞાન, ઉપદેશ્યાદિ આપાપણો દર્શનનો વિચાર તે અન્ય ગ્રંથાંતરથી જાંણવો. શ્રીહરિભદ્રસૂરિકૃત "લોકતત્ત્વનિર્ણય" તથા શ્રી સિદ્ધસેનસૂરિકૃત "તત્ત્વનિર્ણય" તથા "દર્શનનિર્ણય" આદિ અનેક ગ્રંથથી જાંણવો. ઈહાં આગિલ્યા સ્તવના મતના વિચાર માટિં એ સંક્ષેપઇ લિખ્યું છઇં.

એહવા જે કર્મના મલ્લી તેહિ જ મુનિ સુવ્રત જ્ઞાન ક્રિયાવંત એહવા જિન શ્રી મુનિસુવ્રતસ્વામી સ્તવીઇં.

હે શ્રીમુનિસુવ્રત ! સ્વામી(મિ)ન્ ! રાજા ! સ્વગુણઇ દેદીપ્યમાન એક અદ્વિતીય ! માહરી વીનતી સાંભલો.

હે જગતગુરો ! હિતાહિતત્વ કથક આતમતત્વ કિમ કરી જાણીઇં એહ વિચાર મુજ પ્રતઇં કહો. જે ભણી આત્મતત્વ જાણ્યા વિના સ્વરૂપ લહ્યા પાખઇં નિર્મલ વિશુદ્ધિ, નિરુપાધિક ચિત્ત સમાધિં મનઃસ્વાસ્થ્યપણું કિમ પામીઇ? એતલઇ ન પામીઇં જ. ॥૧॥

કોઇં અબંધ આતમતત માનઈં
ક્રિરિયા કરતો દીસેં
ક્રિયા તણું ફલ કહો કુંણ ભોગવઈં
ઇમ પૂછ્યો ચિત રીસઇં. ૨. એક૦

કોઇક સાંખ્યાદિકનઈં મતઇં આતમતત્વ અકર્તા અબંધ માનઇ છઇં "निगु(र्गु)णो वै नं(न) बध्यते, न मुच्यते।" એહવું વેદવાક્ય છઇં.

પ્રકૃતિ કાર્ય કર્તા માનઇ છઇ. તે મતઇ પણિ ક્રિયા કરતો તો દેખીઇ છઇ અનઈં ક્રિયાનું ફલ કુણ ભોગવઇં છઇ? જો અક્રિય છઇં તો ક્રિયા કાં કરઈં, અનઈં ક્રિયા કરેં તો તજ્જન્ય ફલ ભોક્તા કિમ ન હુઈં?

ઈંમ વિચાર પૂછતાં તો રીસાવઇં પણિ પરમારથ આતમતત્વ ન પ્રીછઇ. ॥૨॥

જડ ચેતન આતમ એક જ તત
થાવર જંગમ સરિખો
દુખ સુખ શંકર દૂષણ આવઈં
ચિત્ત વિચારિજો પરિખો. ૩. એક૦

કેતલાએક જડચેતનાદિકે સર્વ ઠામેં એક આતમતત્વ 'जले विष्णुः, स्थले विष्णुः' એહવું કહે અથવા આત્મા

દ્વૈતવાદી—એક આત્મા, સર્વ જગત થાવર, જંગમ જોતાં આત્મા એક સરીખો છઇં.

દુખ-સુખ એકરૂપઇં ઇમ કરતાં શં(સં)કર દૂષણ આવઇં છઇં. ત્રિકાલેં એક અવસ્થા ઇમ ચિત્તમાં વિચારતાં અનવસ્થા ભ્રાંતિ પ્રમુખ અનેક દૂષણ આતમતત્વેં થાઇં. ॥૩॥

એક કહઇ નિત્ય જ આતમતત
આતમદરિસણ લીણો
કૃત વિનાશ અકૃતાગમ દૂષણ
નવિ દેખઇ મતિહીણો. ૪. એક૦

એકેક તો ઇંમ જ કહઇં છઇં. આતમા નિત્ય એકાંતઇં છઇ. આતમ દર્શન દેખવામાં લીણયો રહઇ છઇ. તિવારઇં કૃત કર્મનો વિનાશ ક્ષય અનઇં અકૃતનો આગમ એ દૂષણ ઊપજઇ છે. તે દૂષણ મતિહીનપણિં દેખતો જાણતો નથી. ॥૪॥

સુગતમત રાગી કહે વાંદી
ક્ષણિક આતમ જાંણો
બંધ મોક્ષ સુખ દુખ તનિ ન ઘટઈ
એહ વિચાર મનિ આણો. ૫. એક૦

સુગત કહતાં બૌદ્ધાદિક મતના રાગી તે ક્ષણિકધર્મી આત્મા માનઇં છઇં. એક સમયે ઊપનો અન્ય સમયે નાશઇં.

તેહનેં મતિ બંધ અનેં મોક્ષ સુખ અનઇં દુખ ઇત્યાદિક તનુ શરીરાદિકઇં ઊપજવું ઘટતું યુક્ત નથી. એહ વિચાર મનમાં આંણતાં આગમ તત્વ ઠરતું નથી. ॥૫॥

ભૂતચતુષ્ક વરજી આતમતત
સત્તા અલગી ન ઘટઇં
અંધ શકટ તો નિજરિં ન નિરખો
તો સ્યું કીજઇં શકટિઇં. ૬. એક૦

કેતલાએક ભૂત–ચતુષ્ક પૃથ્વ્યાદિક વરજી એતલઇં પંચભૂત વિના આતમતત્વની સત્તા સદ્ભાવ તે અલગી જૂદી માનતા નથી. લોકાં(કાય)તિકમતના ચાર્વાક નાસ્તિક જિમ અંધ શકટનેં નિજરિં ન નિરખઇં ન દેખઇં તેણિં અંધઇં શકટેં સ્યું કીજઇં તિમ આતમતત્વ જાણ્યા વિના. ॥૬॥

ઇંમ અનેક વાદી મત વિભ્રમ
સંકટ પડિઉં ન લહઇં
ચિત્તસમાધિ તે માટિં પૂછું
તુહ્મ વિણ તત કોઇ ન કહઇં. ૭. એક૦

ઇંમ અનેક પ્રકારઇં એકાંતવાદીના મત કદાગ્રહ તેહના વિશેષ ભ્રમરૂપ સંકટમાં પડિઓ હું તો આતમતત્વ ન પામઇં. તે માટિં આતમતત્ત્વ પામ્યા વિના ચિત્ત-સમાધિ ન પામીઇ.

તે ભણી, હે પ્રભો! તુહ્મનઇં પૂછું છૂં જે માટિં તુહ્મ પાખઇં તત્ત્વકથક બીજો કોઇ નથી. ॥૭॥

વલતું જગગુરુ ઇંણિ પરિ ભાખઇં
પક્ષપાત સવિ છંડી
રાગદ્વેષ મોહ પખ વરજિત
આતમસ્યું રતિ મંડી. ૮. એક૦

ઇંમ પૂછયઇં વલતું જગગુરુ ઇંમ કહતા છઇં.

સર્વ એકાંતમતનો પક્ષપાત હઠ છાંડીનઇ રાગદ્વેષ અનેં મોહ અજ્ઞાન તેહનો પખ વરજીનઇં એતલઇં જ્ઞાન, દર્શન, ચારિત્રસ્યું રતિ માંડીનઇં લીનતા કરીનઇ. ॥૮॥

આતમધ્યાન કરેં જો કોઊ
સો ફિરિ ઇનમાં નાવેં
વાગજાલ બીજું સહૂ જાણો
એહ તત્ત્વ ચિત્ત ચાવઇં. ૯. એક૦

જે કોઇ સ્વસ્વરૂપ ધ્યાન કોઇ જે કરઇં તે ફિરીનઇં સંસાર માંહિ એ મતના ભ્રમ માંહિ નાવઇં ન પઇસઇ.

એ વિના બીજો વચનવિલાસ તે જાલ રૂપ જાંણવો. એહિ જ તત્વજ્ઞાન ચિત્તમાં મનમાં વિચારવું. ॥૯॥

જિણિં વિવેક ધરિ એ પખ ગ્રહીઇં
તે તતજ્ઞાની કહિઇં
શ્રીમુનિસુવ્રત કૃપા કરો તો
આનંદઘન મત લહિઇં. ૧૦. એક૦

ઇતિ શ્રીમુનિસુવ્રતજિનસ્તવઃ । ૨૦.

જે પ્રાણીઇ વિવેક ધરીનઇં એ પક્ષ જ્ઞાન, દર્શન, ચારિત્રનું સ્વસ્વરૂપઇં ગ્રહિઉ આદર્યો તેહી જ પ્રાણી તત્વજ્ઞાની કહીઇં.

હે શ્રીમુનિસુવ્રતસ્વામી! જો કૃપા કરો, નિમિત્ત સહાયી થાઓ તો આનંદઘન પરમાતમતત્વ પદ લહીઇં પામીઇં. ॥૧૦॥

એતલઇં વીસમા તીર્થંકર શ્રીમુનિસુવ્રતસ્વામીનું તવન થયું. ॥૨૦॥

★

## સ્તવન : ૨૧

### શ્રીનમિ જિન સ્તવન

(રાગ : આસાઉરી)

[ ધન ધન સંપ્રતિ સાચો રાજા—એ દેશી ]

ષટ દરિહણ જિનઅંગ ભણીજઇ
ન્યાસ ષડંગ જો સાધઇ રે
નમિ જિનવરના ચરણ ઉપાસક
ષટ દરસણ આરાધઇ રે. ૧. ષ૮૦

હવે જિનમતમાં સર્વ આવઇ તે રીતિ આગિલા તવનમાં દેખાડઇં છઇં તે જાણે, તિવારે કર્મશત્રુનેં નમાવઇનેં શ્રીનમિજિનના ધ્યાન સ્તુતિથી નીપજઇ તે કહઇ છઇં.

ષટ દર્શન જે કહ્યાં તે શ્રીજિનમતનાં અંગ છઇં. તે માટિં કારણેં કાર્યોપચાર તે જિનના અંગ છઇં.

હવઇં દ્રવ્યષડંગ ન્યાસ તે આવર્ત્તાદિક અંગીકાર ન્યસન રૂપ ભાવ. ષડંગ ષડ્દ્રવ્યની થાપના. ન્યાસ તે ઇંદ્રિયનેં નોઇંદ્રિયરૂપેં ધ્યાન લીનતા. જો ષડંગન્યાસઇ સાધઇં તો જે જિહાં તે તેતલઇં સાધઇ તો શ્રી નમિ-નાથના જે ચરણસેવક સ્યાદ્વાદ મત જાંણઇ છઇ તેહી જ ષટદર્શનના આરાધક હોઇં. જે જિનમત જાંણે તેહી જ સર્વનઇં તે રૂપઇ જાણઇં. ॥૧॥

જિન સુરપાયવ પાય વખાણું
સાંખ્ય યોગ દોય ભેદઇં રે
આતમસત્તા વિવરણ કર્તા
લહુ દુગ* અંગ અખેદે રે. ૨. ષટ૦

જિનમતરૂપ જે સુરપાદપ કહિતાં કલ્પવૃક્ષ તેહના પાય કહતાં પદ તથા શાખા કહીઇં. તે કુણ? તે સાંખ્ય મત અનેં યોગમત ૨. એ બે ભેદઇ કાપિલમતનેં ભેદઇં. તે માટિં આત્માની સત્તા અનઇં કર્તાનું વિવરણ તે આત્મનિષ્ટિત માનઇ છઇ.

લઘુ સામાન્યપણઇં દુગ બેહું દર્શન* તે જિન અંગ અદેખપણઇં છઇ. ॥૨॥

ભેદ અભેદ સુગત મીમાંસક
જિનવર દોઇં કર ભારી રે
લોક અલોક અવલંબન ભજીઇં
ગુરુગમથી અવધારી રે. ૩. ષટ૦

સુગત તે બૌદ્ધ અનઇં મીમાંશક. એ બેં મત તે જિનવરમતના કર હસ્તભૂત છઇ. જિન ભેદાભેદરૂપઇં માનઇ તે ભણી કરણ ક્રિયા લક્ષણથી ભારી ગંભીર છઇ.

જિહાં લોક પંચાસ્તિકાયાત્મક, અલોક એકાકાશાસ્તિકાયાત્મક તેહનું અવલંબન આશ્રીનઇ એ ભાવ ગુરુગમઇ જાણીઇ. અથવા લોક તે અવલોકીઇ રૂપી દ્રવ્ય. અલોક

---

* લા. દ. સંગ્રહ(ક્રમાંક ૭૦૫)ની પ્રતમાં પત્ર ૩૨ અને ૩૩ નથી. આથી અહીંથી ૨૨મા સ્તવનની પહેલી ગાથા સુધીના મૂળ પાઠ અને સ્તબક ઉજમબાઈની ધર્મશાળાના ભંડારની પ્રતના લીધા છે.

અરૂપી અવલંબન ઇત્યાદિ વિચારે ગહન તે ગુરુપરંપરાથી લહીઇ. ।।૩।।

ટિ૦ ક્રિયાવાદી તે આત્મા ક્રિયાકારક કર્તા માનઇ તેહના ભેદ ૧૮૦ થાઇ. અક્રિયાવાદી આત્મા અકર્તાવાદી તેહના ભેદ ૮૪ થાઇ. અજ્ઞાનવાદી ૬૭ થાઇ. વિનયવાદી ૩૨ થાઇ. એવં સર્વ મિલી ૩૬૩ થા(ઇ). સર્વ પ્રવાદી જાણવા. બૌદ્ધ, સાંખ્ય, નાસ્તિક, પંચભૂતીયા, અદ્વૈતવાદી એ સર્વ અક્રિયાવાદી અજ્ઞાનવાદીમાં આવઇ. ઇત્યાદિ ઉલવઇ શાસનમાર્ગનઇ તે માટિં એ મિથ્યાદષ્ટી જાણવા.

લોકાયતિક કૂખિ જિનવરની
અંશ વિચાર જો કીજે રે
તત્ત્વવિચાર સુધારસ ધારા
ગુરુગમ વિણ કિંમ પીજઇ રે. ૪. ૫૨૦

લોકાયતિક ચાર્વાક, વૈશેષિકાદિક તે અંશવાદી તે સર્વ કૂખિ મધ્યે. જિનવરના મતમાં નિરંશ અવિભાગ વિભાગ પલિ છેદાદિ વિચાર કીજઇ તિવારઇ તે કૂખિ મધ્યે એહવા તત્ત્વવિચારની સુધારસ ધારા તે ગુરુગમ. ગુરુગમ વિના કિમ પીજઇ અથવા ગુરુ મોટા ગુણ વિના. જ્ઞાનાદિ વિના કિમ જાણીઇ ? ।।૪।।

જૈન જિનેસર વર ઉત્તમ અંગ
અંતરંગ બહિરંગઇ રે
અક્ષર ન્યાસ ધરી આરાધક
આરાધઇ ધરી સંગઇ રે. ૫. ૫૨૦

અનઇ જિનેશ્વરમત તે વર પ્રધાન ઉત્તમ અંગ છઇ.

અંતરંગ અને બાહિર અંગઇ. અંતરંગ ઉત્તમ અંગ તે સુર્વાંસ માટિ. બાહિરંગ તે પર્યાયાદિ અંશઇ. તેણુઇં કરી બેહું મિલીઇ, કાય અક્ષર ન્યાસઇં આગમ આજ્ઞાઇં જે ન્યાસ થાપના કરઇ તે આરાધક કહીઇ. તેહી જ પ્રાંણી જિનશાસન સંગઈ હોઇ, તેહી જ આરાધક કહીઇ. ॥૫॥

જિનવરમાં સઘલાં દરિસન છઈ
દરશને જિનવર ભજનાં રે
સાગરમાં સઘલી તટિની સહી
તટિની સાગર છતિ ના રે. ૬. ષટ૦

શ્રી જિનવર જિનાગમ માહિ સર્વ દર્શન છઇ પણિ બીજા એકેકી દર્શનમાં જિનમતની ભજના જાણવી. જિન-મત અપર દર્શન માહિં હોઇ અનઇં ન હોઇ કુણ દૃષ્ટાંતઇં?

જિમ સાગર સમુદ્ર માંહિં સઘલી તટિની નદી સમાઇ પણિ નદીમાં સમુદ્ર ન સમાવઇ, તટિની નદીમાં સાગરની ભજના છઈ. ॥૬॥

જિન સરૂપ થઈ જિન આરાધઇ
તે સહી જિનવર હોવઇ રે
ભૃંગી ઇલિકા જે ચટકાવઇ
તે ભૃંગી જગ જોવઇ રે. ૭ ષટ૦

જિનસ્વરૂપ થઇનઇં જે જિનને આરાધઇ, રાગદ્વેષથી અલગો રહી જે ધ્યાવઇ તેહિ જ નિશ્ચઇ જિનવર થાઇ.

જિમ ભૃંગી ભ્રમરી તે ઇલિકાનઇ ચટકો દિઇ ફરસઇ તેહી જ ઇલી તે ભંગી દેખીઇ. ॥૭॥

ચૂરણિ ભાષ્ય સૂત્ર નિર્યુક્તિ
વૃત્તિ પરંપર અનુભવ રે
સમય પુરુષનાં અંગ કહ્યાં એ
જે છેદઇ તે દુરભવ રે. ૮. ષટ૦

ચૂર્ણિ તે પૂર્વધરકૃત છૂટા પદાર્થ વ્યાખ્યાન ખંડિત ખંડિત તે ચૂર્ણિ. ભાષ્ય તે સૂત્રનઇ સૂચઇ તે પણિ પૂર્વધરકૃત સૂત્ર તે ગણધર પ્રત્યેક બુદ્ધ દસ પૂર્વધર સંપૂર્ણી કૃત. નિર્યુક્તિ તે ચૌદ પૂર્વધર કૃત. વૃત્તિ તે સર્વ શબ્દનો અર્થ, વ્યાખ્યાનપરંપરા અત્તાગમ, અનંતરાગમ, પરંપરાગમ, ગુરુસંપ્રદાયાન્વિત. વલી અનુભવ પર્યાર્થ(ય) જ્ઞાન ઇત્યાદિક સઘલા એ સમયપુરુષ તે સ્યાદ્વવાદપુરુષના અંગ છઇ.

એ પંચાંગીનઇં જે છેદઇ ન માનઇં તે દુરભવ બહુલ સંસારી જાણવો. ॥૮॥

મુદ્રા બીજ ધારણા અખ્યર
ન્યાસ અરથ વિનિયોગઇ રે
જે ધ્યાવઇં તે નવિ વંચીજઇં
કિરિય અવંચક ભોગઇં રે. ૯. ષટ૦

મુદ્રા તે કરન્યાસ આવર્ત્તાદિક, બીજ તે શ્રદ્ધાન, ધારણા તે ગ્રહણાદિ પટુતા, અક્ષર સંજ્ઞા લિપ્યાદિ ન્યાસ તે હૃદયેં થાપના, અર્થ વિનિયોગ તે તત્વજ્ઞાનાદિકઇ ફલ પ્રાપ્તિ લક્ષણ.

એ ષડંગઇં જે સમયપુરુષનેં ધ્યાવઇ તે વંચાઇ

ઠગાઇ એ નહીં કિમઇ તે કહઇ છઇ. ક્રિયાવંચક, યોગા-વંચક ૨, ફલાવંચકાદિ ભોગઇ ન વંચાઇ. ॥૯॥

શ્રુત અનુસારિં વિચારી બોલું
સુગુરુ તથાવિધ ન મિલઇં
કિરિયા કરી નવિ સાધી સકીઇં
એ વિખવાદ ચિત સઘલઇં રે. ૧૦. ષટ૦

તે માટિં શ્રુત આગમનઇં અનુસરીનઇં વિચારીનઇ કહું છઉં તથા વિધિ શ્રદ્ધા ૧, જ્ઞાન ૨, કથક ૩, કરણી ૪. શુદ્ધ ગુરુનો યોગ સંબંધ ન મિલઇ અનઇં સૂત્રોક્તાનુ-સારિણી ક્રિયાઇં કરી ચરણધર્મ સાધી ન સકીઇ અનઇં મોક્ષ તે જ્ઞાન સમ્યગ્દર્શન યુક્ત, અનઇં ચરણ ક્રિયા તેણે કરીને સાધીઇં એહી જ ચિત્તમાં સબલ સઘલઇ ઠામિં વિખવાદ વરતઇ છઇ. ॥૧૦॥

તે માટિં ઊભા કર જોડી
જિનવર આગલ કહીઇં રે
સમય ચરણ સેવા શુચિ દેયો
જિમ આનંદઘન લહિઇં રે. ૧૧. ષટ૦

ઇતિ શ્રીનમિજિનસ્તવ: । ૨૧.

તે કારણ માટિં ઊભાં રહી નિઃગર્વપણઇ બિં હાથ જોડી શ્રીજિનવરનઇં આગલિ કહીઇ છઇ. સમયચરણ તે આગમોક્ત ચરણ. ચારિત્ર શુચિ પવિત્રપણિં તેહની સેવા દેયો. જિમ આનંદઘન પરમાનંદ સ્વરૂપ પદ પાંમીઇ. ॥૧૧॥

એતલઇં શ્રીનમિનાથનો એકવીસમા તીર્થંકરનો સ્તવન સંપૂર્ણ થયો. ॥૨૧॥

★

## સ્તવન : ૨૨

# શ્રી નેમિ જિન સ્તતન

( રાગ : મારુણી )

[ ધણિના ઢોલા–એ દેશી ]

અષ્ટ ભવંતરે વાલહીં રે વાહલા
તું મુઝ આતમરાંમ મનરા વાહલા
મુગતિ નારીસ્યું આપણો રે વા૦.
સગપણેં કોઈ ન કામ. ૧. મન૦

હવઇ શ્રીનેમિનાથ તેહનું નાંમ અરિષ્ટ નેમિ. અરિષ્ટ ક૦ વિઘ્ન તેહનઇ વિષઇ નેમિચક્ર સરિખા તે નેમિનાથ, તેહની રાજીમતી સ્ત્રી, તે મેહલી, વિગર પરણ્યે ગયા, તિવારઇ રાજીમતી વિયોગના ઓલંભારૂપેં કહઇ છઇ; અથવા રાજીમતી તે શુદ્ધ ચેતના; તે પ્રીતમ આત્મા-નઇં ઓલંભા શિક્ષારૂપપણેં કહવાઇ. જે માટઇં પ્રથમ તવનમાં શુદ્ધ ચેતનાને કંત આત્મા કરી થાપ્યો છઇ તે માટઇં છેહડઇ પણિ ઇમ મેલવ્યાની ભાવના પણિ થાઇ.

આઠ ભવના સ્નેહની હું વાલહિ છું, ધનકુમર-ધનવતીના ભવથી માંડીનઇં, અનઇ ચેતનારૂપઇ જોઈએ તો ભવાંતરિ–ભવાંતરિ આઠ કર્મ પ્રેરણાઇં તાહરી હું, માહરઇ તું, આતમરામ મનના વલ(લ્લ)ભ.

રાજીમતી કહઇ છઇ આપણઇ મુક્તિસ્ત્રીસ્યું કિસ્યું સગપણ છઇ? તિહાં મિલ્યાનો સ્યું કામ છઇ? ॥૧॥

ઘરિ આવો હો વાલિમ ઘરિ આવો
માહરા * આસાના વિસરામ. મન૦
રથ ફેરો હો સાજન રથ ફેરો
હો સાજન માહરા મનોરથ સાથ. મન૦ (આંચલી)

તે માટિં હો વાલિંમ પ્રીતમ ! માહરા ઘરિનઇં વિષઇ આવો અનેં ભાવાર્થે જોઈએ તો શુદ્ધ ચેતના કહઇ છઇ જે માહરા ઘરનઇં વિષઇ આવસ્યો તિવારઇ મુક્તિનો સ્યો વિશેષ છઇ ?* માહરી આશા સંકલ્પના વિશ્રાંમ.

વિવિધ સંસારીક ભાવ મનોરથરૂપ રથ ફેરીનઇં માહરા ઘરમાં આવો.

અરે સાજન ! અરે વલ્લભ ! માહરા મનોરથનઇં સાથઇં વિહલો રથ પાછો ફેરો. માહરા ઘરિ માંહિ પધારો.

નારી પખે સ્યો નાહલો રે વા૦
સાચ કહે જગંનાથ મ૦
ઈસર અરધંગિ ધરી રે વા૦
તું મુઝ ઝાલે ન હાથ. મ૦ ૨.

શુદ્ધ ચેતના વિના કંત આસી તે કિસ્યો ? અશુદ્ધાપયોગી કામ આવઇ નહી. જગનાથ ભગવાન પણિ ઇંમ જ સાચો કહઇ છઇ. જિમ ઇશ્વર મહાદેવઇં અર્ધ્ધાંગઇ ગોરી પાર્વતી રાખી અનેં જો શુદ્ધ ચેતના પક્ષઇ ભાવીઇ

* અહીંથી લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫) ની પ્રતના મૂળ પાઠ અને સ્તબક મળે છે.

તો ઈશ્વર પરમેશ્વર સરિખા પણિ અવગાહનારૂપઇ અર્ધાં-ગઇં રાખેં છઇ, અનઇં તુમ્હો તો કરમાં પણિ મુઝનઇં મમત્વબુદ્ધિં ફરસતા નથી, અનઇં તુમ્હો મુઝને હાથઇ પણિ ઝાલતા ફરસતા નથી, એહવું રાજીમતી કહે છઇ. ॥૨॥

પશુજનની કરુણા કરી રે વા૦
આંણી હ્રદયેં વિચાર મન૦
માણસરી કરુણા નહીં રે વા૦
એ કુણ ઘર આચાર. ૩. મ૦

પશુ–પક્ષીજનની કરુણા દયા કરી અપ્રાપ્ત બોધ–પશુપ્રાયજનની કરુણા તે ચિત્તમાં આણો છો. કરુણા કરો છો. હૃદય માંહિં વિચાર્યું જે સર્વનઇં સુખી કરીઇ. પણિ મુઝ સરીખા માણસની કરુણા નહી, સહાચી ઊદારિક તનુની કરુણા નહીં. "आवीलए पवीलए निवीलए" इति आचारांग-वचनात् ।

એ કોણ તુમ્હારા ઘરનો આચાર વ્યવહાર છેં ? ॥૩॥

પેમ–કલપતરૂ છેદીઓ રે વા૦
ધરીએ યોગ–ધતૂર
ચતુરાઈરા કુણ કહેં રે વા૦
ગુરુ મિલીઓ જગસૂર. ૪. મન૦

પ્રેમરૂપ કલ્પવૃક્ષ ઉપાડીનેં શુદ્ધ ચેતના પક્ષઇ અનાદિ પ્રેમ શબ્દાદિકનેં ઉછેદીનઇં યોગ ધત્તૂર સુવર્ણ વર્ણ દેખાડવા માટઇ યોગ ક્રિયા રૂપ ધત્તૂર વૃક્ષ ધર્યો. એ

ચતુરાઇનો દેખાવણહાર કુણ ગુરુ મિલ્યો જગમાં અથવા હે જગને વિષઇ સૂર્ય સમાન ! ॥૪॥

માહરૂં તો એહમાં કયું નહી રે વા૦
આપ વિચારે રાજ મન૦
રાજસભામાં બેસતાં રે વા૦
કિસડી વધસી લાજ રે. ૫. મ૦

માહરું તો એહ માંહિ કાંઈ નથી. પોતઈ પોતાનું વિચારી જોઉં.

વડા વડા રાજવિયામાં બેસતા કિસી શોભા વધસ્યઇ ? ॥૫॥

પેમ કરઇં જગિ જન સહૂ રે વા૦
નિરવાહેં તે ઓર મન૦
પ્રીતિ કરીનઇં છાડી દિઇ રે વા૦
તેહ સ્યું ચાલેં ન જોર.* ૬. મ૦

પ્રેમ પ્રીતમ સહૂ જગમાં કરઇ છઇ પણિ જે જન્મ લગેં નિરવાહે તે ઓર. બીજા જે પ્રીતિ કરીનઇં છાંડી દિઇં, તેહસ્યું કાંઇ જોર ન ચાલઇં.* ॥૬॥

જો મનમાં એહવું હતૂં રે વા૦
તો નિસપત ન કરત જાંણ મન૦
નિસપત કરીનઇં છાંડતાં રે વા૦
માણસ હોઇં નુકસાણ. ૭. મન૦

* લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતમાં ૩૫મું પત્ર નહીં હોવાથી ૧૨મી ગાથા સુધી ઉજમબાઈની ધર્મશાળાના ભંડારની પ્રતના મૂળ પાઠ અને સ્તબક લીધા છે.

જો ઇમ મનમાં મુકવાનુ હતું ઇમ જાણત, તો પહિલી જ નિઃસંપન(ન્ન)તા યોજના ન કરત પણિ નિઃસંપન્નતા યોજના કરીનઇ વલી તૂં મેહલીઇ તિવારેં તે માણસ નુખસાન કલંકિત થાઇ. ॥૭॥

દેતાં દાંન સંવત્સરી રે
સહુ લહેં વંછિત પોષ મન૦
સેવક વંછિત નવિ લહઇં વા૦
તે સેવકરો દોષ. ૮. મન૦

સંવત્સર યાવત દાંન દેતાં સર્વ પ્રાણી વંછિત પોષ પુષ્ટ થયા. પણિ મુઝ સરીખઇ સેવકઇં વંછિત ન પામ્યું તે સેવકનઇં કર્મદોષ. ॥૮॥

સખી કહેં એ સામલો રે વા૦
હું કહું લક્ષણ સેત મન૦
ઇંણિ લક્ષણેં સાચી સખી રે વા૦
આપ વિચારો હેત. ૯. મન૦

સખીઓ કહતી જે એ કાલો, સામલો, નિર્દય, નિસ્નેહી હોઇ, તિવારઇ હું તેહનઇ કહતી જે લક્ષણેં શ્વેત ઊજ્જલ છઇ, પણિ ઇણિં લક્ષણેં કરી સખીઉ તે સાચી જાણી ખરઇ પારિખઈ. આપ આપણા વિચારનઇ હેતઇં કરી જોઓ. ॥૯॥

રાગીસ્યું રાગી સહૂ રે વા૦
વઇરાગી નઇં રાગ મન૦
રાગ વિનાં કિંમ દાખવો રે વા૦
મુગતિ સુંદરી માગ. ૧૦. મન૦

સંગી સાથઇ સહુ રાગ દાખવઇ પણિ વૈરાગીનઈં સ્યો રાગ ? અનઈં રાગ તિવારઇ વયરાગ સ્યો ?

અનઇં રાગ વિના મુગતિ–સ્રીસ્યું રાગનો માર્ગ કિમ દાખવો છો ? ॥૧૦॥

એક ગુહ્ય ઘટતું નહી રે વા૦
સઘલો એ જાંણેં લોક મન૦
અનેકાંતિક ભોગવે રે વા૦
બ્રહ્મચારી ગત શોક. ૧૧. મન૦

એક અદ્વિતીય ઘટતું પોતાનું ગુહ્ય રહસ્ય બીજો કોઈ ન જાણો.

સઘલો લોક ઈમ જાણઇ છઇ જે પરણવા આવ્યા પણિ પાછા ફિરતા નાવ્યા.

અનેકાંતની દશા તેહ જ ભોગવો છો. બ્રહ્મચારી છો, ગતશોક છો. ॥૧૧॥

જિંણિં જોગઇ તુઝનેં જોઉં રે વા૦
તિંણિં જોગઇ જુઓ રાજ મન૦
એક વાર મુઝનેં જૂઓ રે વા૦
તો સીઝઇં મુઝ કાજ. ૧૨. મન૦

જેણિ રીતેં તુહ્મનેં હું જોઉં છું એક તુહ્મો જ સ્વામીનાથ, તેણિ રીતિં જોવઇ જો મુઝનેં હે રાજ !

એક વાર જો પોતાના દાસભાવપણઇ જો નિરખો તો વાંછિત કાર્ય સીઝઇ. ॥૧૨॥

મોહ દશા * ધરી ભાવતાં રે વા૦
ચિત લહઈ તત્વવિચાર મન૦
વીતરાગતા આદરી રે વા૦
પ્રાણનાથ નિરધાર. ૧૩. મન૦

ઇમ મોહની દશા રાગદશા કંતરૂપ *ભાવતાં હુતાં ચિત્તમાં તત્વવિચાર ઊપનો સ્યો ? વીતરાગની રાગ અવસ્થા પ્રાણનાથઈં આદરી તે માટિં. ॥૧૩॥

સેવકપણિ તે આદરેં રે વા૦
તો રહેં સેવક મામ. મન૦
આશય સાથેં ચાલીઇ રે વા૦
એહ જ રૂડાં કામ. ૧૪. મન૦

સેવક પણિ તે દશા જો આદરેં અંગીકાર કરઇ તોહિ જ સેવકની માંમ મહત્વ રહઇ.

જે પતિ સ્વામીનઇં આશયેં અભિપ્રાયઇં ચાલીઇં. સેવક તે જે સ્વામિમેં અભિપ્રાયઇ ચાલઇં એહી જ મોટાં ભલાં કાંમ છઈં. ॥૧૪॥

ત્રિવિધ યોગ ધરી આદર્યો રે વા૦
નેમિનાથ ભરતાર મન૦
ધારણ પોષણ તારણો રે વા૦
નવરસ મુગતાહાર. ૧૫. મન૦

ત્રિકરણ યોગ–મન, વચન, કાયયોગઇં એહી જ સ્વાંમી આદર્યો. શ્રીનેમિનાથ ભર્તાર નાયક સ્વામીભાવઇં.

એ નાયક કહેવો છઇં ? ધારણા જ્ઞાનાદિ ગુણનો

* અહીંથી લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતના મૂળ પાઠ અને સ્તબક મળે છે.

પોષક, સંયમ ગુણનો તારણો, દુઃખના પાર પમાડવા માટઇં નવરસ કં૦ શાંતરસ તથા નવરસ વિવિધ રસ તદ્રૂપ મોતીના હાર સમાન છઇં. ॥૧૫॥

કારણ રૂપી પ્રભુ ભજ્યો રે વા૦
ગણ્યો ન કાજ અકાજ મન૦
કૃપા કરી પ્રભુજી દિઉં રે વા૦
આનંદઘન પદરાજ. ૧૬. મન૦
ઇતિ શ્રીનેમિજિનસ્તવ : । ૨૨.

તે માટિં કારણ સ્વરૂપી એ પ્રભુ ભજીઇં. પોતાના ઉપાદાન શુદ્ધ થાવાનઇં એ પ્રભુ નિમિત્તરૂપી ભજ્યો. બીજો કાર્ય ન ગણ્યો અથવા એ કાર્ય વિના બીજો અકાર્ય.

કૃપા કરીનઇં પ્રભુજી મુઝનઇં દિયો આપો. આનંદઘન પદનું રાજ્ય મોક્ષ પદનું આપો. ॥૧૬॥

એતલઇં શ્રી નેમિનાથજી બાવીસમા તીર્થંકરનું તવન થયું. ધારણ, પોષણ, તારણનો અર્થ વલી ઈમ પણિ કહ્યો છઇ. ॥૨૨॥

ધારણો જ્ઞાનદશાઈં, પોષણો ભક્તિદશાઇં, તારણો વૈરાગ્યદશાથી તથા ધારણો મનઈં, પોષણો વચનગોચરેં, સત્યાદિકઇં, તારણો કાયાદિ ક્રિયાઇં, સ્વપર આશ્રી વિનય ગુણઇં ઈત્યાદિક બેહુ અર્થ જાણવા. તથા નવરસ મુગતા–હાર તે સ્યું ? નવરસ લિખીઇ છઈં. શૃંગાર ૧, હાસ્ય ૨, કરૂણા ૩, રૌદ્ર ૪, વીર ૫, ભયાનક ૬, બીભત્સ ૭, અદ્‌ભૂ(ભુ)ત ૮, શાંત ૯ એ નવરસમય.

वीरों सिंगारो अब्भुओ य, रुद्दो य होइ बोधव्वो ।
वेलणओ बीभच्छों, हासो कलुणो पसंतो य ॥

અશુચિ કડેવર સંગથી ઉત્પન્ન તેહનઈં વિષઇં આસક્ત થાવા વિરમણ બીભત્સ રસ ૬, રૂપ વય દેસ ભાષા ઈત્યાદિકનઈં વિષઇ પરિણમન–અપરિણમનરૂપ ધર્મ લક્ષણ હાસ્ય ૭, પ્રિય વિપ્રયોગ અપ્રિય સંયોગ વધ બંધિ વ્યાધિ ત્રિનિપાતાદિ સમુદ્ભવ લક્ષણ કલુ(રુ)ણ રસ ૮, એ સર્વનઇં વિષઇં રાગદ્વેષ ત્યજતે સ્વભાવ જનિત મધ્યસ્થ * પણઈ તે તે સ્વભાવનું અવધારણ કરી શાંતિ-પણઈં ત્યજન નિરનુબંધિ ફલેં તે શાંતરસ ૯ ઈત્યાદિ નવરસના વિસ્તાર ''અનુયોગદ્વાર'' આદિથી જાંણવા. તે માટિં નવરસમુગતાહાર તે શ્રી ભગવાન નેમિનાથ જાંણવા.

**લાભાનંદજી કૃત તવન એતલા ૨૨ દીસઇ છઇ. યદ્યપિ હસ્યેં તોહઇ આપણ હસ્તે નથી આવ્યા. અનેં આનંદઘનની સંજ્ઞા તે સ્વનામની કરી છઇ. એહવું વિંગ(વ્યંગ્ય) સ્વરૂપ મુકયાથી જણાઇ છઇ તે જાણવું.**

☆

* લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતમાં ૩૭મું પત્ર નહીં હોવાથી ૨૩મા સ્તવનની છઠ્ઠી ગાથા સુધીના મૂળ પાઠ અને સ્તબક ઉજમબાઈની ધર્મશાળાના ભંડારની પ્રતમાંથી લીધા છે.

## સ્તવન : ૨૩ *

# શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન

(ઢાલ-કહણી કરણી તુઝ વિણ સાચો)

[કોઈ ન દેખ્યો જોગી રે-એ દેશી]

પાસ પ્રભુ પ્રણમું સિર નાંમી
આતમગુણ અભિરાંમી રે
પરમાનંદ પ્રભુતા પાંમી
કાંમિતદાયિ અકાંમી રે. ૧. પાસ૦

હવઇ ૨૪ પૂર્ણ થાઇ તે માટિઇં તવન ૨ પૂરવાનેં લિખ્યા છઇ.

શ્રી પાર્શ્વનાથ પ્રભુનઇં પ્રણામ શિરનામીનઇં ત્રિકરણયોગઇં કરીનઇં.

પાર્શ્વનાથ કેહવા છઇ ? આત્મગુણઇં કરી મનોહર છઇ અભિરામ છઇ. પરમાનંદની પ્રભુતા પાંમી છઇ. અનંતાષ્ટકમય છઇ. વલી કેહવા છઇ ? કાંમિત વંછિત દાતા છઇ અનઇ સ્વયંઇ પોતઇ અકામી છઇ અપ્રાર્થક છઇ. ॥૧॥

ચઉવીસીમેં થેં તેવીસા
દૂર કર્યા તેવીસા રે
ટાલ્યા જિંણિં ગતિ થિતિ ચૌવીસા
આયુ ચતુષ્ક પણ વીસારે રે. ૨. પાસ૦

---

* ત્રેવીસમું અને ચોવીસમું, એમ ચોવીશીનાં છેલ્લાં બે સ્તવન શ્રી જ્ઞાનવિમલસૂરિએ રચેલાં છે.

વર્ત્તમાન ચોવીસીમાં તુહ્મો ત્રેવીસમા છો.

દૂરિ કર્યા છઇ ત્રેવીસ[૧] શબ્દાદિક વિષય જેણઇ. વલી ચોવીસ[૨] ગતિ થિતિ દંડકરૂપ તે ટાલ્યા છઇ જેણઇ. જેહનું આયુખું પંચવીસ ચોકુ છે, એતલઇ એકશત વર્ષનું છઇ. ॥૨॥

લોહ કુધાતુ કરઇં જે કંચન
તે પારસ પાષાંણો રે
નિર્વિવેક પણ તુંહ્મંચઇં નામઇં
એ મહિમા સુપ્રમાંણો રે. ૩. પાસ૦

કુધાતુ જે લોહ તેહનઇં કંચન કરઇ છઇ તે પારસ પાષાંણ છઇ. યદ્યપિ જડ છઈ તોહઇ પણિ તુહ્મારું નામ પારસ કહવાઇ છઇ. એ નામનો મહિમા છઇ કેવલ નામ નિખેપાનો. ॥૩॥

---

ટિ૦ ૧ : વર્ણ ૫, રસ ૫, ગંધ ૨, સ્પર્શ ૮, શબ્દ ૩ ઇતિ ત્રેવીસ વિષય ટાલ્યા.

ટિ૦ ૨ : ચોવીસી મોહનીય કર્મનો બંધ, ઉદય, સત્તા, સ્થાનકથી ઊપની ગુણઠાણઇ ચઢતઇ ચઢતઈ ટાલી તેહનો વિચાર ૬ "કર્મગ્રંથ", "કર્મપયડી"થી જાણવો. ગતિ ૨૪ દંડકરૂપ—

नेरइया १, असुराई १०, पुढवाई ५, बेंदियादओ ३, चेव ।
गब्भय तिरिय १, मणुस्सा १, व्यंतर १, जोइस वेमाणी १ ॥

ઇતિ ૨૪. દંડક ભ્રમણ ટાલ્યા છઇ. इति २४ ।

ભાવઇં ભાવ નિક્ષેપઇં મિલતાં
ભેદ રહઇં કિંમ જાણો રે
તાંનઇં તાંન મિલ્યઇં સ્યો અંતર
એહવો લોક ઉખાંણો રે. ૪. પાસ૦

ભાવનિક્ષેપાનઇં ભાવઇ ભાવઇ મિલતાં આત્મભાવઇં એકપણઇં મિલતાં ભેદ તે કિમ રહઇં? અભેદપણઇ થાઇ. "તાનેં તાન મિલઇં તિહાં અંતર ન રહઇં" એ લોકનો ઊખાણો—ન્યાય છઇ. ॥૪॥

પરમ સરૂપી પારસ રસરયું
અનુભવ પ્રીતિ લગાઈ રે
દોષ ટલઇં હોઇં દૃષ્ટિ સુનિર્મલ
અનુપમ એહ ભલાઇ રે. ૫. પાસ૦

પરમ સ્વરૂપી પાર્શ્વનાથ પરમેશ્વર ધ્યાનરૂપરસસ્યું અનુભવ પ્રીતિ જિવારઇં લાગઇં એકમય થાઇ તિવારઇં દોષ મિથ્યાત્વાદિ સંસારી દોષ સર્વ ટાલઇ. અનઇં દૃષ્ટિ દર્શન ખુલઈ નિર્મલ થાઇ. અનોપમ અદ્‌ભૂ(ભુ)ત પ્રધાન એહ લાભની ભલાઇ. ॥૫॥

* કુમતિ ઉપાધિ કુધાતુને તજિઇં
નિરુપાધિક ગુણ ભજિઇં રે
સોપાધિક સુખદુખ પરમારથ
તેહ લહેં નવિ રજઇં રે. ૬. પાસ૦

*તે માટિં કુમતિરૂપ ઉપાધિરૂપ, કુધાતુ મલિન ધાતુ વિભાવ સ્વભાવનઇં તજીઇં.

* અહીંથી લા. દ. સંગ્રહ (ક્રમાંક ૭૦૫)ની પ્રતિના મૂળ પાઠ અને સ્તબક મળે છે.

નિરૂપાધિક પુદ્ગલિક ભાવ રહિત તે ગુણ જ્ઞાનાદિક– નઇં ભજીઇં સેવીઇં. અનઇં સોપાધિક સુખ પુન્ય પ્રકૃતિ જનિત સુખ તે પરમાર્થઇ દુખ જ જાણવુ. તે પામ્યાથી મનમાં રાજીઇં રાચીઇ નહીં. ॥૬॥

જે પારસથી કંચન જાચું
તેહ કુધાતુ ન હોવઇં રે
તિમ અનુભવરસ ભાવઇં ભેદિઓ
શુદ્ધ સરૂપઇં જોવઇં. ૭. પાસ૦

જે પારસથી લોહ જાત્ય કંચન, તિહાં ફિરી કુધાતુ ન થાઇં. તિમ જે પરમાત્મ ધ્યાન પારસથી જે અનુભવ કંચન થયું તે શુદ્ધ સ્વરૂપઇં જોવઇં નિરખઇ. નિરખઇં તત્વજ્ઞાનઇ કરી. ॥૭॥

વામાનંદન ચંદન શીતલ
દર્શન જાસ વિભાસઇ રે
જ્ઞાનવિમલ પ્રભુતા ગુણ વાધઇં
પરમાનંદ વિલાસ રે. ૮.

ઇતિ શ્રીપાર્શ્વજિનસ્તવન । ૨૩.

હે શ્રી વામાનંદન! વામારાણીના પુત્ર! ચંદન શીતલ દર્શન આકાર તથા દર્શન શુદ્ધ સમકિત જેહનું વિશેષઇં ભાસઇ છઇ. તેહથી જ્ઞાનઇં કરી વિમલ ગુણની પ્રભુતા વાધઇં. અનઇ પરમાનંદ વિલાસ લીલા પામઇં ॥૮॥

એતલઇ ત્રેવીસમા તીર્થંકર શ્રીપાર્શ્વનાથનું તવન થયું. ॥૨૩॥

✩

## સ્તવન : ૨૪

# શ્રી મહાવીર જિન સ્તવન

(રાગ : મારુણી, ધન્યાસિરી)

[ગિરિમાં ગોરો ગિરૂઓ મેરુ ગિરિ વડો રે-એ દેશી]

કરુણા કલ્પલતા શ્રી મહાવીરની રે
ત્રિભુવન મંડપ માંહિં પસરી રે
મીસરી રે પરિ મીઠી અભયઇં કરી રે. ૧.

શ્રી મહાવીરજીની કરુણા પરદુખ ટાલવારૂપ જે કલ્પલતા વેલડી એતલઇં કલ્પવેલિ તે ત્રિભુવન-સ્વર્ગ, મૃત્યુ, પાતાલ રૂપ માંડવાને વિષઇં પસરી વિસ્તરી છઇ.

તે કેહવી છઇં? જિમ મિસરી કo સાકર પ્રમુખ મીઠા દ્રવ્યથી પણિ અધિક મીઠી છઇ, અભયદાન રસઇં કરીનઇ. ॥૧॥

શ્રી જિન આણા ગુણઠાણઇં આરોપતાં રે
વિરતિ તણીઇ પરિણામ પવનિ રે
અવનિંરે અતિંહિં અમાય સભાવથી રે. ૨.

તે કરુણાસ્વરૂપ અમૃતવેલિ તે જિન આજ્ઞાનઇં ગુણ ઠાણે શ્રદ્ધાન ગુણઠાણું તે સમકિતરૂપ થાણઇં આરોપીઇં.

વિરતિ તણઇં પરિણામ શુભ પવનિં કરી પરિણ-માવીઇં. તે વેલડીનું અવન કo રાખવું સ્યે કરી થાઇં? અમાય નિઃકપટરૂપ જે સહજ ભાવ થકી. ॥૨॥

સર્વ સંવર ફલઇ ફિલતી મિલતી અનુભવઇં રે
શુદ્ધ અનેકાંત પ્રમાણે ભલતી રે
દલતી રે સંશય ભ્રમના તાપનઇં રે. ૩.

તે વેલડી સર્વ સંવરરૂપ ફલેં કરી ફલતી છઇં. અનુભવરસઇં મિલતી છઇં. શુદ્ધ નિર્દૂષણ અનેકાંત સ્યાદ્વાદ પ્રત્યક્ષ પરોક્ષ પ્રમાણાદિકમાં ભલતી છઇ. વલી કેહવી છઇ? શંસ(સંશ)ય ભ્રમરૂપતાપ તેહનઇં દલતી ટાલતી છઇ. ॥૩॥

ત્રિવિધ વીરતા જિણેં મહાવીરેં આદરી રે
દાન ૧ યુદ્ધ ૨ તપ ૩ રૂપ અભિનવ રે
ભવિ ભવિ રે દ્રવ્ય ભાવથી ભાખીઇ રે. ૪.

જિણઇં ભગવંતઇં શ્રીમહાવીરઇં ત્રિવિધ ત્રિણ્ય પ્રકારની વીરતા આદરી છઇં તે કેહી? દાનવીરતા ૧, યુદ્ધવીરતા ૨, તપવીરતા ૩, ભવોભવથી અભિનવ એ ભવી દ્રવ્યથી અનુભાવથી તે કહીઇ છઈ. ॥૪॥

હાટક કોડિ દેઇ દારિદ્ર નસાડીઓ રે
ભાવઇં અભયનું દાંન દેઈ રે
કેઇ રે લેઈનઇં સુખીયા થયા રે. ૫.

દ્રવ્યથી દાનવીરપણું તો હાટક કહતાં સુવર્ણની કોડિ ગમઇં, 'વરહવરો, વરહવરો' ઇંમ ઉદઘોષણા કરી જગત્રનઇ દરિદ્રનું નામ નસાડયું એ દ્રવ્યથી દાનવીરતા.

અનઇં ભાવથી વીરતા સર્વ જગજ્જીવનઇં અભય-દાન દેઈ સાધુપણાનઇં વિષઇં એહવું દાન લેઈનઇં કેઈ અનેક પ્રાણી સુખીયા થયા. ॥૫॥

રાગાદિક અરિમૂલ થકી ઉખેડીયા રે
લહી સંયમ રણરંગ સેપી રે
ઓપી રે જિણઇં આપ કલા નિરાવરણની રે. ૬.

હવે યુદ્ધ સુરવીરતા કહે છઇ. દ્રવ્યથી પરિસહ સહ નથી. ભાવથી રાગદ્વેષાદિક અરિ મૂલથી ઉખેડી નાંખ્યા. મૂલથી કાઢયા. સંયમરૂપ રણુરંગ ભૂમિકા આરોપીનઇં વૈરી નિકંદન કીધા. જે ભગવાનઇં પોતાની નિરાવરણુની કલા ઓપી એતલઇ નિર્મલ કરી. ॥૬॥

નિરાશંસ વલી શિવસુખ હેતુ ક્ષમા ગુણઇ રે.
તપ તપિયા જિણેં એમ આપઇં રે
થાપઇં રે વર પંડિત વીર્ય વિનોદથી રે. ૭.

દ્રવ્યથી ચોવિહાર તપ. ભાવથી નિરાશંસ નિરનુબંધ. વલી શિવસુખ મોક્ષનું હેતુ ક્ષમા પ્રધાન ગુણે કરી. 'तवेणं वोदांणफले' इत्यागमवचनात् ।

જિમ ભગવાનઇં એહવા તપ તપ્યા પોતેં તે તપ-વીરતા. એ વર પ્રધાન પંડિત વીર્યના વિનોદથી વીરતા સાધી વિશેષપણેં રાજઇં શોભઇં તે વીર અથવા

''विदारयति यत् कर्म तपसा च विराजते ।
तपोवीर्येण युक्तश्च तस्माद् वीर इति स्मृतः १ ॥ ७ ॥

દર્શન જ્ઞાન ચરિત્ર ત્રિવિધની વીરતા રે
મહાપદ શોભિત ભાવિ ભાસઇ રે
વાસઇં રે ત્રિભુવન જનમન ભાયણાં રે. ૮.

વલી દર્શન, જ્ઞાન, ચારિત્રની વલી ત્રિવિધ વીરતા કહઇં છઇં. મહા પદઇ કરી શોભિત મહાજ્ઞાન, મહાદર્શન, મહાચારિત્ર તેહની શોભા ભાવથી ભાસઇં છઇં. મહા શબ્દેં પ્રધાન કહીઇં. એ ત્રિણ તત્ત્વની વાસનાઇં કરી ભવિજન મનરૂપ જે ભાજન તે જેણઇ વાસ્યા છઇ. ॥૮॥

વીરધીર કોટીર કૃપા રસનો નિધી રે
પરમાનંદ પયોદ વ્યાપઇ રે
આપઇં રે નિજ સંપદ ફલ યોગ્યતા રે. ૯.

વીરમાં ધીર અથવા કર્મ વિદારવાનઇં વીર. લોકાલોક પ્રકાશકઇ ધીર. ધૃતિ ધૈર્યઇં ધીર, તેમાં કોટીર મુગટ સમાન. વલી કૃપારસનો નિધાન. પરમાનંદરૂપ જે પયોદ કુ૦ મેઘ તેણેં કરી વ્યાપતો પસરતો કરુણાવેલિનઇં સી(સીં)ચતો છઇ. વલી આપઇં પોતાની સંપદા એતલેં સ્વરૂપઇં એક ચેતન સ્વભાવ માટઇં નિમિત્તઇં તદાવરણ ટાલવા રૂપઇં. ॥૯॥

બંધ ઉદય સત્તાદિક ભાવાભાવથી રે
ત્રિવિધ વીરતા જાસ જાંણી રે
આણી રે ત્રિપદી રૂપઇં ગણધરિ રે. ૧૦.

બંધ, ઉદય, સત્તા, ભાવઇં કરી કર્મના અભાવ કીધા છઇં. ત્રિવિધ પ્રકારઇં એહવી વીરતા પ્રગટપણઇં જેહની જાંણી, એહવી જ ગણધરઇં ત્રિપદીરૂપઇં આણી છઇં હૃદયમાં જ્ઞાન, દર્શન, ચારિત્રભાવઇં કરી. ॥૧૦॥

ઠાણગ જાણગ ગુણ ગુણ ઠાણંક ત્રિહું વિધઇં રે
કાઢ્યા જિણિં ત્રિદોષ પોષો રે
શોષો રે રોષ તોષ કીધા તુહ્મે રે. ૧૧.

સ્થાનક મિથ્યાત્વાદિ જ્ઞાયક, સ્થાનક અવિરતાદિ ગુણસ્થાનક ગુણઠાણું પ્રમત્તાદિ અથવા અવિરતિ, પ્રમત્ત ક્ષીણમોહાદિ ત્રિવિધ ગુણઠાણેં ત્રિદોષ કાઢ્યા અથવા પ્રમત્ત, ક્ષીણમોહ, અયોગી ઇત્યાદિ સ્થાનકઇં અજ્ઞાન

અસંયમ અસિદ્ધ એ ત્રિદોષનો શોષ નાશ કીધો. વલી રોષ-તોષનો શોષ જેણઇં કીધો. પાપ પુષ્ટિ, પુન્ય પુષ્ટિ, ઉભય નાશ ઇત્યાદિ ત્રિવિધ વીરતા છઇં. વલી ત્રિવિધ વીરતા કહેં છઇં. ॥૧૧॥

સહજ સુભાવ સુધારસ સેચન વૃષ્ટિથી રે
ત્રિવિધ તાપનો નાશ હોવઇ રે
જો વરે ત્રિભુવન ભાવ સભાવથી રે. ૧૨.

સહજ સ્વભાવ પરમ મૈત્રી પરમ કરુણારૂપ, સુધારસ વૃષ્ટિ અમૃતનેં વર્ષણ સીંચવઇં કરી ત્રિવિધ લોકનો ત્રિવિધ તાપનો નાશ થાઇં. મિથ્યાત અવિરતિ કષાય તાપ અથવા જન્મ, જરા, મરણ તાપ તેહનો નાશ થાયઇં.

વલી દેખઇ ત્રિભુવન-સ્વર્ગ, મૃત્યુ, પાતાલના એકેક ભાવ પદાર્થનઇં સહજ સ્વભાવથી ઉત્પાદ નાશ ધ્રૌવ્યપણઇં જોઇ. ॥૧૨॥

જ્ઞાનવિમલ ગુણ ગણ મણિ રોહણ ભુધરા રે
જય જય તૂં ભગવાન નાયક રે
દાયક રે અખય અનંત સુખનો સદા રે. ૧૩.
ઇતિ શ્રીમહાવીરજિનસ્તવનમ્ । ૨૪.
ઇતિ ચોવીસી સંપૂર્ણઃ । શુભં ભવતુ ।

જ્ઞાનવિમલ ગુણના ગણ સમુદાય તદ્રુપ જે મણિરત્ન તેહના ભૂધર પર્વત રોહણાચલ છો. એહવા ભગવાન શ્રી મહાવીરસ્વામિ જગતનાયક, શાસનનાયક, જ્ઞાનવંત, જયવંતા વરતો છો. વલી દાયક દેણહાર છો.

અખય ખાયિકભાવઈં થયા જે અનંત સુખ. સકલ કર્મના નાશથી તેહના સદા નિરંતર આપસ્વરૂપઈં ભોક્તા છો. ।।૧૩।।

ઇણિં પ્રકારિઇં શ્રીમહાવીરજિન સ્તુતિ સ્તવના કહી. ।।૨૪।।

**કલશ :**

ચોવીસ જિનવર વિશ્વ હિતકર ગતિ ચઉવીસ નિવારતા ચોવીસ દેવ નિકાય વંદિત ચઉવીસીમાં તારતા સંપ્રતિ કાલઈં વર્ત્તતા.

આનંદઘન બાવીસ માંહિ દોય સ્તવન પૂરણ ભણી,
શ્રી જ્ઞાનવિમલ જિણંદ ગાતાં અખય સંપદ અતિ ઘણી.૧.

ઇતિ મંગલ છે. ટબાર્થ ગ્રંથસંખ્યા ૭૨૮, સર્વ સંખ્યાગ્ર ૧૨૦૦ ઇતિ.

**પુષ્પિકા :** સંવત નંદન રાગ સપ્તેંદુ માસેઊર્જે–
અસિતે તથા શર્વતિથૌ દિવાનાથે લિખિતા પત્તનેપુરે. ૧.

યાવલ્લવણ સમુદ્રો યાવન્નક્ષત્ર મંડિતો મેરુ
યાવત્ ચંદ્રાદિત્યૌ તાવદિદં પુસ્તકં જયતુઃ ।૨।
લિખિતં પં. નાનાંસુત પં. આશાધરેણ.

☆

# સ્તબકના શબ્દાર્થ

## અ

| | | |
|---|---|---|
| અકસ્માત ભય | ૭ : ૨ | અકસ્માતનો ભય, સાત મહાભયમાંનો એક ભય |
| અક્રિય | ૨૦ : ૨ | ક્રિયા વિનાનો |
| અક્ષય ભાવઈં | ૭ : ૮ | અક્ષયભાવે |
| અખયદાન | ૭ : ૪ | અક્ષયદાન |
| અખેદપણઈ | ૨૧ : ૨ | અખેદપણે |
| અઘાતી | ૬ : ૨ | અઘાતી કર્મ, જે જીવના મૂળ ગુણોનો ઘાત નથી કરતું તે કર્મ |
| અચિરજ | ૧૭ : ૫ | આશ્ચર્ય, વિસ્મય, અચરજ |
| અછેદ | ૫ : ૨ | અચ્છેદ્ય |
| અજીવ | ૨૦ : ૧ | અચેતનતત્ત્વ |
| અઠ્ઠોત્તરસો | ૯ : ૬ | એકસો ને આઠ |
| અત્તાગમ | ૨૧ : ૮ | આત્માગમ, પોતે નિરૂપેલું આગમ |
| અત્યંતાભાવે | ૨૦ : ૧ | સર્વથા અભાવ |
| અથિરતા | ૩ : ૨ | અસ્થિરતા |
| અદ્વૈત | ૨૦ : ૧ | અદ્વૈત, એક માત્ર બ્રહ્મ એવો મત |
| અધોલોકઈં | ૧૭ : ૨ | અધોલોકમાં, પાતાળમાં, નરકમાં |
| અધ્યાતમસ્યું | ૧૧ : ૪ | અધ્યાત્મ સાથે |
| અધ્રુવબંધી | ૬ : ૨ | કારણ ઉપસ્થિત હોવા છતાં પણ જેનો બંધ અવશ્યંભાવી ન હોય તેવું કર્મ |
| અધ્રુવોદયી | ૬ : ૨ | જે કર્મપ્રકૃતિઓનો ઉદય તથાવિધ દ્રવ્ય, ક્ષેત્ર, કાલ, ભાવ, |

| | | |
|---|---|---|
| | | ભવ, એ પાંચ કારણો ઉપસ્થિત હોય ત્યારે જ થાય તે |
| અનઈ | ૧ : ૨ | અને |
| અનંતરાગમ | ૨૧ : ૮ | ભગવાને પોતાના સાક્ષાત્ શિષ્યને જે આગમ શીખવ્યું તે શિષ્યનો અનંતરાગમ કહેવાય, વ્યવધાન વિનાનો આગમ |
| અનંતાષ્ટકમય | ૨૩ : ૧ | અનંતજ્ઞાન, દર્શનઆદિ અષ્ટક-વાળા |
| અનાશંસાઈ | ૭ : ૭ | નિષ્કામભાવે |
| અનાશાતના | ૯ : ૭ | આશાતના ન કરવી તે, વિનય |
| અનુક્રમઈ | ૬ : ૪ | અનુક્રમે |
| અનુભાગ | ૬ : ૨ | કર્મનો વિપાક, કર્મોનો તીક્ષ્ણ કે મંદ પ્રભાવ |
| અનુમાન | ૨૦ : ૧ | નૈયાયિક સંમત એક પ્રમાણ, હેતુથી સાધ્યને સિદ્ધ કરવાની પ્રક્રિયા |
| અનુસરી નઈ | ૨૧ : ૧૦ | અનુસરીને |
| અનુંભાવથી | ૨૪ : ૪ | અનુભાવથી, કર્મના વિપાકથી |
| અનેકાંત | ૨૪ : ૩ | સ્યાદ્વાદ, વસ્તુને અનેક દૃષ્ટિએ જોતો વાદ |
| અનેરઈ | ૧૦ : ૧ | ભિન્ન, આ સિવાયના, અનેરું |
| અન્યાપોહ | ૨૦ : ૧ | અન્યના નિષેધ દ્વારા શબ્દ વાચક બને છે એવી બૌદ્ધદર્શનની માન્યતા |
| અપજસભય | ૭ : ૨ | અપયશભય, પોતે બેઆબરૂ થશે તેવો ભય, સાત મહાભયમાંનો એક ભય |
| અપરિણમન | ૨૨ : ૧૬ | નહિ પરિણમવું તે |

| | | |
|---|---|---|
| અપરાવર્ત્તી | ૬ : ૨ | જેનું બીજી પ્રકૃતિમાં પરિવર્તન ન થઈ શકે તેવું કર્મ |
| અપાન | ૨૦ : ૧ | ગુદા |
| અપેક્ષીઈ | ૬ : ૪ | અપેક્ષાએ |
| અપ્રશસ્ત | ૧૭ : ૫ | પ્રશંસા વિનાનો, અશુભ |
| અપ્રાર્થક | ૨૩ : ૧ | ઇચ્છારહિત |
| અભેદ રૂપઇ | ૧ : ૧ | અભેદરૂપે |
| અમાય | ૨૪ : ૨ | માયા વિનાનું |
| અયુતભાવ | ૨૦ : ૧ | છૂટી ન પાડી શકાય એવી વસ્તુઓનો ભાવ, જેમ કે દ્રવ્ય અને ગુણ આદિનો. આ વિચાર વૈશેષિક મતમાં છે. |
| અરદાસ | ૧૫ : ૮ | વિનંતી |
| અરૂપી | ૨૧ : ૩ | સ્વરૂપ વગરનું, અગમ્ય |
| અર્થવિનિયોગ | ૨૧ : ૯ | અર્થના સંબંધની સ્થાપના કરવી તે, ધ્યાનની એક રીત |
| અર્ધાંગઇ | ૨૨ : ૨ | અર્ધાંગે |
| અલક્ષ | ૭ : ૪ | અલક્ષ્ય |
| અવક્ષેપણ | ૨૦ : ૧ | નીચે ફેંકવાની ક્રિયા, કર્મનો એક ભેદ-વૈશેષિક મત પ્રમાણે |
| અવગાહનારૂપઈ | ૨૨ : ૨ | અવગાહન રૂપે |
| અવતારીઇ | ૫ : ૧ | અવતારે |
| અવધારો | ૭ : ૨ | અવધારણ કરો, ધ્યાનમાં લો |
| અવન | ૨૪ : ૨ | જતન કરવું, રાખવું |
| અવયવ | ૨૦ : ૧ | નૈયાયિક મતમાં પ્રતિજ્ઞા, હેતુ, દૃષ્ટાંત, ઉપનય અને નિગમન—એ પાંચ અનુમાનના અવયવો છે. |

| | | |
|---|---|---|
| અવલઈ | ૧૭ : ૩ | અવળે |
| અવલંબીનઈ | ૪ : ૪ | અવલંબીને |
| અવલોકીઈ | ૨૧ : ૩ | અવલોકીએ, જોઈએ |
| અવસરિ | ૧૯ : ૧ | અવસરે, મોકો આવ્યે |
| અવિતથ | ૧૬ : ૩ | સાચું |
| અવિરતાદિ | ૨૪ : ૧૧ | અવિરતિ વગેરે ગુણસ્થાનો |
| અવિરતિ | ૧૯ : ૯ | કોઈ પણ પ્રકારના વ્રતનો અભાવ |
| અષ્ટાંગ યોગ | ૨૦ : ૧ | યમ, નિયમ આદિ અષ્ટાંગવાળો યોગ |
| અસદ્‌ગ્રહીની | ૧૬ : ૮ | અસદ્ ગ્રહણ કરનારની |
| અસદારંભ | ૧૧ : ૨ | અસદ્ વસ્તુનો આરંભ |
| અસવારી | ૧૯ : ૪ | સવારી |
| અસંકલેસ | ૧૬ : ૧૦ | કલેશ વિનાનું |
| અસ્તિ | ૧૬ : ૩ | સપ્તભંગીનો પ્રથમ ભંગ. વસ્તુના બે વિરોધી ધર્મો વિશેના સાત ભંગને સપ્તભંગી કહે છે, |
| અસ્તિ-નાસ્તિ | ૧૬ : ૩ | સપ્તભંગીનો ત્રીજો ભંગ. અસ્તિ અને નાસ્તિ એ બે ધર્મોનો ક્રમથી નિર્દેશ |
| અહ્માર। | ૨ : ૩ | અમારા |
| અહ્મો | ૧૪ : ૪ | અમે |
| અંગીકાર | ૨૧ : ૧ | |
| | ૨૨ : ૧૪ | સ્વીકાર |
| અંઘોલતી | ૧૩ : ૬ | સ્નાન કરતી |
| અંતભૂત | ૨૦ : ૧ | અંતર્ગત |
| અંતરાય | ૬ : ૨ | દાનાદિ શક્તિને પ્રગટ ન થવા દે તે કર્મ |

| | | |
|---|---|---|
| અંધઈ | ૨૦ : ૬ | આંધળા સાથે |

*

## આ

| | | |
|---|---|---|
| આંકડો | ૧૭ : ૪ | અંકોડો |
| આકાશાસ્તિ-કાયાત્મક | ૨૧ : ૩ | આકાશાસ્તિકાયરૂપ |
| આકુંચન | ૨૦ : ૧ | સંકોચન કરવાની ક્રિયા, કર્મનો એક ભેદ–વૈશેષિક મત |
| આગર | ૫ : ૪ | આકર, સમૂહ |
| આગલિ | ૧૧ : ૨ | |
| | ૧૫ : ૬ | આગળ |
| આગિલ્યા | ૨૦ : ૧ | આગળના |
| આજીવકાભય | ૭ : ૨ | ભરણપોષણ અંગેનો ભય, સાત મહાભયમાંનો એક ભય |
| આણિઉં | ૧૭ : ૯ | આણું, લાવું |
| આણવાનઈ | ૧૭ : ૯ | લાવવાને |
| આણીજઈ | ૧૪ : ૫ | આણીએ, લાવીએ |
| આતપત્ર | ૯ : ૬ | છત્ર |
| આતરું | ૬ : ૧ | અંતર, વ્યવધાન, છેટાપણું |
| આત્મજનિતસ્યું | ૧૩ : ૧ | આત્મજનિત સાથે |
| આત્મનિષ્ટિત | ૨૧ : ૨ | આત્મનિષ્ઠ |
| આદરીઈ | ૧૮ : ૮ | આદરીએ |
| આદાનભય | ૭ : ૨ | માગણી મુજબ મળશે કે નહિ તેવી શંકાનો ભય, સાત મહાભયમાંનો એક ભય |
| આપઈ | ૨૪ : ૯ | પોતાની |

| | | |
|---|---|---|
| આપણીહી જ | ૧૯ : ૫ | આપોઆપ જ |
| આપસ્વરૂપઇ | ૨૪ : ૧૩ | આત્મસ્વરૂપે |
| આપાપણા | ૬ : ૫ | પોતપોતાના, પોતાના |
| આપાપણેં | ૨૦ : ૧ | પોતાપણે |
| આમ્નાયવંત | ૧૬ : ૪ | પરંપરાનો જાણકાર |
| આયુ | ૬ : ૨ | આયુષ્ય કર્મ, પ્રત્યેક ભવમાં આયુષ્યનો કાળ નક્કી કરનારું કર્મ |
| આરઈ | ૧૮ : ૧ | આરે, કિનારે |
| આરોપીનઈ | ૨૪ : ૬ | આરોપીને |
| આર્યસત્ય | ૨૦ : ૧ | દુઃખ આદિ ચાર આર્ય સત્ય–બૌદ્ધ મતે |
| આવસ્યો | ૨૨ : | આંકણી આવશો |
| આશ્રી | ૨૨ : ૧૬ | આશ્રયીને |
| આશ્રીનઈ | ૨૧ : ૩ | આશ્રય કરીને |
| અસંસાદિ | ૮ : ૬ | |
| | ૯ : ૨ | કામના વગેરે |
| આસી | ૧ : ૨ | આશાવાળો |
| આંધો | ૧૫ : ૬ | આંધળો |

*

## ઇ

| | | |
|---|---|---|
| ઇગ્યારમા | ૧૧ : ૬ | અગિયારમા |
| ઇણઈ | ૮ : ૬ | એણે |
| ઇણિ | ૧ : ૩ | |
| | ૯ : ૧ | |
| | ૨૨ : ૯ | એણે |

| | | |
|---|---|---|
| ઇહલોકભય | ૭ : ૨ | આ લોક વિશેનો ભય, સાત મહાભયમાંનો એક ભય |
| ઇહે | ૧૦ : ૫ | આવા |

*

ઈ

| | | |
|---|---|---|
| ઈછાચારી | ૧૮ : ૨ | સ્વૅચ્છાચારી |
| ઇલિકાનઈ | ૨૧ : ૭ | ઇયળને |
| ઈલી | ૨૧ : ૭ | ઇયળ |

*

ઉ

| | | |
|---|---|---|
| ઉગણીસમા | ૧૯ : ૧૦ | ઓગણીસમા |
| ઉજ્જાગરતા | ૧૯ : ૨ | ઉજાગરો |
| ઉત્તરપ્રકૃતિબંધ | ૬ : ૨ | કર્મની મૂળ પ્રકૃતિના ઉપભેદોનો બંધ. ૧૫૮ ઉત્તર પ્રકૃતિ છે. |
| ઉત્તરાસણ | ૯ : ૨ | ખેસ |
| ઉત્ક્ષેપણ | ૨૦ : ૧ | ઊંચે ફેંકવાની ક્રિયા, કર્મનો એક ભેદ–વૈશેષિક મત પ્રમાણે |
| ઉત્પાદ | ૨૦ : ૧<br>૨૪ : ૧૨ | વસ્તુના પર્યાયની ઉત્પત્તિ, ત્રિપદીમાંનું એક પદ |
| ઉદય | ૨૪ : ૧૦ | કર્મનું ફળ આપવા માટે તત્પર થવું તે ઉદય |
| ઉપનયઈ | ૧૮ : ૪ | ઉપનયમાં, વસ્તુનો ઉપસંહાર કરીને કહેવામાં |
| ઉપમાન | ૨૦ : ૧ | નૈયાયિક સંમત એક પ્રમાણ, સાદૃશ્ય દ્વારા વસ્તુનું જ્ઞાન તે ઉપમાન પ્રમાણ |

| | | |
|---|---|---|
| ઉપશમશ્રેણિ | ૧૯ : ૪ | મોહનીય કર્મનો ઉપશમ કરનારી ગુણ-સ્થાનક શ્રેણિ |
| ઉપસ્થગુહ્ય | ૨૦ : ૧ | લિંગ |
| ઉપાનહ | ૯ : ૨ | જોડાં, પગરખાં |
| ઉલખીઈ | ૧૬ : ૧ | ઓળખીએ |
| ઉલવઈ | ૨૧ : ૩ | ઓળવે, લોપ કરે |

*

## ઊ

| | | |
|---|---|---|
| ઊદારિક | ૨૨ : ૩ | ઔદારિક, સ્થૂળ શરીર |
| ઊપજઈ | ૩ : ૧ | ઊપજે |
| ઊપના | ૧૫ : ૭ | ઉત્પન્ન થયા |
| ઊપનું | ૧૩ : ૨ | ઉત્પન્ન થયું, ઊપજ્યું |
| ઊપનો | ૨૦ : ૫ | ઉત્પન્ન થયો |

*

## એ

| | | |
|---|---|---|
| એકપખી | ૧૫ : ૫ | એકપક્ષી, એક બાજુની |
| એકપણઈ | ૨૩ : ૪ | એકપણે |
| એકશત | ૨૩ : ૨ | એકસો |
| એકસાહિક | ૯ : ૨ | એકવસ્ત્ર |
| એકહુના | ૭ : ૮ | એક જ ના |
| એકીભાવઈ | ૬ : ૬ | એકભાવે |
| એકેકી | ૨૧ : ૬ | એકેક, એક એક એકેન્દ્રિય, એક અર્થાત્ સ્પર્શેન્દ્રિયવાળા (જીવો) |
| એણી | ૧૬ : ૧૫ | એ |
| એતત્સ્વપ્નોપમ | ૨૦ : ૧ | એવા સ્વપ્ન સમાન |

| | | |
|---|---|---|
| એતલઈ | ૧ : ૩ | |
| | ૨ : ૨ | |
| | ૩ : ૪ | |
| | ૧૨ : ૧ | |
| | ૨૪ : ૬ | એટલે |
| એતલી | ૩ : ૩ | એટલી |
| એહ જ | ૬ : ૫ | એ જ |
| એહવઈ | ૯ : ૫ | એવાથી |
| એહવઉં | ૩ : ૪ | એવું |
| એહી જ | ૧ : ૬ | |
| | ૪ : ૩ | |
| | ૭ : ૨ | |
| | ૧૮ : ૨ | એ જ |

*

## ઓ

| | | |
|---|---|---|
| ઓઘ સંજ્ઞા | ૧૪ : ૬ | ચિત્તની વિચારશૂન્ય સામાન્ય અવસ્થા |
| ઓર | ૨૨ : ૬ | બીજા |
| ઓલંભા | ૨૨ : ૧ | ઉપાલંભ, ઠપકા |

*

## ક

| | | |
|---|---|---|
| કડેવર | ૨૨ : ૧૬ | કલેવર, શરીર |
| કરતઇં | ૧૦ : ૩ | કરતાં |
| કરવાનઇ | ૧૭ : ૧ | કરવાને |
| કરસ્યઇં | ૯ : ૮ | કરશે |

| | | |
|---|---|---|
| કરુણાવેલિનઇં | ૨૪ : ૯ | કરુણાની વેલીને |
| કર્મ | ૨૦ : ૧ | ક્રિયા, વૈશેષિક મત પ્રમાણે એ દ્રવ્યમાં રહે |
| કર્મક્ષયાવાપ્ત | ૨૦ : ૧ | કર્મક્ષયથી પ્રાપ્ત કરેલું |
| કર્મફલ | ૨૦ : ૧ | કર્મનો વિપાક |
| કર્મબંધ | ૧૫ : ૨ | આત્મા સાથે કર્મનું બંધન |
| કર્મવયરી | ૧૦ : ૨ | કર્મરૂપી વેરી |
| કર્મવિપાકિં | ૬ : ૧ | કર્મ બિપાકે, કર્મ જ્યારે પોતાનું ફળ દે ત્યારે |
| કલ્પવેલિ | ૨૪ : ૧ | કલ્પવેલ, ઇચ્છિત આપનારી વેલ |
| કલ્યો | ૭ : ૪ | |
| | ૧૮ : ૫ | કળ્યો |
| કષાય | ૬ : ૪ | ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાય છે |
| કહિઉં | ૧૨ : ૪ | કહ્યું |
| કહીઇં | ૧ : ૩ | ક્યાંય, કોઈ ઠેકાણે |
| કાજઈ | ૪ : ૬ | કાજે |
| કાઢ્યા | ૨૪ : ૬ | ઉખેડી નાખ્યા |
| કામ્ય | ૧૯ : ૬ | ઇચ્છિત |
| કાયિક્યાદિ | ૧૧ : ૩ | કાયિકી આદિ આશ્રવના કારણભૂત ક્રિયાઓ |
| કારણઇં | ૬ : ૪ | કારણે |
| કારણમાંહિં | ૩ : ૧ | કારણમાં |
| કાર્યોપચાર | ૨૧ : ૧ | કાર્યનો ઉપચાર, કરણને કાર્ય માનવું તે |
| કાલો | ૧૭ : ૬ | અણસમજુ |
| કાસૂં | ૧૫ : ૨ | કેમ, શા માટે |

| | | |
|---|---|---|
| કાંસાલિ | ૨૯ : ૧ | ખટ્ક, વસવસો |
| કિણ્હ | ૧૪ : ૫ | કેવલ |
| કિલેશ | ૮ : ૧ | કલેશ |
| કિસી | ૧ : ૫ | |
| | ૨૨ : ૫ | શી, કેવી |
| કિસ્યોઈ | ૧૭ : ૨ | કશોય |
| કિહાં | ૧ : ૩ | ક્યાં |
| કીજઈ | ૫ : ૪ | કરવામાં આવે |
| કીધઇ | ૧૭ : ૮ | કીધે, કર્યે |
| ક્રિમહી | ૧૭ : ૧ | કેમે કરી |
| કુધાતુ | ૨૩ : ૩ | હલકી કે ઉપેક્ષણીય ધાતુ |
| કુરડઅરડાદિકની | ૧૭ : ૪ | કુરંડ, અરુડ (મનુષ્યની હલકી જાતિનાં નામ) આદિની |
| કુલવટની | ૧૫ : ૧ | કુલની, ટેકની |
| કૂખિ | ૨૧ : ૪ | કૂખમાં, પેટે |
| કૂતિરા | ૧૯ : ૪ | કૂતરા |
| કૃતપૂન્ય | ૧૬ : ૨ | જેણે પુણ્ય કર્યું છે તે |
| કેઈ | ૨૪ : ૫ | કેટલાય |
| કેતલાએક | ૧ : ૪ | |
| | ૧૪ : ૨ | કેટલાક |
| કેહા | ૨૦ : ૧ | કયા |
| કેહા કેહા | ૪ : ૬ | કયા કયા |
| કેહી | ૨૪ : ૪ | કેવી |
| કેહુ | ૧ : ૪ | કર્યું |
| કોઇસ્યું | ૧૭ : ૧ | કોઈની સાથે |
| કોટીર | ૨૪ : ૯ | મુગટ |
| ક્રિયાઇં કરી | ૧૬ : ૪ | ક્રિયાએ કરી |

| | | |
|---|---|---|
| ક્ષપક શ્રેણિ | ૧૯ : ૪ | મોહનીયનો ક્ષય કરનારી ગુણસ્થાનની શ્રેણી |
| ક્ષીણ મોહ | ૨૪ : ૧૧ | ક્ષીણમોહ એ નામનું ગુણસ્થાન, જેમાં મોહનીય કર્મનો ક્ષય થઈ ગયો હોય તેવી આત્માની અવસ્થા |
| ક્ષેત્રવિપાકી | ૬ : ૨ | જે કર્મનો વિપાક ક્ષેત્રમાં મળે તે |

*

## ખ

| | | |
|---|---|---|
| ખરઉ | ૨૨ : ૯ | ખરી, સાચી, ખરેખર |
| ખાયિક | ૫ : ૪ | ક્ષાયિક, કર્મનો ક્ષય થવાથી આત્માની જે અવસ્થા તે |
| ખાયિકભાવઇં | ૨૪ : ૧૩ | ક્ષાયિક ભાવે, કર્મના ક્ષયથી આત્મામાં ઉત્પન્ન થતી અવસ્થા વડે |
| ખોટઉં | ૧૭ : ૮ | ખોટું |
| ખોટિ | ૧ : ૫ | ખોટ |

*

## ગ

| | | |
|---|---|---|
| ગડુરિ પ્રવાહ | ૨ : ૩ | ગાડરિયો પ્રવાહ |
| ગમન | ૨૦ : ૧ | હલન-ચલનની ક્રિયા, કર્મનો એક ભેદ-વૈશેષિક મત પ્રમાણે |
| ગમેં | ૧૮ : ૭ | પ્રકારે |
| ગવેષીઇં | ૧૮ : ૫ | ગવેષણા કરીએ, શોધ કરીએ |
| ગહિલો | ૧૭ : ૬ | ઘેલો |
| ગંજી | ૧૩ : ૧ | જીતી |
| ગ્રહિઉ | ૨૦ : ૧૦ | ગ્રહ્યો |

| | | |
|---|---|---|
| ગુણ | ૨૦ : ૧ | રૂપરસાદિ ૨૪ ભેદો–વૈશેષિક મત પ્રમાણે |
| ગુણ | ૨૦ : ૧ | જેમાં ગુણ ન હોય અને જે દ્રવ્યમાં રહે તે ગુણ–વૈશેષિક મત પ્રમાણે |
| ગુણકરણ | ૬ : ૫ | કર્મો આત્મા સાથે જોડાય અને તેથી અંતર પડી જાય તેને તોડવા માટે આત્માની પોતાના અસલ ગુણોની અંદર વર્તવાની ક્રિયા |
| ગુણકીર્ત્તનં | ૧ : ૧ | ગુણકીર્તન |
| ગુણઠાણઇ | ૨૩ : ૨ | ગુણસ્થાને. આત્માની આધ્યાત્મિક ઉન્નતિની ઉત્તરોત્તર અવસ્થાઓ તે ગુણસ્થાનો છે. આવાં ૧૪ ગુણસ્થાનો છે. |
| ગુરુપરતંત્રીપણું | ૧૬ : ૪ | ગુરુ પર આધાર રાખવો તે |
| ગુહિર | ૪ : ૩ | ગૂઢ |
| ગોત્ર | ૬ : ૨ | ગોત્ર કર્મ, જેથી જીવ ઊંચો કે નીચો ગણાય. |

*

## ઘ

| | | |
|---|---|---|
| ઘટમાન | ૧ : ૫ | ઘટતી, યોગ્ય થતી |
| ઘણ | ૮ : ૩ | ઘણા |
| ઘરનઇં | ૨૨ : ૨ | ઘરને |
| ઘરિનઇં | ૨૨ : ૪ | ઘરને |
| ઘાતીકર્મરૂપીયા | ૪ : ૪ | ઘાતીકર્મરૂપી |
| ઘાર્યો | ૪ : ૨ | ઘેરાયેલો, પકડાયેલો |

*

## ચ

| | | |
|---|---|---|
| ચઉગતિ | ૬ : ૩ | ચાર ગતિ. નરક, તિર્યંચ, મનુષ્ય અને દેવ એ ચાર ગતિ |
| ચઉરિંદ્રી | ૮ : ૩ | ચાર ઇંદ્રિય. સ્પર્શ, રસના, ધ્રાણ અને ચક્ષુ; એ ચાર ઇંદ્રિયવાળા જીવો |
| ચક્ખુ | ૯ : ૬ | ચક્ષુ |
| ચટકો | ૨૧ : ૭ | દંશ |
| ચઢતઈ | ૨૩ : ૨ | ચઢતાં |
| ચમર | ૯ : ૬ | ચામર |
| ચરણકજ | ૫ : ૧ | ચરણપંકજ, ચરણકમળ |
| ચરણાદ્યનેક | ૧૯ : ૮ | ચરણ આદિ અનેક, ચારિત્ર્યાદિ અનેક |
| ચંદ્ર પ્રતઇં | ૮ : ૧ | ચંદ્ર પ્રત્યે |
| ચારિત્ર | ૨૦ : ૧ | વિરતિ, વ્રત ધારણ કરવું તે, સંયમ |
| ચારિત્રી | ૨૦ : ૧ | સંયમી |
| ચિત્તપ્રસત્તિ | ૯ : ૪ | ચિત્તને જોડવું તે |
| ચિંતવઇં | ૧૫ : ૩ | |
| | ૧૭ : ૩ | ચિંતવે, ચિંતન કરે |
| ચુકઇં | ૧૨ : ૪ | ચૂકે |
| ચેતનારૂપઇ | ૨૨ : ૧ | ચેતના રૂપે |
| ચોકુ | ૨૩ : ૧ | ગુણ્યા ચાર |
| ચોવિહાર | ૨૪ : ૭ | ખાન-પાન આદિ ચાર પ્રકારના આહારનો ત્યાગ |

*

## છ

| | | |
|---|---|---|
| છગલ્યાનો | ૧૭ : ૨ | ચગળ્યાનો |

| | | |
|---|---|---|
| છદ્મસ્થપણા | ૧૭ : ૫ | અસર્વજ્ઞ, સંપૂર્ણ જ્ઞાનથી રહિત, સાવરણ |
| છનોકષાય | ૧૯ : ૪ | છ નોકષાય. હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને જુગુપ્સા-એ છ નોકષાય કહેવાય છે. ક્રોધ, માન, માયા, લોભ-એ ચાર કષાયોના પ્રમાણમાં આ હાસ્યાદિ કષાયો મંદ કષાયો હોઈ નોકષાય છે. |
| છલ | ૨૦ : ૧ | નૈયાયિક મતના ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, વાદમાં શબ્દજાળ કે અર્થજાળ કરવી તે છલ. |
| છાંહડી | ૧૮ : ૨ | છાયા |
| છેહડઇ | ૨૨ : ૧ | છેડે |
| છેહલ્યો | ૩ : ૩ | છેલ્લો |
| છોડઇં | ૧૬ : ૫ | તજે છે |

*

## જ

| | | |
|---|---|---|
| જગત્ર | ૭ : ૬ | જગત |
| જગત્રનઇ | ૨૪ : ૫ | જગતને |
| જગનઇ | ૪ : ૧ | જગને |
| જનઇ | ૧૯ : ૧ | જને |
| જલ્પ | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, વાદી-પ્રતિવાદી વચ્ચે ચર્ચાનો એક પ્રકાર |
| જાગરતા | ૧૯ : ૨ | જાગ્રતિ |
| જાજરું | ૨૦ : ૧ | જર્જર, જીર્ણ, ક્ષીણ |

| | | |
|---|---|---|
| જાણણા | ૧૬ : ૭ | જાણવું [હિં. जाणना] |
| જાતઇ હુતઇં | ૮ : ૭ | જતો હતો ત્યારે (સતિ સપ્તમી) |
| જાત્ય | ૨૩ : ૭ | જાતવાન, ઉત્તમ |
| જાતિ | ૧૮ : ૩ | જ્યોતિ |
| જાતિ | ૨૦ : ૧ | સામાન્ય, અનેક વસ્તુઓમાં રહેલું સામાન્ય તત્ત્વ, જેને લઈને વસ્તુઓનો વર્ગ બને છે. |
| જાતિ | ૨૦ : ૧ | જાતે |
| જાતી | ૧૯ : ૧ | જતી |
| જાયગાઇં | ૮ : ૨ | જગ્યાએ |
| જિણઇં કરી | ૨ : ૨ | જેને કારણે, જેના વડે |
| જિણેસર | ૧ : ૧ | જિનેશ્વર, તીર્થંકર |
| જિનનઇં | ૧૧ : ૧ | જિનને, તીર્થંકરને |
| જિવારઇં | ૨ : ૬ | |
| | ૨૩ : ૫ | જ્યારે |
| જિવારેં | ૬ : ૬ | જ્યારે |
| જિહાં | ૧ : ૨ | જ્યાં |
| | ૯ : ૪ | |
| | ૧૮ : ૨ | |
| જિહ્વારઇ | ૧૮ : ૫ | જ્યારે |
| જીપક | ૧ : ૨ | જીતનાર |
| | ૭ : ૩ | |
| જીતાઇં | ૧૭ : ૧ | જીતાય |
| જીતિ | ૨ : ૧ | જીતી |
| | ૧૩ : ૧ | |
| જીત્યેં | ૧૭ : ૧ | જીતતાં |

| | | |
|---|---|---|
| જીવઇં | ૨ : ૬ | જીવે |
| જીવવિપાકી | ૬ : ૨ | જેનો વિપાક જીવમાં થાય તે |
| જીવાયોનિમાંહિં | ૮ : ૫ | જીવયોનિમાં, જીવના અવતારમાં |
| જુંજનકરણ | ૬ : ૫ | યુંજનકરણ, સંયોગીકરણ: જેને લઈને કર્મનો આત્મા સાથે સંબંધ થાય તે યુંજનકરણ |
| જેણઈ | ૭ : ૫ | જેણે |
| | ૨૩ : ૨ | |
| | ૨૪ : ૮ | |
| જેણિ | ૨૨ : ૧૨ | જેણે |
| જેતલી | ૧૪ : ૫ | જેટલી |
| જેહવી | ૧ : ૫ | જેવી |
| જોઈઇ | ૪ : ૩ | જોઈએ |
| જોઓ | ૨૨ : ૯ | જુઓ |
| જોગઈ | ૮ : ૬ | યોગ–સંબંધથી, સાધનથી |
| | ૨ : ૫ | |
| જોડઇ | ૩ : ૪ | જોડે |
| જોડિં | ૧૫ : ૪ | જોડે |
| જોડીઇં | ૬ : ૫ | જોડીએ |
| જોવઇં | ૨૩ : ૭ | નીરખે–જુએ |
| જોવરાવી | ૬ : ૧ | જોવડાવી |
| જોસ્યઇં | ૨ : ૬ | જોશે |

*

## ટ

| | | |
|---|---|---|
| ટલઇં | ૫ : ૬ | ટળે |
| ટલ્યેં | ૩ : ૩ | ટળતાં |

| | | |
|---|---|---|
| ટાલક | ૭ : ૨ | ટાળનારો |
| ટાલીનઇં | ૧૯ : ૧૦ | ટાળીને, દૂર કરીને |
| ટાલું | ૬ : ૧ | ટાળું |

*

ઠ

| | | |
|---|---|---|
| ઠામઇં | ૨૦ : ૧ | સ્થાને |
| ઠામિ | ૧૦ : ૩ | સ્થાને |
| ઠેલઇ | ૧૭ : ૭ | ઠેલે, હીણા કરે |

*

ઢ

| | | |
|---|---|---|
| ઢૂકડી | ૧૫ : ૪ | નજીક |

*

ત

| | | |
|---|---|---|
| તજીનઇ | ૫ : ૫ | તજીને |
| તટિની | ૨૧ : ૬ | નદી |
| તત્ત્વકથક | ૨૦ : ૭ | તત્ત્વનો કહેનાર |
| તદાવરણ | ૨૪ : ૯ | તેનું આવરણ |
| તદ્વિપરીતિ | ૭ : ૫ | તેનાથી ઊલટું |
| તન્મયા | ૧ : ૧ | તે રૂપે |
| તન્મયી | ૧૧ : ૨ | તદ્રૂપ, તે (જ્ઞાન અને દર્શન)વાળા |
| તરવારિની | ૧૪ : ૧ | તલવારની |
| તરસીઇં | ૪ : ૧ | તલસીએ |
| તર્ક | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ. કોઈ પણ વસ્તુની સંભાવના માટે યોજાતી યુક્તિ |

| | | |
|---|---|---|
| તર્પ્પણ | ૫ : ૧ | તર્પણ |
| તવનમાં | ૩ : ૬ | |
| | ૧૪ : ૧ | સ્તવનમાં |
| તાણી લીધું | ૧૯ : ૧ | ખેંચી લીધું |
| તાનેં તાન | ૨૩ : ૪ | તાનમાં તાન |
| | ૨૨ : ૧૫ | |
| તારણો | ૨૨ : ૧૬ | તારનાર |
| તિણઇં | ૧૭ : ૮ | તેણે |
| તિમ જ | ૧૬ : ૩ | તેમ જ |
| તિવારઇં | ૨ : ૧ | |
| | ૨ : ૬ | |
| | ૫ : ૧ | ત્યારે |
| તિવારેં | ૬ : ૬ | |
| | ૨૨ : ૭ | ત્યારે |
| તિહ્વારઇં | ૧૮ : ૫ | ત્યારે |
| તિહાં | ૩ : ૧ | |
| | ૮ : ૪ | ત્યાં |
| તીરઇં | ૧૮ : ૧ | તીરે, કાંઠે, કિનારે |
| તીસરો | ૫ : ૨ | ત્રીજો (રાજસ્થાનીની છાયા) |
| તુહ્માર | ૪ : ૪ | તમારા |
| | ૧૮ : ૭ | |
| તુહ્મારું | ૧૮ : ૮ | તમારું |
| તુહ્મે | ૨ : ૧ | તમે |
| તુહ્મો | ૧૮ : ૯ | તમે |
| તૃપતિ | ૧૩ : ૬ | તૃપ્તિ |
| તેઊકાય | ૮ : ૨ | તેજસ્કાય, અગ્નિકાય, અગ્નિના જીવ |

| | | |
|---|---|---|
| તેણઇં | ૧ : ૧ | તેનાથી |
| તેણઇં | ૧૮ : ૪ | તેણે |
| | ૧૯ : ૯ | |
| | ૨૧ : ૫ | |
| તેણિ | ૨૨ : ૧૨ | તેણે, તેનાથી |
| તેણિં | ૨૦ : ૬ | તેથી |
| તેણેં કરી | ૩ : ૪ | તેના વડે |
| તેતલી | ૧૫ : ૪ | તેટલી |
| તે ભણી | ૨૦ : ૭ | તે માટે |
| તેહ જિ | ૧ : ૭ | તે જ |
| તેહનઇ | ૨૨ : ૧ | તેને |
| તેહનઇં | ૫ : ૫ | તેને |
| તેહવા | ૨ : ૪ | તેવા |
| | ૧૬ : ૬ | |
| તેહસ્યું | ૨૨ : ૬ | તેની સાથે |
| તેહિ જ | ૧ : ૧ | તે જ |
| | ૫ : ૬ | |
| | ૨૦ : ૧ | |
| તેહેં | ૪ : ૨ | તે |
| તેંદ્રી | ૮ : ૩ | ત્રીન્દ્રિય–સ્પર્શ, રસના અને ઘ્રાણ એ ત્રણ ઇંદ્રિયવાળા |
| તોષ | ૧૬ : ૯ | તુષ્ટિ, સંતોષ |
| | ૨૪ : ૧૧ | |
| તોહિ જ | ૨૨ : ૧૪ | તો જ |
| તોહેં | ૮ : ૪ | તો |
| | ૧૩ : ૨ | |

| | | |
|---|---|---|
| ત્યજન | ૨૨ : ૧૬ | ત્યાગ |
| ત્રસ | ૧૦ : ૨ | હલનચલનવાળાં, એકેન્દ્રિય સિવાયનાં જીવો તે ત્રસ જીવો |
| ત્રિકાલઇં | ૧ : ૧ | ત્રણ કાળે |
| ત્રિદસિં | ૯ : ૨ | ત્રણ દિશાએ |
| ત્રિણ્ય | ૫ : ૨ | ત્રણ |
| | ૯ : ૨ | |
| | ૨૦ : ૧ | |
| | ૨૪ : ૪ | |
| ત્રિપદીરૂપઇં | ૨૪ : ૧૦ | વસ્તુના સ્વરૂપનિરૂપણ માટે ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય એ ત્રણ પદો ત્રિપદી છે, તે રૂપે. |
| ત્રિયોગેં | ૩ : ૨ | ત્રણ યોગ વડે, મન, વચન અને કાયાની પ્રવૃત્તિ વડે |

*

## થ

| | | |
|---|---|---|
| થઇં | ૨૦ : ૧ | થયે |
| થઇનઇં | ૧ : ૬ | થઈને |
| થકા | ૪ : ૧ | થી |
| થકી | ૧૨ : ૩ | થી |
| થાઇ | ૨ : ૩ | થાય |
| | ૩ : ૩ | |
| | ૫ : ૩ | |
| | ૬ : ૧ | |
| | ૯ : ૨ | |
| | ૧૭ : ૮ | |
| | ૨૩ : ૫ | |

| | | |
|---|---|---|
| થાઇ જ | ૧ : ૧ | થાય જ |
| થાણેં | ૨૪ : ૨ | સ્થાને |
| થાપઇ | ૪ : ૧ | સ્થાપે |
| થાપન અધ્યાતમ | ૧૧ : ૪ | સ્થાપના અધ્યાત્મ, અધ્યાત્મનું પ્રતીક |
| થાવર | ૧૦ : ૨ | સ્થાવર, જેને હલન ચલન નથી |
| | ૨૦ : ૩ | તેવા એકેન્દ્રિય જીવો |
| થાવાનઇં | ૨૨ : ૧૬ | થવાને માટે |
| થાવાપણાનેં | ૧૦ : ૪ | થવાને |
| થાસ્યઇં | ૬ : ૬ | થશે |
| થિતિ | ૨૩ : ૨ | સ્થિતિ |
| થિર | ૧૩ : ૨ | સ્થિર |
| થિરત | ૧૭ : ૧ | સ્થિરતા |
| થુતિ | ૧ : ૧ | સ્તુતિ |
| થોથું | ૧૭ : ૨ | પોલું, બોખું (હિં. થોથા) |

*

દ

| | | |
|---|---|---|
| દર્પ્પણ | ૫ : ૧ | દર્પણ |
| દર્શન | ૬ : ૨ | દર્શનાવરણીય કર્મ, આત્માના દર્શન ગુણનું આવરણ |
| દલતી | ૨૪ : ૩ | દળતી, ટાળતી |
| દલિક | ૬ : ૨ | દળ. સમૂહ |
| દંદ | ૮ : ૧ | દ્વંદ્વ |
| દાનવિઘન | ૧૯ : ૭ | દાનાંતરાય કર્મ, જે કર્મ વડે દાન દેવામાં અંતરાય પડે તે |

| | | |
|---|---|---|
| દાયક | ૭ : ૪ | દાતા, આપનાર |
| | ૨૪ : ૧૩ | |
| દાવ | ૫ : ૫ | અવસર, તક, મોકો |
| દાસભાવપણઇ | ૨૨ : ૧૨ | દાસભાવપણે |
| દિઇં | ૮ : ૧ | દે |
| | ૨૧ : ૭ | |
| દિયો | ૨૨ : ૧૬ | દો, આપો |
| દીજીઇ | ૧૩ : ૭ | આપીએ |
| | ૧૯ : ૧ | |
| દીઠો | ૮ : ૨ | જોયો |
| દીદાર | ૮ : ૩ | દેદાર, દર્શન |
| દીસઇં | ૨ : ૪ | દેખાય, દીસે |
| | ૧૯ : ૧ | |
| દીહા | ૮ : ૩ | દિવસો |
| દુકખ | ૨૦ : ૧ | દુઃખ નામનું આર્ય સત્ય-બૌદ્ધ મત પ્રમાણે |
| દુખઇં | ૪ : ૧ | દુઃખે |
| દુગ | ૨૧ : ૨ | બે |
| દુરભવ | ૨૧ : ૮ | દુર્ભવ્ય. ખરાબ ભવ-અવતાર-વાળો |
| દૃષ્ટાંત | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ |
| દૃષ્ટાંતઇં | ૨૧ : ૬ | દૃષ્ટાંત વડે |
| દ્રવ્ય | ૨૦ : ૧ | જેનાં ગુણ અને કર્મ હોય તે દ્રવ્ય. વૈશેષિક મતે પૃથ્વી, જલ જેવાં નવ દ્રવ્યો છે. |

| | | |
|---|---|---|
| દ્રવ્ય અધ્યાતમ | ૧૧ : ૪ | અધ્યાત્મ-દ્રવ્ય. અધ્યાત્મની યોગ્યતા જેમાં હોય તે |
| દ્રવ્યથી | ૨૪ : ૪ | દ્રવ્યથી. જે સિદ્ધ થવાની યોગ્યતા ધરાવે તે દ્રવ્યથી |
| દ્રવ્યષડંગ | ૨૧ : ૧ | દ્રવ્યનાં છ અંગ |
| દ્રવ્યાર્થઇં | ૧૮ : ૫ | દ્રવ્યાર્થથી |
| દ્રવ્યાર્થિક | ૨૦ : ૧ | દ્રવ્ય દૃષ્ટિએ થતી વિચારણા-જૈન મત પ્રમાણે |
| દ્રોડઇં | ૧૫ : ૪ | દોડે છે. |
| દ્રોડિં | ૧૫ : ૪ | દોડીને |
| દેઇ | ૨૪ : ૫ | દઈને, આપીને |
| દેખતેં | ૧૩ : ૫ | દેખતાં |
| દેખવેં | ૧૬ : ૧૨ | દેખવાથી |
| દેખાડઇ | ૧૦ : ૩ | દેખાડે, દેખાડીને |
| | ૧૪ : ૧ | |
| દેખાડણહારો | ૪ : ૪ | દેખાડનારો |
| દેખાવણહારો | ૨૨ : ૪ | દેખાડનાર |
| દેખિનઇં | ૧૫ : ૬ | દેખીને |
| દેણહાર | ૨૪ : ૧૩ | દેનાર |
| દેવાનુપ્રિઓ | ૧૧ : ૪ | દેવોને પ્રિય |
| દેશઘાતી | ૬ : ૨ | આત્માના મૂળ ગુણનો આંશિક ઘાત કરનાર કર્મ |
| દેસ | ૨૨ : ૧૬ | દેશ |
| દેહરઇ | ૯ : ૨ | દેહરે, મંદિરે |
| દોસી | ૧ : ૫ | દોષવાળો |
| દોહલી | ૧૪ : ૧ | મુશ્કેલ |

| | | |
|---|---|---|
| દ્વયણુક | ૨૦ : ૧ | બે અણુથી બનેલો અવયવી તે દ્વયણુક |
| દ્વાદશાંગી | ૭ : ૩ | બાર અંગવાળું શાસ્ત્ર. જૈનાગમ, આચારાંગ, સમવાયાંગ આદિ બાર શાસ્ત્રો તે શ્રુતપુરુષનાં અંગ કહેવાય છે. |
| દ્વારઇં | ૧ : ૧ | દ્વારા |

*

## ધ

| | | |
|---|---|---|
| ધણીયાણીનો | ૧૭ : ૬ | પત્નીનો |
| ધત્તુર | ૨૨ : ૪ | ધતૂરો |
| ધરઇ | ૧૫ : ૨ | ધારે, ધારણ કરે |
| ધરઇં જ | ૧૭ : ૬ | ધરે જ |
| ધરણહાર | ૧૬ : ૪ | ધારણ કરનારા |
| ધરતીઇં | ૨ : ૩ | ધરતીમાં |
| ધર્મઇં | ૧૦ : ૧ | ધર્મથી |
| ધર્મઇં જ | ૧૫ : ૫ | ધર્મથી જ |
| ધર્માયતન | ૨૦ : ૧ | ધર્મનો વિષય |
| ધર્યઉં | ૧ : ૪ | ધર્યું |
| ધર્યો | ૨૨ : ૪ | ધારણ કર્યો |
| ધારઇં | ૧૪ : ૭ | ધારણ કરે |
| ધારણા | ૨૧ : ૯ | ગ્રહણ પટુતા |
| ધીંગ | ૧૩ : ૧ | ધીંગો, સમર્થ |
| ધીઠાઇ | ૪ : ૪ | ધીઠતાથી |
| ધુરિ | ૩ : ૧ | પ્રથમ, આગળ |

| | | |
|---|---|---|
| ધ્રૌવ્યપણઇં | ૨૪ : ૧૨ | ધ્રુવપણે, સ્થિરપણે, વસ્તુની નિત્યતા અથવા સ્થિરતા તે ધ્રૌવ્ય |
| ધ્યાઇં | ૧૪ : ૭ | ધ્યાન કરે |
| ધ્યાનરૂપરસરસ્યું | ૨૩ : ૫ | ધ્યાન રૂપ રસથી |
| ધ્યાયા | ૧૫ : ૨ | ધ્યાનના વિષય કરેલા |
| ધ્રુવબંધી | ૬ : ૨ | જે કર્મ પ્રકૃતિઓનો કારણની ઉપસ્થિતિમાં અવશ્યંભાવી બંધ થાય તે |
| ધ્રુવસત્તા | ૬ : ૨ | જેણે સમ્યકત્વાદિ ગુણો પ્રાપ્ત ન કર્યા હોય તેવા સર્વ સંસારી જીવોને માટે જે કર્મોની સત્તા સતત વિદ્યમાન હોય તે ધ્રુવસત્તા કર્મો |
| ધ્રુવોદયી | ૬ : ૨ | જે પ્રકૃતિઓનો ઉદય નિરંતર એટલે કે વ્યવધાન વિના હોય તે |
| ધ્રૌવ્ય | ૨૦ : ૧ | વસ્તુની સ્થિરતા. જૈનદર્શનની ત્રિભંગીમાંનો એક ભંગ |

*

## ન

| | | |
|---|---|---|
| નજિરિં | ૧૪ : ૩ | નજરે |
| નટન | ૯ : ૬ | નૃત્ય (પૂજા) |
| નપુંશકલિંગઇ | ૧૭ : ૭ | નપુંસકલિંગે |
| નયઇં | ૧૨ : ૩ | નય વડે, નય એટલે વસ્તુને જોવાનું દૃષ્ટિબિંદુ |
| નયનનઇ | ૧૫ : ૩ | નયનને |
| નાઠા | ૧૯ : ૫ | નાસ્યા, ભાગ્યા |
| નાણી | ૧૯ : ૧ | જાણી |

| | | |
|---|---|---|
| નાણું | ૧૫ : ૧ | ન આણું; લાવું નહિ |
| નામ | ૬ : ૨ | નામ કર્મ, જીવને સંસારમાં એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિયમાં શરીર આપીને એનાં અંગોપાંગ આદિ ગોઠવે તે કર્મ |
| નામ અધ્યાતમ | ૧૧ : ૪ | અધ્યાત્મ એવું નામ |
| નામી | ૧૧ : ૧ | નમાવનારા |
| નાસ્તિ | ૧૬ : ૩ | સપ્તભંગીનો બીજો ભંગ |
| નાહતિ | ૧૩ : ૬ | સ્નાન કરતી |
| નાણઇ | ૧૬ : ૯ | ન આણે, ન લાવે |
| નાંમઇ | ૬ : ૬ | નામે |
| નિખેપાનો | ૨૩ : ૩ | નિક્ષેપનો. નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એવા ચાર નિક્ષેપ છે. કોઈનું ઇંદ્ર એવું નામ તે નામ નિક્ષેપ. ઇંદ્રની પ્રતિમા તે સ્થાપના નિક્ષેપ. ઇંદ્ર થવાની યોગ્યતા ધરાવનાર તે દ્રવ્ય ઇંદ્ર. સ્વયં દેવેન્દ્ર–ઇંદ્ર તે ભાવ ઇંદ્ર |
| નિગ્રહસ્થાન | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ. વાદી અથવા પ્રતિવાદીને પરાજય આપવો તે |
| નિજરિથી | ૧૯ : ૧૦ | નજરથી |
| નિજરિં | ૨૦ : ૬ | નજરે |
| નિરદૂષણ | ૧૯ : ૧૯ | દૂષણ વિનાનું |
| નિરનુબંધ | ૨૪ : ૭ | અનુબંધ વિનાનું, રાગ વિનાનું |
| નિરનુબંધિ | ૨૨ : ૧૬ | અનુબંધ વિનાનું |
| નિરવાહે | ૨૨ : ૬ | નિર્વહણ કરે, નિભાવે |

| | | |
|---|---|---|
| નિરંશ | ૨૧ : ૪ | અંશ વિનાનું |
| નિરાકરઇ | ૫ : ૫ | નિરાકરણ કરે |
| નિરાવરણની | ૨૪ : ૬ | આવરણ વિનાની |
| નિરાવરણી | ૧૯ : ૧ | આવરણરહિત |
| નિરાશંસ | ૮ : ૬ | નિષ્કામ |
| | ૨૪ : ૭ | |
| નિરાશિ | ૧ : ૨ | આશા વિનાની |
| નિરૂપણા | ૧૯ : ૯ | નિરૂપણ |
| નિરોધ | ૨૦ : ૧ | નિર્વાણ, ચાર આર્યસત્યમાંનું એક |
| નિર્જરા | ૧૪ : ૫ | નિર્જરાતત્ત્વ, કર્મનો તપ વગેરેથી |
| | ૨૦ : ૧ | ક્ષય કરવો તે |
| નિર્ણય | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, વસ્તુનો નિશ્ચય |
| નિર્દૂષણ | ૨૪ : ૩ | શુદ્ધ, નિર્મલ |
| નિર્ધ્ધાર | ૨ : ૫ | નિર્ધાર |
| નિર્બંધ | ૧૫ : ૫ | બંધ વિનાના |
| નિર્માયી | ૧૫ : ૫ | માયા વિનાનું |
| નિર્યાસ | ૯ : ૬ | નિશ્ચય |
| નિર્વિકલ્પચિત્તઇં | ૧ : ૬ | નિર્વિકલ્પ ચિત્તથી |
| નિવર્ત્તન | ૧૧ : ૨ | નિષેધ |
| નિવારવાનઇ | ૧૯ : ૭ | નિવારવાને |
| નિવારીનઇં | ૧૯ : ૮ | નિવારીને |
| નિશ્ચઇ | ૧૪ : ૭ | ચોક્કસ, નિશ્ચિત રીતે |
| | ૧૮ : ૮ | |
| | ૨૧ : ૭ | |
| નિશ્ચયેં | ૧૮ : ૬ | નિશ્ચયથી |
| નિસ્તર્યો | ૧૬ : ૧૨ | નિસ્તાર પામ્યો, તર્યો |

| | | |
|---|---|---|
| નિહાલસ્યઇં | ૨ : ૬ | નિહાળશે |
| નિ:ગર્વપણઇ | ૨૧ : ૧૧ | નિર્ગર્વપણે, ગર્વ ન હોય તે રીતે |
| નિ:સંપન્નતા | ૨૨ : ૭ | સિદ્ધ થયાનો ભાવ |
| નીપજઇં | ૫ : ૬ | નીપજે |
| નીપજાવીઇ | ૧૯ : ૬ | નિપજાવીએ, ઉત્પન્ન કરીએ |
| નિસીહી | ૯ : ૨ | નિષેધિકા, ‘નિષેધ થાવ’ તેમ કહેવું તે |
| નુખસાન | ૨૨ : ૭ | નુકસાન |
| નોઇંદ્રિયરૂપઇં | ૨૧ : ૧ | મનરૂપે |
| નોકષાયાદિકઇ | ૧૯ : ૪ | નોકષાય વગેરે |
| ન્યાસઇં | ૨૧ : ૫ | ન્યાસ વડે, સ્થાપના વડે |
| ન્હવણ | ૯ : ૬ | નવણ, સ્નાન |

*

## પ

| | | |
|---|---|---|
| પક્ષઇ | ૨૨ : ૪ | પક્ષમાં |
| પખી | ૧૫ : ૫ | બાજુ |
| | ૧૮ : ૭ | |
| પડઇં | ૧૫ : ૫ | પડે |
| પડિઓ | ૨૦ : ૭ | પડયો |
| પણિ | ૧ : ૨ | પણ |
| | ૨ : ૫ | |
| | ૨૦ : ૨ | |
| | ૨૨ : ૧૪ | |
| પદઇ | ૨૪ : ૮ | પદે |
| પદાર્થનઇં | ૨૪ : ૧૨ | પદાર્થને |
| પનરમા | ૧૫ : ૮ | પંદરમા |

| | | |
|---|---|---|
| પયોદ | ૨૪ : ૯ | મેઘ |
| પરઇં | ૧૭ : ૪ | પ્રકારે, જેમ |
| પરખીનઇં | ૧૬ : ૧ | પારખીને, પરીક્ષા કરીને |
| પરરૂપઇં | ૧૬ : ૧૪ | પરરૂપે |
| પરલોકભય | ૭ : ૨ | પરલોકભય, પરલોકમાં આવતા જન્મે કેવી દશા થશે તેનો ભય |
| પરવડિ | ૧૮ : ૨ | પરવડે |
| પર્યાયોપેત | ૨૦ : ૧ | પર્યાયવાળું |
| પર | ૭ : ૧ | શ્રેષ્ઠ |
| પરંપરાઇ | ૯ : ૪ | પરંપરાએ |
| પરંપરાઇં | ૨ : ૩ | પરંપરાથી |
| પરંપરાગમ | ૨૧ : ૮ | ગણધર પછીના આચાર્યોને મળેલા આગમ તે પરંપરાગમ |
| પરાભવ્યા | ૧૪ : ૩ | પરાભવ પામેલા; હારેલા |
| પરાવર્ત્તી | ૬ : ૨ | જે કર્મ-પ્રકૃતિનું બીજી પ્રકૃતિ રૂપે પરિવર્તન થાય તેવી કર્મ-પ્રવૃત્તિઓ |
| પરિકર | ૧૬ : ૧૧ | પરિવાર |
| પરિખીઇં | ૧૪ : ૬ | પારખીએ |
| પરિણમત | ૧૯ : ૫ | પરિણામથી |
| પરિણમાવીઇં | ૨૪ : ૨ | પરિણામ પમાડીએ |
| પરિણામનઉ | ૧૨ : ૫ | પરિણામનો |
| પરિપાકેં | ૩ : ૩ | પરિપાકે, પરિપાકથી |
| પરિશીલના | ૩ : ૪ | પરિશીલન |
| પરિસર્પ્પણ | ૫ : ૧ | ખસવું, જવું |
| પરિસહ | ૨૪ : ૬ | પરીષહ, જે કર્મની નિર્જરા અર્થે સ્વેચ્છાથી ભોગવવાનાં કષ્ટો |

| | | |
|---|---|---|
| પરિસાટ | ૨૦ : ૧ | ક્ષય કરવો |
| પરિં | ૩ : ૨ | જેમ |
| | ૨૦ : ૧ | |
| પરોક્ષ | ૨૦ : ૧ | વસ્તુનો સાક્ષાત્કાર ન થાય તે પરોક્ષ જૈન મત પ્રમાણે |
| પવનિં | ૨૪ : ૨ | પવને |
| પસરી | ૨૪ : ૧ | પ્રસરી |
| પહિલી | ૩ : ૧ | પહેલી, પ્રથમ |
| પંચવીસ | ૨૩ : ૨ | પચીસ |
| પંચાસ્તિકાયાત્મક | ૨૧ : ૩ | જીવ, ધર્મ, અધર્મ, આકાશ અને પુદ્ગલ–એ પાંચ અસ્તિકાય રૂપ |
| પંચાંગીનઇ | ૨૧ : ૮ | પંચ અંગવાળાને, આગમનાં પાંચ અંગો–સૂત્ર, નિર્યુક્તિ, ભાષ્ય, ચૂર્ણિ અને વૃત્તિવાળાને |
| પાખઇ | ૧૭ : ૨ | વિના, સિવાય |
| | ૨૦ : ૧ | |
| | ૨૦ : ૭ | |
| પાજ | ૭ : ૧ | પગદંડી |
| પાતાલિં | ૧૭ : ૨ | પાતાળમાં |
| પાપ | ૨૦ : ૧ | પાપ, કર્મના અશુદ્ધ પુદ્ગલોનું ગ્રહણ |
| પાપકારિણી | ૧૯ : ૩ | પાપ કરનારી |
| પાપપ્રકૃતિ | ૬ : ૨ | પાપ પ્રકૃતિ, કર્મની અશુભ પ્રકૃતિઓ |
| પામઇ | ૧ : ૩ | પામે |
| પામણહાર | ૯ : ૫ | પામનારા |
| પામવાનેં | ૭ : ૧ | પામવાને |

| | | |
|---|---|---|
| પામીઇં | ૨ : ૧ | પામીએ |
| પારસ | ૨૩ : ૩ | પાર્શ્વનાથ |
| પારસપાષાંણ | ૨૩ : ૩ | પારસમણિ |
| પારિખઇ | ૨૨ : ૯ | પારખે |
| પાલઇં | ૧૪ : ૭ | પાલન કરે |
| પાસું | ૭ : ૧ | બાજુ |
| પાંમવાનઇં | ૪ : ૪ | પામવાને |
| પાંમસ્યઇ | ૯ : ૮ | પામશે |
| પાંમિ | ૧ : ૬ | પામે |
| પાંસઇ | ૧૭ : ૩ | પાસે |
| પીજઇ | ૨૧ : ૪ | પીઈએ, પીએ |
| પીતવર્ણેં | ૧૮ : ૪ | પીળા રંગે |
| પીલાઇ | ૧૫ : ૬ | પીલાય |
| પીવઇ | ૪ : ૫ | પીવે, પીવાથી |
| પુન્ય | ૨૦ : ૧ | પુણ્ય, કર્મનાં શુભ પુદ્ગલોનું ગ્રહણ કરવું તે |
| પુદ્ગલ | ૧૭ : ૫ | મૂર્ત અચેતન પદાર્થ |
| પુદ્ગલપરાવર્ત્ત | ૩ : ૩ | વિશ્વના સમગ્ર પરમાણુઓ ભોગવતાં જેટલો કાળ થાય તે પુદ્ગલ પરાવર્ત |
| પુદ્ગલવિપાકી | ૬ : ૨ | જે કર્મનો વિપાક પુદ્ગલમાં મળે તે |
| પુદ્ગલસ્યું | ૬ : ૩ | પુદ્ગલ સાથે |
| પુદ્ગલિક | ૨૩ : ૬ | પૌદ્ગલિક, પુદ્ગલ (મૂર્ત જડ-પદાર્થ)નું બનેલું |
| પુન્ય-પ્રકૃતિ | ૬ : ૨ | પુણ્ય-પ્રકૃતિ, કર્મની શુભ પ્રકૃતિઓ |

૧૧

| | | |
|---|---|---|
| પુષ્ફરાસ | ૯ : ૬ | પુષ્પરાશિ |
| પુરુષપણિ | ૧૭ : ૭ | પુરુષપણે, પુરુષાતન |
| પુલાય | ૧ : ૧ | પલાયન કરે |
| પૂગૈ | ૯ : ૬ | સોપારીથી |
| પૂછયઇં | ૨૦ : ૮ | પૂછતાં, પૂછવાથી |
| પૂજાદિકઇ | ૯ : ૩ | પૂજા વગેરેથી |
| પૂરઇ | ૧ : ૫ | પૂરે |
| પોતઇ | ૨૩ : ૧ | પોતે |
| પોષ | ૨૨ : ૮ | પુષ્ટિ |
| પોષણો | ૨૨ : ૧૬ | પોષણ |
| પોહચાવઇ | ૧૮ : ૧ | પહોંચાડે |
| પ્રકટન | ૯ : ૩ | પ્રગટાવવું તે |
| પ્રકારઇ | ૯ : ૪ | પ્રકારે |
| પ્રકારિઇં | ૨૪ : ૧૩ | પ્રકારે |
| પ્રકાશકઇં | ૨૪ : ૯ | પ્રકાશે છે. |
| પ્રકૃતિબંધ | ૬ : ૨ | જ્ઞાનાદિને આવરણ કરવાનો કર્મનો સ્વભાવ તે પ્રકૃતિબંધ |
| પ્રગટન | ૧૧ : ૩ | પ્રગટ થવું તે |
| પ્રગટસ્યઇં | ૬ : ૬ | પ્રગટશે |
| પ્રણમી | ૧ : ૧ | પ્રણામ કરીએ |
| પ્રણીત | ૩ : ૪ | રચેલું |
| પ્રતઇ | ૧૬ : ૧૫ | પ્રત્યે |
| | ૨૦ : ૧ | |
| પ્રતીત | ૧૪ : ૫ | પ્રતીતિ |
| પ્રતીતં | ૯ : ૫ | જાણેલું |

| | | |
|---|---|---|
| પ્રત્યક્ષ | ૨૦ : ૧ | નૈયાયિક સંમત એક પ્રમાણ. વસ્તુના સાક્ષાત્કારમાં જે કરણ તે પ્રત્યક્ષ પ્રમાણ |
| પ્રદેશબંધ | ૬ : ૨ | પ્રદેશ બંધ, કર્મનાં પરમાણુઓના પરિમાણનો બંધ તે પ્રદેશબંધ |
| પ્રભાત | ૯ : ૧ | પ્રભાતે |
| પ્રભુતાઈઈ | ૧૦ : ૫ | પ્રભુતા વડે |
| પ્રભુપાસેં | ૧૪ : ૧ | પ્રભુની પાસે |
| પ્રમત્તાદિ | ૨૪ : ૧૧ | પ્રમત્ત (ગુણ સ્થાનક) વગેરે |
| પ્રમાણ | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, વસ્તુને જાણવાનો સમ્યગ્ ઉપાય |
| પ્રમાદયોગ | ૬ : ૪ | યતનાનો અભાવ, સાવધાનીનો અભાવ, અજાગ્રત અવસ્થા |
| પ્રમેય | ૨૦ : ૧ | પ્રમાણનો વિષય તે પ્રમેય. નૈયાયિક સંમત એક તત્ત્વ |
| પ્રમોદસું | ૧ : ૧ | પ્રમોદ વડે |
| પ્રયોજન | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, જેને કારણે જીવ પ્રવૃત્તિ કરે છે. |
| પ્રરૂપણહાર | ૨૦ : ૧ | પ્રરૂપણા કરનાર |
| પ્રવર્ત્તઇ | ૧૪ : ૬ | પ્રવર્તે, વર્તે |
| પ્રવર્ત્તાવિક | ૧૪ : ૫ | પ્રવર્તાવનારા |
| પ્રવાદી | ૨૧ : ૩ | જૈનથી અન્ય વાદવાળા |
| પ્રશસ્ત | ૧૭ : ૫ | પ્રશંસા પામેલો, શુભ |
| પ્રસરતઇં | ૧૩ : ૫ | પ્રસરતાં |
| પ્રસંગ | ૧૩ : ૧ | ભેટ, મિલન |

| | | |
|---|---|---|
| પ્રસંગી | ૧૨ : ૬ | પ્રસંગ પાડનારો |
| પ્રસારણ | ૨૦ : ૧ | ફેલાવવાની ક્રિયા. કર્મનો એક ભેદ–વૈશેષિક મત પ્રમાણે |
| પ્રાણાતિપાતાદિકે | ૬ : ૪ | હિંસા વગેરેથી |
| પ્રાણિ | ૯ : ૮ | પ્રાણી |
| પ્રાપક | ૧૨ : ૧ | પ્રાપ્ત કરાવનારા |
| | ૧૯ : ૬ | |
| પ્રાપ્યકારીપણું | ૨૦ : ૧ | પ્રાપ્ત થઈ, સંબદ્ધ થઈ કાર્ય કરનાર |
| પ્રીછવઇ | ૧૭ : ૬ | પ્રીછવે, સમજાવે |
| પ્રીતમસ્યું | ૧ : ૩ | પ્રીતમ સાથે |

*

ફ

| | | |
|---|---|---|
| ફરસઇ | ૨૧ : ૭ | સ્પર્શે |
| ફરસતા | ૨૨ : ૨ | સ્પર્શતા |
| ફરસ્યા | ૯ : ૫ | સ્પર્શ્યા |
| ફંદીઇ | ૧૫ : ૫ | ફસાયેલો |
| ફિરઇ | ૬ : ૩ | ફરે |
| | ૧૫ : ૨ | |
| ફિરતો | ૪ : ૫ | ફરતો |
| ફિરી | ૨૦ : ૧ | ફરી |
| | ૨૩ : ૭ | |
| ફિરીનઇં | ૨૦ : ૯ | ફરીને |
| ફેરીનઇં | ૨૨ : ૨ | ફેરવીને |
| ફેરવતા હુંતા | ૩ : ૫ | સ્ફુરાવતાં |

*

## બ

| | | |
|---|---|---|
| બહુમાનતા | ૭ : ૫ | બહુમાન હોવાપણું |
| બંદમાં | ૪ : ૨ | બંધનમાં |
| બંધ | ૨૦ : ૧ | કર્મનું આત્માની સાથે જોડાણું |
| | ૨૪ : ૧૦ | તે બંધ |
| બંધાનઇં | ૬ : ૪ | બંધાતાં |
| બાઝઇ | ૧૭ : ૧ | બાઝે, ચોટે, વળગે |
| બાદરનિગોદ | ૮ : ૨ | સાધારણ વનસ્પતિકાય નામની જીવરાશિ |
| બાહિર | ૧૯ : ૩ | બહાર |
| બાહિરંગ | ૨૧ : ૫ | બહિરંગ |
| બાંધીનઇં | ૧ : ૨ | બાંધીને |
| બિ | ૨ : ૧ | બે |
| બિહુંથી | ૧૦ : ૧ | બેથી, બન્નેથી |
| બીજઇં | ૫ : ૨ | બીજે |
| બીજપૂરાદિ | ૯ : ૫ | બીજોરુ વગેરે |
| બીજાઇં | ૬ : ૧ | બીજા પણ |
| બેહુ | ૮ : ૨ | બન્ને |
| | ૧૬ : ૭ | |
| | ૨૧ : ૨ | |
| બેહુંનેં | ૨૦ : ૧ | બંનેને |
| બેંદ્રી | ૮ : ૩ | બે ઇંદ્રિય, સ્પર્શ અને રસના એ બે ઇંદ્રિયવાળા |
| બોધ શબ્દેં | ૨ : ૬ | બોધશબ્દથી |
| બોલ | ૯ : ૨ | વચન |

*

## ભ

| | | |
|---|---|---|
| ભક્તિએ | ૯ : ૧ | ભક્તિ વડે |
| ભખઇં | ૧૭ : ૨ | ખાવાથી |
| ભજના | ૨૧ : ૬ | અંશ, વિકલ્પ |
| ભજના ધરવી | ૧૧ : ૫ | સેવના કરવી |
| ભજિ | ૧ : ૬ | ભજે, પામે |
| | ૧ : ૭ | |
| ભણુણહાર | ૧૭ : ૩ | ભણુનાર |
| ભરવાદિકનું | ૧૪ : ૩ | ભરવા વગેરેનું |
| ભલાં | ૨૨ : ૧૪ | સારાં |
| ભવદોહગ | ૧૩ : ૧ | ભવમાં દુર્ભાગ્ય |
| ભવજલનઇં | ૧૮ : ૧ | ભવજલને |
| ભવવિપાકી | ૬ : ૨ | જે કર્મનો વિપાક ભવમાં મળે તે |
| ભવાઈયાદિક | ૧૪ : ૧ | ભવૈયાઓ વગેરે |
| ભવાઇયાનેં | ૧૭ : ૬ | ભવૈયાને |
| ભવાટવીલંઘન | ૧૧ : ૩ | ભવરૂપી અટવીને ઓળંગવી |
| ભવાંતરિ | ૨૨ : ૧ | બીજા ભવે |
| ભવી | ૨૪ : ૪ | ભવ્ય |
| ભવ્યત્વાદિ | ૧૮ : ૬ | ભવ્યપણું વગેરે |
| ભંગ્યાં(ગ્યં)તરઈ | ૧૦ : ૩ | ભંગી–અંતરે, બીજા પ્રકારે |
| ભાગઇ | ૧ : ૧ | ભાંગે, વિકલ્પે |
| ભાજઇ | ૪ : ૫ | ભાંગે, નાશ પામે, દૂર થાય |
| ભાજન | ૨૦ : ૧ | પાત્ર |
| | ૨૪ : ૮ | |
| ભાંજસ્યઇ | ૬ : ૬ | ભાંગશે |
| ભાજિ | ૪ : ૫ | ભાંગે, દૂર થાય |

| | | |
|---|---|---|
| ભારી | ૧૮ : ૪ | ભારે, વજનદાર |
| | ૨૧ : ૩ | |
| ભાવ અધ્યાતમ | ૧૧ : ૪ | તાત્ત્વિક અધ્યાત્મ |
| ભાવઇં જ | ૧૦ : ૪ | ભાવે જ, ભાવથી જ |
| | ૧૫ : ૫ | |
| ભાવનિક્ષેપાનઇ | ૨૩ : ૪ | ભાવ નિક્ષેપ વડે |
| ભાવવેં | ૨૦ : ૧ | ભાવે કરીને, ભાવવાથી |
| ભાવિં | ૯ : ૫ | ભાવે |
| ભાવી | ૧૨ : ૫ | ભાવિનું, ભવિષ્યનું |
| ભાવીંઇ | ૨૨ : ૨ | ભાવીએ |
| ભાવેં | ૧૫ : ૨ | ભાવથી |
| ભાષણા | ૧૬ : ૭ | કહેવું |
| ભાષાવાલાનઇં | ૧૭ : ૨ | ભાષાવાળાને |
| ભાસઇં | ૨૪ : ૮ | ભાસે, દેખાય |
| ભાંડ | ૧૭ : ૬ | ભાંડ (ભવૈયા જેવી એક જાતિ) |
| ભેટિ | ૧૩ : ૧ | ભેટવાથી |
| ભેલી | ૧૦ : ૩ | ભેગી, સાથે મળેલી |
| ભોગઇ | ૨૧ : ૯ | ભોગથી |
| ભોગવઇં | ૨૦ : ૨ | ભોગવે |
| ભ્રમરૂપતાપ | ૨૪ : ૩ | ભ્રમરૂપી તાપ |

*

## મ

| | | |
|---|---|---|
| મઇં | ૧ : ૪ | મેં |
| મતિહીનપણિં | ૨૦ : ૪ | મતિહીનપણે |
| મધ્યસ્થપણઇ | ૨૨ : ૧૬ | મધ્યસ્થપણે |
| મધ્યે | ૮ : ૪ | વચ્ચે, માં |

| | | |
|---|---|---|
| મનઇં | ૨૨ : ૧૬ | મનમાં |
| મનાવીનઇં | ૧૨ : ૫ | મનાવીને |
| મમકાર | ૧૪ : ૩ | મમત્વ, અહંકાર |
| મર્યાદાઇં | ૨ : ૩ | મર્યાદા વડે |
| મલ્લનઇં | ૧૮ : ૮ | મલ્લને |
| મલ્લી | ૨૦ : ૧ | મલ્લયુદ્ધ કરનાર |
| મહાભયનઇં | ૭ : ૨ | મહાભયને |
| મહા શબ્દેં | ૨૪ : ૮ | મહાશબ્દથી |
| મહિર | ૧૯ : ૧૦ | મહેર, કૃપા |
| માઇં | ૧૮ : ૩ | સમાય, સમાવેશ પામે |
| માચવું | ૧૪ : ૪ | રાચવું |
| માટઇં | ૧ : ૧ | માટે |
| | ૭ : ૧ | |
| | ૧૬ : ૧૩ | |
| | ૧૭ : ૫ | |
| માટિં | ૧ : ૨ | માટે |
| માતા | ૧૯ : ૭ | મસ્ત, હૃષ્ટપુષ્ટ |
| માનઇ | ૨૦ : ૨ | માને |
| માનપણઇ | ૧૬ : ૧૫ | માનપણે |
| માનિ | ૨૦ : ૧ | માનીને |
| માનેં | ૨૦ : ૧ | માને |
| માયા | ૧૯ : ૯ | સમાયા |
| માયી | ૧૫ : ૫ | માયાવાળું |
| માર્ગ | ૨૦ : ૧ | બૌદ્ધ સંમત માર્ગ સત્ય અર્થાત્ નિર્વાણનો સમ્યગ્દૃષ્ટિ આદિ અષ્ટાંગિક માર્ગ |
| માહરઇં | ૧ : ૧ | મારે, મને |

| | | |
|---|---|---|
| માહરઇં | ૬ : ૬ | મારે |
| | ૨૨ : ૧ | |
| માહરાનઇં | ૧૬ : ૧૩ | મારાને |
| માહિં | ૧૮ : ૩ | માં, અંદર |
| માંડઉ | ૧૧ : ૪ | માંડો |
| માંડવાનેં | ૨૪ : ૧ | મંડપના |
| માંડીનઇં | ૨૦ : ૮ | માંડીને, આરંભીને |
| | ૨૨ : ૧ | |
| માંમ | ૨૨ : ૧૪ | મમત્વ, અહંકાર |
| માહઇં | ૫ : ૨ | માં |
| માંહિં | ૨૨ : ૩ | માં, અંદર |
| મિથ્યાત | ૨૪ : ૧૨ | મિથ્યાત્વ નામનું પ્રથમ ગુણસ્થાન, આત્માની નિકૃષ્ટ અવસ્થા |
| મિથ્યાત્વાદિ | ૨૩ : ૫ | મિથ્યાત્વ એ નામનું ૧૪ માંનું એક ગુણસ્થાન વગેરે |
| મિથ્યામતિનઇં | ૧૯ : ૩ | મિથ્યા બુદ્ધિવાળાને |
| મિલઇં | ૧૪ : ૬ | મળે |
| મિલવાના | ૧૮ : ૭ | મળવાના |
| મિલાતુ | ૬ : ૨ | મળતું |
| મિલીઇં | ૧ : ૩ | મળીએ |
| મિલેં જ | ૧૫ : ૫ | મળે જ, મળવાથી જ |
| મિલ્યાનો | ૨૨ : ૧ | મળવાનો |
| મિસરી , | ૨૪ : ૧ | સાકર |
| મીમાંસક | ૨૦ : ૧ | જૈમિનિએ સ્થાપેલ પૂર્વ મીમાંસાદર્શન |
| મુકવાનું | ૨૨ : ૭ | ત્યજી દેવાનું |
| મુક્તિસ્ત્રીસ્યું | ૨૨ : ૧ | મુક્તિરૂપી સ્ત્રીની સાથે |

| | | |
|---|---|---|
| મુગતિનઇ | ૩ : ૬ | મુક્તિને |
| મુઝ | ૨ : ૬ | મને |
| મુદા | ૧ : ૧ | આનંદ |
| મુદ્રા | ૨૧ : ૯ | હાથને અમુક સ્થિતિમાં રાખવો તે |
| મુંકઇં | ૧ : ૧ | મૂકે, છોડે, તજે |
| મુંકીજે | ૧૪ : ૬ | મૂકીએ |
| મૂલ પ્રકૃતિબંધ | ૬ : ૨ | કર્મની મૂળ પ્રકૃતિ આઠ પ્રકારની છે. (૧) જ્ઞાનાવરણીય કર્મ (૨) દર્શનાવરણીય કર્મ (૩)છેદનીય કર્મ (૪) મોહનીય કર્મ (૫) નામ કર્મ (૬) આયુષ્ય કર્મ (૭) ગોત્ર કર્મ (૮) અંતરાય કર્મ. આનો બંધ તે મૂળ પ્રકૃતિ બંધ કહેવાય |
| મૂકતા | ૧૬ : ૫ | છોડતાં |
| મૂંકાણો | ૬ : ૪ | મુકાયો |
| મેલઇ | ૧૯ : ૫ | મેળે, જાતે |
| મેલવી | ૧ : ૨ | મેળવી |
| મેલવ્યા | ૩ : ૫ | મેળવ્યા |
| મેલવ્યાની | ૨૨ : ૧ | મૂકીને, છોડીને |
| મેલો | ૧ : ૩ | મેળો, મેળાપ |
| મેહલી | ૨૨ : ૧ | મૂકીને, છોડીને |
| મેહલીઇ | ૨૨ : ૭ | મેલીને, છોડીને |
| મોક્ષ | ૨૦ : ૧ | આત્મામાંબધાં કર્મોનો ક્ષય થવો તે |
| મોટાં | ૨૨ : ૧૪ | ભલાં, સારાં |
| મોહનીય | ૬ : ૨ | જીવને સંસારમાં મૂઢ બનાવે તે મોહનીય કર્મ |

*

## ય

| | | |
|---|---|---|
| યતના | ૯ : ૧ | અપ્રમાદ |
| યથાયોગઇં | ૨ : ૫ | યથાયોગે |
| યથાવસ્થિત | ૨૦ : ૧ | યથાર્થ |
| યાવત | ૨૨ : ૮ | જ્યાં સુધી |
| યાજ્ઞિક | ૨૦ : ૧ | યજ્ઞ કરનારા |
| યોગેં જ | ૩ : ૫ | યોગે જ |
| યોગ્યતાઇ | ૨૦ : ૧ | યોગ્યતા વડે |

*

## ર

| | | |
|---|---|---|
| રચનાઇં | ૧૦ : ૧ | રચના વડે |
| રણરંગ | ૨૪ : ૬ | યુદ્ધનો રંગ, યુદ્ધનો ઉત્સાહ |
| રલઇં | ૧૪ : ૨ | રડવડે, ફરે, ભમે |
| રસઇં | ૧૮ : ૫ | રસથી |
| રહઇં | ૧૪ : ૫ | રહે |
| | ૨૦ : ૪ | |
| | ૨૨ : ૧૪ | |
| | ૧૦ : ૩ | |
| રહ્યા છઇં | ૧૬ : ૭ | રહ્યા છે |
| રંજવા | ૧ : ૪ | રાજી કરવા, આનંદ આપવા |
| રાખઇં | ૧૬ : ૧૦ | રાખે |
| | ૨૨ : ૨ | |
| રાખજ્યો | ૧૮ : ૭ | રાખજો |
| રાજવિયામાં | ૨૨ : ૫ | રાજવીઓમાં |
| રાજવેઠિની | ૩ : ૨ | રાજવેઠની |
| રાજીઇં | ૨૩ : ૬ | રાજી થઈએ |

| | | |
|---|---|---|
| રીઝિ | ૧૦ : ૩ | રીઝે |
| રીઝયો હુંતો | ૧ : ૧ | રીઝાયેલો |
| રીતિં | ૯ : ૨ | રીતે |
| રીસાલાભુ | ૧૯ : ૪ | રસાલાની ભૂમિ, ઘોડાસાર |
| રીસાવઇં | ૨૦ : ૨ | રીસ કરાવી |
| રીસાવી | ૧૯ : ૧ | રીસાઈ |
| રુંધઇ | ૧૭ : ૭ | રુંધે, રોકે |
| રુપરકંધ | ૨૦ : ૧ | બૌદ્ધ દર્શન સંમત એક અચેતન તત્ત્વ |
| રોકવઇં | ૬ : ૪ | રોકવાથી |
| રોદના | ૭ : ૫ | રુદન |
| રોધવું | ૨૦ : ૧ | રોકવું, અવરોધવું |
| રોપણા | ૫ : ૧ | સ્થાપના |
| રોહણાચલ | ૧૫ : ૭ | રોહણાચલ પર્વતનું નામ |

*

## લ

| | | |
|---|---|---|
| લક્ષ્મીઇં | ૭ : ૧ | લક્ષ્મી વડે |
| લખઇ | ૧૮ : ૬ | લખે |
| લગઇ | ૧૧ : ૩ | લગી, સુધી |
| લગઇં | ૬ : ૩ | લગી, સુધી |
| | ૧૫ : ૪ | |
| લગારેક | ૨૦ : ૧ | લગાર, થોડુંક |
| લગેં | ૨૨ : ૬ | સુધી |
| લવાસી લવ | ૧૧ : ૬ | લવરી, બકવાસ |
| લહતો | ૧૫ : ૨ | મેળવતો, પ્રાપ્ત કરતો |
| લહરિ | ૧ : ૫ | લહેર, લહર |

| | | |
|---|---|---|
| લહીઇ | ૨૦ : ૧૦ | પામીએ |
| લહો | ૩ : ૧ | પામો, જાણો |
| લહ્યા | ૨૦ : ૧ | પ્રાપ્ત કર્યા |
| લાખગમેં | ૧ : ૫ | લાખ પ્રકારે |
| લાજતાઇ | ૧૪ : ૩ | લાજતાં |
| લિખીઇ | ૨૦ : ૧ | લખીએ |
| લીજીઇ | ૧૫ : ૪ | લઈએ |
| લીણ | ૧૩ : ૩ | લીન |
| લીણ્યો | ૧૩ : ૩ | લીન થયેલો |
| | ૨૦ : ૪ | |
| લીંપણું | ૧૪ : ૫ | લીંપણ |
| લેઈનઇ | ૨૪ : ૫ | લઈને |
| લોકસંજ્ઞા | ૧૪ : ૬ | લોકાચારનું વિચાર્યા વિના આંધળું અનુસરણ |

*

## વ

| | | |
|---|---|---|
| વચનગોચરેં | ૨૨ : ૧૬ | વચનમાં વિષયમાં |
| વધસ્યઇ | ૨૨ : ૫ | વધશે |
| વરઇ | ૧૫ : ૫ | શ્રેષ્ઠ |
| વરજી | ૨૦ : ૬ | છોડીને |
| વરજીનઇ | ૨૦ : ૮ | છોડીને |
| વરતઇ | ૨૧ : ૧૦ | પ્રવર્તે |
| વરહવરો | ૨૪ : ૫ | ઇચ્છિત લો, યથેચ્છ લો |
| વર્ત્તી | ૧૬ : ૧ | રહેનારો |
| વર્ષણ | ૨૪ : ૧૨ | વરસાદ |
| વશિ | ૧૮ : ૧ | વશમાં |
| | ૧૭ : ૯ | |

| | | |
|---|---|---|
| વસઇં | ૧ : ૧ | વસે |
| વસનં | ૯ : ૬ | વસ્ત્ર |
| વસ્તુપણઇં | ૫ : ૬ | વસ્તુપણે, યથાર્થ રીતે |
| વંચાઇ | ૨૧ : ૯ | ઠગાય, છેતરાય |
| વંછિત | ૨૨ : ૮ | વાંચ્છિત, ઇચ્છિત |
| વાજસ્યઇં | ૬ : ૬ | વાગશે |
| વાટઇ | ૧૯ : ૪ | વાટે, પંથે |
| વાટેં | ૨ : ૧ | વાટથી, પંથે |
| વાદ | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, વાદી–પ્રતિવાદી વચ્ચે થતી ચર્ચા |
| વાધસ્યઇં | ૬ : ૬ | વાધશે, વધશે |
| વારીનઇં | ૧૯ : ૭ | રોકીને |
| વાલહિ | ૨૨ : ૧ | વહાલી |
| વાલિંમ | ૨૨ : ૨ | પ્રીતમ |
| વાસ | ૧૫ : ૮ | વસવું |
| વાસનાઇં | ૨૪ : ૮ | વાસનાથી |
| વાસનાસ્કંધ | ૨૦ : ૧ | બૌદ્ધસંમત વાસનાસમૂહ |
| વાસી | ૧ : ૬ | વાસિત |
| વાસીઇ | ૫ : ૬ | વસાવવામાં આવે |
| વાસું | ૧૫ : ૧ | વસાવું, રાખું |
| વાસ્યા | ૨૪ : ૮ | વાસિત કર્યા |
| વાંદતાં | ૯ : ૨ | વંદન કરતાં |
| વાંદીઇ | ૭ : ૧ | વંદન કરીએ |
| વિકલ | ૬ : ૧ | રહિત |
| વિકલેંદ્રિય | ૮ : ૩ | એકેન્દ્રિયથી ચૌરેંદ્રિય સુધીના જીવો તે વિકલેંદ્રિય |

| | | |
|---|---|---|
| વિગર | ૨૨ : ૧ | વગર, વિના |
| વિચઇ | ૬ : ૧ | વચ્ચે |
| વિચમાં | ૪ : ૪ | વચમાં |
| વિચારી હુંતી | ૧૦ : ૬ | વિચારી ત્યારે |
| વિણઓ | ૯ : ૭ | વિનય |
| વિતંડા | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ. વાદી અથવા પ્રતિવાદી દ્વારા પોતાનો પક્ષ સ્વીકાર્યા વિના થતી ચર્ચા. |
| વિધિસ્યું | ૯ : ૮ | વિધિ સાથે |
| વિભવ | ૫ : ૧ | વૈભવ |
| વિલેવણ | ૯ : ૬ | વિલેપન |
| વિવર | ૮ : ૭ | કાણું |
| વિવિધરીતિં | ૧૦ : ૨ | જુદી જુદી રીતે |
| વિશેષ | ૨૦ : ૧ | નૈયાયિક સંમત એક તત્ત્વ |
| વિશેષપણે | ૨૪ : ૭ | વિશેષપણે |
| વિષઇ | ૮ : ૭ | વિશે |
| | ૧૦ : ૪ | |
| | ૧૧ : ૨ | |
| | ૨૨ : ૧ | |
| | ૨૨ : ૨ | |
| વિસરામીનઇં | ૧૯ : ૧૦ | વિશ્રામ આપીને |
| વિસ્તરી | ૨૪ : ૧ | વિસ્તાર પામી |
| વિહલો | ૨૨ : ૨ | વહેલો |
| વિજ્ઞાનસ્કંધ | ૨૦ : ૧ | બૌદ્ધસંમત એક તત્ત્વ |
| વિંગ | ૨૨ : ૧૬ | વ્યંગ્ય |
| વીક્ષણા | ૧૦ : ૨ | જોવું તે |

| | | |
|---|---|---|
| વીનતી | ૧ : ૧ | વિનંતિ |
| | ૨૦ : ૧ | |
| વીનતીરુપઇં | ૮ : ૨ | વિનંતિ રૂપે |
| વીરમીનઇં | ૧૯ : ૧૦ | વિરમીને, ટાળીને |
| વીસામા ઠામ | ૧૩ : ૪ | વિસામાનું સ્થાન |
| વૃષ | ૧ : ૧ | શ્રેષ્ઠ |
| વેદનાસ્કંધ | ૨૦ : ૧ | બૌદ્ધસંમત એક તત્ત્વ |
| વેદની | ૬ : ૨ | વેદનીય (કર્મ), જે કર્મ આત્માને સુખ–દુઃખ આપે તે. |
| વેદ્યજ્ઞાન | ૨૦ : ૧ | વિષયનું જ્ઞાન |
| વેલડીનું | ૨૪ : ૨ | વેલનું |
| વેલાઇં | ૧૭ : ૪ | વેળાએ |
| વૈરાગીનઇં | ૨૨ : ૧૦ | વૈરાગીને |
| વૈરિડો | ૧૭ : ૩ | વૈરી |
| વ્યક્તઇં | ૧૦ : ૫ | વ્યક્તપણે, પ્રગટપણે |
| વ્યય | ૨૦ : ૧ | વસ્તુના એક પર્યાયનો વિનાશ, જૈન દર્શનની ત્રિભંગીમાંનો એક ભંગ |
| વ્યવહારેં | ૧૮ : ૬ | વ્યવહારે |
| વ્યાપતો | ૨૪ : ૯ | પ્રસરતો |
| વ્યાપારવંત | ૧૨ : ૨ | વ્યાપારવાળા |

*

શ

| | | |
|---|---|---|
| શકટેં | ૨૦ : ૬ | ગાડા સાથે |
| શત્રુનઇં | ૨ : ૧ | શત્રુને |
| શબ્દ | ૨૦ : ૧ | નૈયાયિકો દ્વારા સ્વીકૃત આગમ પ્રમાણ |

| | | |
|---|---|---|
| શબ્દઇં | ૪ : ૨ | શબ્દ વડે |
| શબ્દઇં અતિશયઇં | ૧૬ : ૧૩ | શબ્દાતિશયથી |
| શરીરનઇં | ૧ : ૪ | શરીરને |
| શાસનમાર્ગનઇ | ૨૧ : ૩ | શાસનમાર્ગને, જૈનમાર્ગને |
| શિક્ષારૂપપણેં | ૨૨ : ૧ | ઉપદેશરૂપે |
| શિર નામી નઇં | ૨૩ : ૧ | મસ્તક નમાવીને |
| શુભકરણીનઇં | ૯ : ૧ | શુભ કરણીને |
| શોભઇ | ૧ : ૧ | શોભે છે. |
| શોષ | ૨૪ : ૧૧ | સૂકવી દેવાં, નાશ કરવો |
| શ્રેયાંસ જિનનઇં | ૧૧ : ૧ | શ્રેયાંસજિનને |

*

**ષ**

| | | |
|---|---|---|
| ષડંગઇં | ૨૧ : ૯ | છ અંગે |
| ષોડશ | ૨૦ : ૧ | સોળ |

*

**સ**

| | | |
|---|---|---|
| સકઈ | ૪ : ૨ | શકે |
| સકીઇ | ૨૧ : ૧૦ | શકીએ |
| સઘલઇ | ૨૧ : ૧૦ | સઘળે |
| સઠ | ૮ : ૫ | શઠ |
| સત્તાઇં | ૬ : ૨ | સત્તાએ, આત્મામાં બંધાયેલા કર્મની ઉદય પૂર્વેની અવસ્થા તે સત્તા |
| સદસત્ | ૧૦ : ૬ | સત્–અસત્ રૂપે, અસ્તિનાસ્તિ રૂપે |
| સદહઇ | ૧૬ : ૩ | શ્રદ્ધા રાખે |
| સદ્દહણા | ૧૬ : ૩ | શ્રદ્ધા |

| | | |
|---|---|---|
| સન્નિયા | ૮ : ૪ | સંજ્ઞી જીવો, મનવાળા જીવો |
| સમકિતઇં | ૧૬ : ૧૨ | સમકિત વડે, શ્રદ્ધાથી |
| સમઝાવીઇ | ૧૮ : ૧ | સમજાવીએ |
| સમઝૈ | ૧૭ : ૬ | સમજે |
| સમતાઇ | ૧૨ : ૬ | સમતા વડે |
| સમપરિણામઇ | ૧૦ : ૨ | સમાન પરિણામે |
| સમરથ | ૧૩ : ૪ | સમર્થ |
| સમવાય | ૨૦ : ૧ | દ્રવ્યનો ગુણ અને કર્મમાં સંબંધ, જાતિનો દ્રવ્ય, ગુણ અને કર્મમાં સંબંધ, અવયવનો અવયવીમાં સંબંધ તે સમવાય. |
| સમવાયિ | ૨૦ : ૧ | સમવાય સંબંધ જેમાં હોય તે સમવાયિ-નૈયાયિક મત પ્રમાણે |
| સમાચરણ | ૯ : ૭ | સમ્યગ્ આચરણ |
| સમાણી | ૧૮ : ૩ | સમાઈ, સમાવેશ પામી |
| સમાપત્તિ | ૯ : ૭ | ધ્યાન |
| સમાવઇ | ૨૧ : ૬ | સમાય |
| સમાવસ્થાને | ૨૦ : ૧ | સામ્યાવસ્થા, પ્રકૃતિના સત્ત્વ, રજસ્ અને તમસ્ એ ત્રણ ગુણોની તર-તમ ભાવ વિનાની સામ્યાવસ્થા |
| સમુદય | ૨૦ : ૧ | દુઃખનું જે કારણ તે સમુદય-બૌદ્ધ મત પ્રમાણે આર્ય સત્ય |
| સમૂલકાષ | ૧૦ : ૨ | મૂળથી લઈને |
| સમ્યકત | ૨૦ : ૧ | સમ્યક્ત્વ, સમ્યગ્દર્શન |
| સયાણી | ૮ : ૨ | શાણી, સખી |

| | | |
|---|---|---|
| સર્વઘાતી | ૬ : ૨ | આત્માના મૂળ ગુણનો સર્વાંશે ઘાત કરનાર કર્મ–જૈન મત પ્રમાણે |
| સર્વનઇ | ૨૨ : ૩ | સર્વને |
| સલ્લક્ષણ | ૧૦ : ૨ | સારા લક્ષણ વાળી |
| સહાયી | ૨૦ : ૧૦ | સહાયક |
| સહાયી | ૨૨ : ૩ | સહાયથી |
| સહુઈ | ૧ : ૨ | બધીય |
| સંકલેસ | ૧૬ : ૧૦ | ક્લેશવાળું |
| સંકલ્પઇં | ૧ : ૬ | સંકલ્પ વડે |
| સંકલ્પનઇં | ૩ : ૪ | સંકલ્પને |
| સંકલ્પના | ૨૨ : ૨ | આશાના, મનોરથના |
| સંકલ્પાદિકઈં | ૧૫ : ૪ | સંકલ્પ વગેરેથી |
| સંક્રમઇ | ૨૦ : ૧ | સંક્રમણ કરે |
| સંગઇ | ૨૧ : ૫ | સંગે |
| સંગ્રહ્યું | ૧૯ : ૧ | સંગ્રહ કર્યો |
| સંપજઇ | ૫ : ૬ | સંપજે, સાંપડે, મળે |
| સંપૂર્ણીકૃત | ૨૧ : ૮ | સંપૂર્ણ કરેલું |
| સંભવઇ | ૧ : ૩ | સંભવે |
| સંયોગઇં | ૧૦ : ૫ | સંયોગથી |
| સંવરવે | ૬ : ૪ | સંવરને, કર્મના આગમનને. (આશ્રવને) રોકે તે સંવર. અર્થાત્ સંયમ–જૈન મત પ્રમાણે |
| સંશય | ૨૦ : ૧ | સંદેહ, નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ, જ્ઞાનની દોલાયમાન અનિશ્ચિત સ્થિતિ |
| સંસય | ૧૩ : ૫ | સંશય |
| સંસારઇં | ૬ : ૩ | સંસારમાં |

| | | |
|---|---|---|
| સંસારીઇ | ૭ : ૪ | સંસારીથી |
| સંસ્કાર સ્કંધ | ૨૦ : ૧ | બૌદ્ધ દર્શનનુ એક તત્ત્વ |
| સાખિ | ૯ : ૩ | શાખે, સાક્ષીએ |
| સાખીઉ | ૪ : ૪ | સાક્ષી |
| સાચ કરી માનું | ૧૭ : ૯ | સાચું કરીને માનું |
| સાચવીઇ | ૯ : ૨ | સાચવવામાં આવે |
| સાતિશયી | ૧૭ : ૮ | અતિશય સાથે |
| સાથઇ | ૪ : ૪, ૧૫ : ૧, ૧૯ : ૩ | સાથે |
| સાદરપણઇ | ૧૮ : ૫ | સ-આદરપણે |
| સાધઇ | ૧ : ૩ | સાધે |
| સાધવાનઇ | ૧૭ : ૭ | સાધવાને |
| સાધીઇ | ૫ : ૪, ૨૧ : ૧૦ | સાધીએ |
| સાધુકાર | ૧૭ : ૫ | શાહુકાર |
| સામાન્ય | ૨૦ : ૧ | અનેક દ્રવ્ય, ગુણ અને કર્મમાં રહેનારી જાતિ–વૈશેષિક મત પ્રમાણે |
| સામાન્યપણઇ | ૨૧ : ૨ | સામાન્યપણે |
| સાલો | ૧૭ : ૬ | સાળો (અપશબ્દ) |
| સાહમો | ૧૯ : ૪ | સામો, સામે |
| સાંભલીઇ | ૯ : ૪ | સાંભળીએ |
| સિદ્ધાંત | ૨૦ : ૧ | નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ. તે મતને સ્વીકૃત મત તે સિદ્ધાંત |
| સીઝઇ | ૪ : ૬ | સીઝે, સિદ્ધ થાય |
| સીંચવઇ | ૨૪ : ૧૨ | સીંચવે–સીંચવાથી |
| સુખા (વ) બોધ | ૧૦ : ૧ | સુખનો અવબોધ, સુખનું જ્ઞાન |

| | | |
|---|---|---|
| સુણીઇ | ૬ : ૪ | સુણીએ, સાંભળીએ |
| સુધારસઇં | ૧૩ : ૬ | સુધારસથી |
| સુરપાદપ | ૨૧ : ૨ | દેવોનું વૃક્ષ-કલ્પવૃક્ષ |
| સુહુમ નિગોદેં | ૮ : ૨ | સાધારણ વનસ્પતિકાય નામની સૂક્ષ્મ જીવરાશિ |
| સૂચઈ | ૨૧ : ૮ | સૂચવે |
| સૂત્રનઇ | ૨૧ : ૮ | સૂત્રને |
| સેરીઇ | ૧૯ : ૪ | શેરીએ |
| સેવઇ | ૩ : ૪ | સેવે |
| સેવકઇં | ૨૨ : ૮ | સેવકે |
| સેવકનઇં | ૨૨ : ૮ | સેવકનો |
| સેવના | ૩ : ૬ | સેવા |
| સેવવી | ૧૬ : ૩ | સેવના કરવી |
| સેવૌ | ૮ : ૭ | સેવો |
| સોહિલી | ૧૪ : ૧ | સહેલી, સુગમ |
| સ્કંદ | ૨૦ : ૧ | સ્કધ |
| સ્તવીઈ | ૯ : ૧, ૨૦ : ૧ | સ્તવીએ, સ્તવન કરીએ |
| સ્તવ્યા | ૧૯ : ૯ | ગાયા |
| સ્થાનક | ૧૫ : ૭ | સ્થાન |
| સ્થિતિબંધ | ૬ : ૨ | બાંધેલા કર્મનો ફળ આપવાનો કાળ |
| સ્પર્ધક | ૭ : ૭ | સ્પર્ધા કરનારા |
| સ્પષ્ટાસ્પષ્ટ | ૨૦ : ૧ | સ્પષ્ટ અને અસ્પષ્ટ, પ્રત્યક્ષ અને પરોક્ષ |
| સ્યઉં | ૩ : ૨ | શું |
| સ્યાદ્વાદ | ૧૬ : ૬, ૨૪ : ૩ | અનેકાંતવાદ, સપ્તભંગીમાં સ્યાદ્ શબ્દનો ઉપયોગ થતો હોવાથી |

| | | |
|---|---|---|
| | | તેને સ્યાદ્વાદ એવું નામ આપવામાં આવ્યું છે. આનું બીજું નામ અનેકાંતવાદ છે, અર્થાત્ વસ્તુનાં અનેકવિધ પાસાં–ધર્મોના સ્વીકારનો વાદ તે અનેકાંતવાદ |
| સ્યું | ૨ : ૫, ૧૭ : ૭ | શું ? |
| સ્યે | ૨૪ : ૨ | શેં, કઈ રીતે |
| સ્યેં | ૨ : ૧ | શા કામે |
| સ્યો | ૨૨ : ૧૦ | શો |
| સ્વયંઇ | ૨૩ : ૧ | પોતે |
| સ્વરૂપી | ૨૨ : ૧૬ | સ્વરૂપે |
| સ્વસમય | ૧૮ : ૧ | પોતાનો સિદ્ધાંત |
| સ્વામીભાવઇ | ૨૨ : ૧૫ | સ્વામીભાવે |

*

## હ

| | | |
|---|---|---|
| હઠરહિતપણઇં | ૩ : ૪ | હઠ રહિત પણે |
| હઠાઇં | ૪ : ૫ | હઠપૂર્વક |
| હણઇ | ૩ : ૪ | હણે |
| હણવઈ | ૧૯ : ૮ | હણવે–હણવાથી |
| હરખઇ | ૯ : ૨ | હર્ષથી |
| હર્ષવું | ૧૪ : ૪ | ખુશ થવું |
| હવઇ | ૨ : ૧, ૮ : ૧, ૧૨ : ૧, ૨૦ : ૧ | હવે |
| હવણા | ૧૯ : ૧ | હમણાં |
| હવણાં | ૧૪ : ૨ | હમણાં |
| હસ્તભૂત | ૨૧ : ૩ | હસ્તગત |

| | | |
|---|---|---|
| હસ્યેં | ૨૨ : ૧૬ | હશે |
| હાટક | ૨૪ : ૫ | સુવર્ણ |
| હિત્વાભાસ | ૨૦ : ૧ | હેત્વાભાસ : નૈયાયિક મતનાં ૧૬ તત્ત્વોમાંનું એક તત્ત્વ. અસદ્ હેતુ અર્થાત્ મિથ્યા હેતુ, જેથી સાધ્ય સિદ્ધ થાય નહીં તે |
| હિવૈ | ૨૦ : ૧ | હવે |
| હીડઇ | ૩ : ૫ | હેંડે, ચાલે |
| હુતઇ | ૧૯ : ૫ | થતાં |
| હુતો | ૨૦ : ૭ | થતો હતો |
| હુયો | ૧૬ : ૧૩ | થયો |
| હુંતઇં | ૧૩ : ૫ | થતાં |
| હુંતા | ૧૫ : ૨ | હતા |
| હૂયૈ | ૧ : ૧ | થઈ |
| હેયપણેં | ૧૧ : ૪ | હેયપણાથી, ત્યાજ્યરૂપે |

*

## જ્ઞ

| | | |
|---|---|---|
| જ્ઞાન | ૬ : ૨ | જ્ઞાનાવરણીય કર્મ. આત્માના મૂળ ગુણ જ્ઞાનને અટકાવનારું કર્મ |
| જ્ઞાનઇં | ૨૩ : ૮ | જ્ઞાને |
| જ્ઞાનકરણ | ૬ : ૫ | વસ્તુને વસ્તુ તરીકે ઓળખવી તે જ્ઞાનકરણ |
| જ્ઞાનદશાઇં | ૨૨ : ૧૬ | જ્ઞાનદશાએ |
| જ્ઞાનરૂપી | ૭ : ૩ | જ્ઞાન રૂપે |
| જ્ઞાનાનંતર | ૨૦ : ૧ | બીજા જ્ઞાનથી |
| જ્ઞાયક | ૧૯ : ૮, ૨૪ : ૧૧ | જાણકાર |

□

# વિશેષ નામ

| | | |
|---|---|---|
| અક્ષપાદ | ૨૦ : ૧ | અક્ષપાદ ઋષિ, નૈયાયિક દર્શનના આદ્ય-લેખક |
| અષ્ટકગ્રંથઇં | ૩ : ૩ | આચાર્ય હરિભદ્રસૂરિએ રચેલા "અષ્ટક" નામના ગ્રંથમાં |
| અંગચૂલિયા | ૧૪ : ૪ | અંગબાહ્ય-એક આગમનું નામ |
| આચારાંગ | ૨૨ : ૩ | અંગમાંનું પ્રથમ જૈન આગમ |
| આવશ્યકનિર્યુક્તિ | ૮ : ૨ | આચાર્ય ભદ્રબાહુકૃત "આવશ્યક"-ની પદ્યાત્મક ટીકા |
| ઉપદેશરત્નાકર | ૪ : ૫ | શ્રી મુનિ સુંદરસૂરિએ રચેલો ગ્રંથ |
| ઉલૂકા | ૨૦ : ૧ | કણાદનું બીજું નામ |
| કણભૂજ | ૨૦ : ૧ | કણાદ ઋષિ |
| કણાદ | ૨૦ : ૧ | વૈશેષિક મતના આદ્ય લેખક |
| કર્મગ્રંથ | ૨૩ : ૧ | આચાર્ય દેવચંદ્રજી રચિત ગ્રંથ |
| કર્મપયડી | ૨૩ : ૨ | "કર્મપ્રકૃતિ" એ નામનો આચાર્ય શિવશર્મસૂરિનો ગ્રંથ |
| કર્મવિપાક | ૬ : ૧ | આચાર્ય દેવચંદ્રજીકૃત પ્રથમ "કર્મગ્રંથ" |
| કાપિલદર્શને | ૨૦ : ૧ | કપિલના મતમાં, સાંખ્ય મતમાં |
| કાંપિલ | ૨૦ : ૧ | કપિલ મુનિ, સાંખ્ય શાસ્ત્રનો આદિ કર્તા |
| જૈમનીય | ૨૦ : ૧ | જૈમિનિ મુનિએ સ્થાપેલું પૂર્વ-મીમાંસા દર્શન |
| તથાગત | ૨૦ : ૧ | બુદ્ધ |
| દર્શનનિર્ણય | ૨૦ : ૧ | "દર્શનનિર્ણય" નામનો ગ્રંથ |
| દ્વૈતવાદી | ૨૦ : ૩ | દ્વૈતવાદી, બે પદાર્થોને માનનાર |

| | | |
|---|---|---|
| ધનકુમાર–ધનવતી | ૨૨ : ૧ | નેમ–રાજુલનો પૂર્વભવ |
| નૈયાયિક | ૨૦ : ૧ | ગૌતમ મુનિના સ્થાપેલા દર્શનને માનનાર |
| પંચભૂતીયા | ૨૧ : ૩ | પાંચ ભૂતમાં માનનારા, ચાર્વાક |
| પ્રભાકર | ૨૦ : ૧ | જૈમિનીય દર્શનના એક ટીકાકાર, મીમાંસાની એક શાખાના પ્રવર્તક |
| પ્રવચનસારોધ્ધાર | ૮ : ૨ | આચાર્ય સિદ્ધસેનસૂરિ રચિત ગ્રંથ |
| બૌદ્ધ | ૨૦ : ૧ | બુદ્ધને માનનારા |
| ભાટ્ટાદિ | ૨૦ : ૧ | મીમાંસા દર્શનના ટીકાકાર કુમારિલ ભટ્ટ આદિએ પ્રવર્તાવેલ શાખાઓ |
| મહાનિશીથ | ૧૪ : ૪ | મહાનિશીથ, છેદ વિભાગનું એક આગમ |
| માધ્યમિક | ૨૦ : ૧ | શૂન્યવાદી, બૌદ્ધ દર્શનની એક શાખા |
| યોગાચાર | ૨૦ : ૧ | બૌદ્ધ દર્શનની એક શાખા, જે વિજ્ઞાનાદ્વૈતમાં માને છે. |
| વામાનંદન | ૨૩ : ૮ | વામા રાણીના પુત્ર, પાર્શ્વનાથ |
| વિંસ(શ)તિકાયાં | ૧૯ : ૨ | "વિંશતિવિંશિકા" એ નામના આચાર્ય હરિભદ્રસૂરિએ રચેલાં પુસ્તકમાં |
| વૈભાષિક | ૨૦ : ૧ | બૌદ્ધ દર્શનની એક શાખા, જે મૂળ સૂત્રની વિભાષાને મુખ્ય પ્રમાણ માનીને ચાલે છે |
| વૈશેષિક | ૨૦ : ૧ | કણાદ મુનિએ સ્થાપેલા દર્શનને માનનાર |
| શાકય | ૨૦ : ૧ | બુદ્ધને માનનારા |

| | | |
|---|---|---|
| શૂન્યવાદી | ૨૦ : ૧ | બૌદ્ધ દર્શનની માધ્યમિક શાખાને માનનાર |
| શ્રી વીતરાગસ્તોત્ર-પ્રકાશ | ૧૦ : ૪ | આચાર્ય હેમચંદ્રરચિત "વીતરાગ-સ્તોત્ર"ની "પ્રકાશ" નામની ટીકા |
| શ્રુતહીલનાધ્યયન | ૧૪ : ૪ | શ્રુતની નિંદા વિશેનું અધ્યયન (પ્રકરણ) |
| ષોડશક | ૨૦ : ૧ | હરિભદ્રસૂરિનો એક ગ્રંથ |
| સાંખ્ય | ૨૦ : ૧ | કપિલઋષિએ સ્થાપેલું દર્શન |
| સાંખ્યાદિકનઇં | ૨૦ : ૨ | સાંખ્ય મતને |
| સૌગત | ૨૦ : ૧ | સુગતને માનનારા–બૌદ્ધ |
| સૌત્રાંતિક | ૨૦ : ૧ | સૂત્રને પ્રમાણ માનનારા, બૌદ્ધ દર્શનની એક શાખાને માનનાર |
| સૌ(ધો)દન | ૨૦ : ૧ | શુદ્ધોદન-બુદ્ધ |

□

# લેખકની કૃતિઓ

☐ **નવલિકા-સંગ્રહ**

એકાન્તે કોલાહલ

☐ **વિવેચન**

શબ્દસંનિધિ

☐ **સંશોધન**

આનંદઘન : એક અધ્યયન

જ્ઞાનવિમલસૂરિકૃત સ્તબક

☐ **ચરિત્ર**

અપંગનાં ઓજસ

મહામાનવ શાસ્ત્રી

વીર રામમૂર્તિ

લાલ ગુલાબ

☐ **પત્રકારત્વ**

અખબારી લેખન

☆

□ પ્રૌઢ સાહિત્ય

બિરાદરી

મોતીની માળા

કેડે કટારી, ખભે ઢાલ

□ બાલસાહિત્ય

વતન, તારાં રતન

ડાહ્યો ડમરો

હૈયું નાનું, હિંમત મોટી

મોતને હાથતાળી

નાની ઉંમર, મોટું કામ

ઝબક દીવડી

બાલરામાયણ

સીતાહરણ

રામવનવાસ

વીર હનુમાન

ચાલો, પશુઓની દુનિયામાં ભા. ૧, ૨, ૩.

□ પ્રકાશ્ય

માટીએ ઘડ્યા માનવી

ઈંટ અને ઇમારત

☆

## • અભિપ્રાય •

## આનંદઘન : એક અધ્યયન

[ કિં. રૂ. ૩૦–૦૦ ]

શ્રી. કુમારપાળ દેસાઈના આ પુસ્તક દ્વારા સંશોધનનું કામ કેટલું કપરું છે અને એ કેટલી બધી ખંત સાથેની મહેનત માગે છે તે સહુ કોઈ સ્પષ્ટ કળી શકે એમ છે. સંશોધન એટલે શું ? સંશોધન કેટલો પરિશ્રમ માગે છે અને સંશોધકને કેટકેટલી માહિતીઓ આપવી પડે છે એ તમામ હકીકત આ પુસ્તક વાંચનારને હસ્તાકમલવત્ થઇ શકે તેમ છેઃ મૂળ પાઠ શુદ્ધ કરવો, તેનાં પાઠાંતરો મેળવવાં, મેળવેલ પાઠાંતરોમાંથી વિવેકપૂર્વક ગ્રાહ્ય પાઠાંતરોની પસંદગી કરવી વગેરે કાર્ય સંશોધકનું લોહી સૂકવી નાંખે એવું છે, એવો મારો જાત–અનુભવ છે.

લેખકનો સંશોધનપ્રેમ, વગર કંટાળે સંશોધનની પ્રવૃત્તિ અને જેટલી સામગ્રી સંશોધનની પોષક દેખાય તે બધી સામગ્રી આપવાની ખંત એ તમામ માટે "આનંદઘન : એક અધ્યયન" એ પુસ્તક પ્રત્યક્ષ પુરાવારૂપ છે.

જેઓ શ્રી આનંદઘનજી વિશે અભ્યાસ કરવા ઇચ્છતા હોય તેમને માટે વિચારોની દૃષ્ટિએ, ભાષાની દૃષ્ટિએ તથા શ્રી આનંદઘનજીની સમસમયી પરિસ્થિતિની અપેક્ષાએ, તેમના સમયના જૈન સંતો તથા અન્ય સંતોની માહિતીની અપેક્ષાએ વગેરે અનેક દૃષ્ટિએ આ પુસ્તકમાં ભરપૂર માહિતી આપેલ છે. સમગ્ર પુસ્તક વાંચતા મન ઉપર એવી છાપ પડે છે કે લેખકની સંશોધનશક્તિ ઘણી ઊંડાણ સુધી પહોંચેલ છે.

—પં. બેચરદાસ દોશી

આવરણ • નટવર સ્મૃતિ પ્રિન્ટર્સ • અમદાવાદ-૧ • ફોન • ૩૬૧૪૩૪